Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

વર્ષ : 33 ● અંક : ૨૨૦
તા.૧૬-૦૯-૨૦૧૭, શનિવાર
સંવત ૨૦૭૩ ભાદરવા વદ - ૧૧
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૨૮ સૂર્યાસ્ત : ૦૬:૪૨

તાપમાન
ડીસા ૩૬.૬
અમદાવાદ ૩૭.૨
ગાંધીનગર ૩૩.૫
વડોદરા ૩૬.૦
સુરત ૩૬.૬
નલિયા ૩૨.૭

ચાંદી : ૪૧,૦૦૦ સોનું : ૩૦,૫૦૦

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

રખેવાળ

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71 Facebook.com/rakhewal

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૭૩ વર્ષ...

પેટ્રોલિયમ પર એક દેશ એક ટેક્સની તૈયારી

પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં નોંધપાત્ર ઘટાડો થશે : જ્યાં વધુ ટેક્સ વસુલાત કરવામાં આવે છે તેવા રાજ્યોમાં કિંમતોમાં નોંધપાત્ર ઘટાડો થશે : નિષ્ણાતોનો અભિપ્રાય

નવીદિલ્હી

પેટ્રોલિયમ ગુડ્ઝની સમગ્ર દેશમાં એક સમાન કિંમતો રાખવાની દિશામાં મહત્વપૂર્ણ પહેલ થઇ ગઇ છે. રાજ્ય નેચરલ ગેસ ઉપર વેલ્યુએડેડ ટેક્સ રેટ પાંચ ટકા સુધી રાખવા અને મેન્યુફચરિંગ સેક્ટરમાં આ ઇનપુટના રુટમાં ઉપયોગ થનાર પેટ્રોલ, ડીઝલ જેવા ફ્યુઅલ ઉપર વેટ રેટ ઘટાડવા ઉપર સહમત થઇ ગયા છે. પેટ્રોલિયમ પ્રોડક્ટ પર સમગ્ર દેશમાં એક સમાન ટેક્સ વ્યવસ્થા રહેશે. આના પરિણામ સ્વરુપે ડીઝલ અને પેટ્રોલની કિંમતોમાં ઘટાડો થવાના સંકેત દેખાઈ રહ્યા છે. રાજ્યોમાં આની રુપરેખા બની ગયા બાદ જીએસટી કાઉન્સિલ આ સ્કીમ ઉપર વિચારણા કરશે. એક વરિષ્ઠ સરકારી અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે, કાઉન્સિલ આ પ્રસ્તાવ ઉપર અંતિમ નિર્ણય લેશે. સત્તાવાર સ્તર પર કેન્દ્ર અને રાજ્યો વચ્ચે ચર્ચા થઇ ચુકી છે. આનાથી પેટ્રોલ અને ડિઝલની કિંમતોમાં ઘટાડો થશે. ખાસ કરીને એવા રાજ્યોમાં આ ઘટાડો થશે જ્યાં વધારે પ્રમાણમાં ટેક્સની વસુલી કરવામાં આવે છે. કાઉન્સિલે આ પહેલા આ મુદ્દા ઉપર વિચારણા કરી હતી અને નક્કી કર્યું હતું કે, રાજ્ય આ સંદર્ભમાં જુદી જુદી સ્કીમો બનાવે. એક અન્ય સરકારી અધિકારીએ કહ્યું છે કે, મામલો હવે રાજ્યો પાસે પહોંચી ગયો છે. સ્કીમ બનાવીને કાઉન્સિલમાં મુકી દેવામાં આવી છે.

રાહુલ આગામી મહિના સુધી પાર્ટી પ્રમુખ બનશે

નવીદિલ્હી

કોંગ્રેસના વરિષ્ઠ નેતા એમ વિરપ્પા મોઇલીએ આજે કહ્યું હતું કે, આંતરિક ચૂંટણી પ્રક્રિયા હેઠળ રાહુલ ગાંધી પાર્ટી પ્રમુખ બની શકે છે. મોઇલીએ એવા સંકેત પણ આપ્યા હતા કે, રાહુલ ગાંધી આગામી મહિના સુધી કોંગ્રેસ અધ્યક્ષનો હોદ્દો સંભાળી શકે છે. ઇન્ટરનલ ચૂંટણી પ્રક્રિયા મારફતે પાર્ટી પ્રમુખ તરીકે તેમને જવાબદારી સોંપવામાં આવનાર છે. પૂર્વ કેન્દ્રીયમંત્રી વિરપ્પા મોઇલીના કહેવા મુજબ રાહુલ દ્વારા પાર્ટી અધ્યક્ષની જવાબદારી સંભાળવાની બાબત કોંગ્રેસ માટે ગેમચેન્જર તરીકે સાબિત થઇ શકે છે. મોઇલીએ ઉમેર્યું હતું કે, રાહુલ ટૂંક સમયમાં જ કોંગ્રેસ પ્રમુખ તરીકેની જવાબદારી સંભાળશે. પાર્ટી માટે આ બાબત ખુબ સારી રહેશે. સાથે સાથે દેશ માટે પણ આ બાબત ઉપયોગી રહેશે. મોઇલીએ ઉમેર્યું હતું કે, કોંગ્રેસમાં દરેક વ્યક્તિ વિચારે છે કે, હજુ સુધી આ બાબત ટાળવામાં આવી છે.

૧૬ મી સપ્ટેમ્બરે વડાપ્રધાન બે દિવસ ગુજરાત પ્રવાસે

નરેન્દ્રભાઈએ ક્યારેય નર્મદાને રાજકીય મુદ્દો નથી બનાવ્યો : ભુપેન્દ્ર સિંહ

જન્મ દિવસે વડાપ્રધાન ગુજરાતમાં નર્મદા યોજનાનું લોકાર્પણ કરશે

ગાંધીનગર

નર્મદા લોકાર્પણ કાર્યક્રમ ને ગણતરી નો સમય બાકી રહ્યો છે ત્યારે રાજ્ય સરકારે ગુજરાત ના આ ભવ્ય કાર્યક્રમ ને સફળ બનાવવા ની તમામ તૈયરીઓ પૂર્ણ કરી દેવા માં આવી હોવા ના અહેવાલ છે જ્યારે વડા પ્રધાન નરેન્દ્ર મોદી પણ ૧૬ તારીખે સાંજે ગાંધીનગર આવી પહોંચશે. અને રાત્રી રોકાણ બાદ તેઓ ૧૭ મી સપ્ટેમ્બરે સવારે ૯ કલાકે ડભોઇ ખાતે કાર્યક્રમ માં હાજરી આપી ઉપસ્થિત ૨ લાખ થી વધુ જન મેદની ને સંબોધિત કરવા માં આવશે તેમ કેબિનેટ મહેસુલ મંત્રી ભુપેન્દ્ર સિંહ ચુડાસમા એ જણાવ્યું છે. તો બીજીતરફ કોંગ્રેસ અને નર્મદા વિરધી તત્વો પર ભુપેન્દ્ર સિંહ ચુડાસમા એ આક્ષેપો કરતા આડે હાથ લેતા જણાવ્યું હતું કે. ભાજપ કે નરેન્દ્રભાઈ મોદી એ ક્યારેય નર્મદા ને રાજકીય મુદ્દો બનાવ્યો નથી. ૬૧ થી૮૭ વર્ષ સુંધી કોંગ્રેસ નું શાસન હતું..તો કેમ કામ આગળ ના વધ્યું કેન્દ્ર માં કોંગ્રેસ ની સરકાર હોવા છતાં. પોતાની સરકાર વાળા રાજ્યો ને સમજાવ વા માં કોંગ્રેસ કેમ નિષ્ફળ રહી. ૮૦.૩ મીટર થી૧૩૮ ની ઊંચાઈ. ભાજપ ની સરકારે કરી છે. કોંગ્રેસ જનતા ને હિસાબ આપે કે ૨૦૦૬ થી૨૦૧૭ સુધી કુલ માંડીને થયેલા. આ નુકસાન માટે માત્ર ને માત્ર કોંગ્રેસ જ જવાબદાર છે. કોંગ્રેસ ને હું આજે કોંગ્રેસ અને નર્મદા વિરોધીઓ ને મીડિયા થકી એમ પૂછું છું કે નર્મદા ડેમ ની ઊંચાઈ ની મંજૂરી આપ્યા પછી પણ કેમ સહયોગ ના કર્યો ?? ડેમ ની ઊંચાઈ વધારવા માટે થઈ ને ભૂતકાળ માં નરેન્દ્રભાઈ એ ઉપવાસ કરવા પડ્યા હતા. કોંગ્રેસના સાસન માં ઓછા માં ઓછા ગામડે ગામડે ટેન્કરો મોકલાવવા પડતા અને ટેન્કર રાજ ચાલતું હતું જેના કારણે બાળકો એ સ્કૂલ ની જગ્યા એ પાણી ભરવા લાઇન માં ઉભું રહેવુ પડતુ હતું.

વિચાર વૈભવ...

ગૌરવ- પ્રફુલ્લિત યૌવન

૧૯૨૯ ના જાન્યુઆરીમાં અમારી ગુજરાત કોલેજની મોટી હડતાલ આવી. એવામાં જ આચાર્યશ્રી કૃપાલાની વિદ્યાપીઠમાંથી છૂટા થઈને મેરઠ આશ્રમમાં પાછા જવાના હતા. અમને વિદ્યાર્થીઓને દોરવણી આપવા એમને થોડો વખત રોકાઈ જવા ગાંધીજીએ કહ્યું, કૃપાલાનીજીની એ વખતની કામગીરી પયંગબરી આવેશવાળી હતી. કોલેજના વિદ્યાર્થીઓ ઉપર એમની અજબ ભૂરકી હતી. નદીની રેતમાં રોજ સાંજે ભાષણો થતાં. આચાર્ય આવે, વિદ્યાર્થીઓ-વિદ્યાર્થીનીઓ વંટોળિયા પાછળ ઘસડાતાં આવતાં હોય એમ ધસ્યાં આવે, એક સાંજનું ભાષણ મને બરોબર યાદ છે. આચાર્ય કહેઃ "આઈ એમ એ કિંગ."- હું રાજા છું. અને અર્ધુ ચક્કર ફરી લીધું. બાબરી ઊછળી. વીંટળાઈને બેઠેલ અમારી સૌની તરફ હાથ કરી આગળ ચલાવ્યુંઃ "માય કિંગ્ડમ ઈઝ ઈન યોર હાર્ટ્સ."- મારું રાજ્ય છે તમારા સૌનાં હ્રદયમાં.

એ જમાનો જ જુદો હતો. આવા ઉદ્ગારો નર્યાં સત્ય લાગતા. ત્યારે એવો જમાનો હતો જ્યારે યૌવન પૂર્ણ ગૌરવમાં પ્રફુલ્લિત થઈ શકયું હતું. વર્ડ્ઝવર્થના શબ્દોમાં કહી શકાય કે-

Bliss was it in that
down to be alive,
But to be young was
very heaven !

- તે પરોઢે જીવતા હોવું,
પરમ આનંદ એ;
હોવું પરંતુ જુવાન, તે તો
સ્વર્ગસમ.

રાષ્ટ્રપ્રેમના - નવીનતર અભીપ્સાઓના મહાતરંગ ઉપર અમે ઉંચકાયેલા હતા. ભારતના ભવ્ય ભાગ્યવિધાનમાં આંતરિક રીતે સંકળાયેલા હોવાનું ભાન હતું. તમે આજની જુવાન પેઢીનાઓ પાછળ નજર કરીને આજના યુગને નિહાળશો ત્યારે, મને ખાતરી છે કે, તમે એક અત્યંત રસમય અને પડકારભર્યા જમાનામાં જીવ્યાનું ગૌરવ અનુભવશો.

ઉમાશંકર જોશી

સાર સમાચાર...

ડ્રાઇવિંગ લાયસન્સને પણ આધાર સાથે લિન્ક કરાશે

નવીદિલ્હ

આધાર કાર્ડને પેન કાર્ડ સાથે લિંક કરવામાં આવ્યા બાદ હવે સરકાર ડ્રાઈવિંગ લાયસન્સને પણ આનાથી લિંક કરવાની તૈયારી કરી રહી છે. શુક્રવારના દિવસે કેન્દ્રીય મંત્રી રવિશંકર પ્રસાદે કહ્યું હતું કે, ટૂંક સમયમાં જ ડ્રાઈવરોના લાયસન્સને પણ આધાર સાથે લિંક કરી દેવામાં આવશે. અલબત્ત હાલમાં કેન્દ્રીય મંત્રીએ આની કોઈ મર્યાદા નક્કી કરી નથી. યુનિક આઈડેન્ટી ફિકેશન નંબરને કયાં સુધી ડ્રાઈવિંગ લાયસન્સની સાથે લિંક કરવામાં આવશે તે અંગે કોઈ સમય મર્યાદા નક્કી કરવામાં આવી નથી. રવિશંકર પ્રસાદનું આધારના સંદર્ભમાં નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે સુપ્રીમ કોર્ટ આના ઉપર નિર્ણય કરવા જઈ રહી છે કે, આનાથી અંગતતાના અધિકારનો કોઈ ભંગ થાય છે કે કેમ. નવેમ્બરમાં કોર્ટ આ મામલામાં કોઈ નિર્ણય લઈ શકે છે.

ગતકડું....

- દેવન વ્યાસ



આપણી પુત્રવધુ આળસુ છે ને...? મોડું જમવા આપતી યાદ છે ? વાસ પણ મોડી મળશે. રાહ જુઓ...!!!

થરા માર્કેટયાર્ડ ખાતે મા નર્મદા રથયાત્રાનું રંગેચંગે સમાપન

જિલ્લામાં પુર વખતે સરકારે સાચી સંવેદન શિલતા દાખવી : શંકરભાઈ ચૌધરી

કિશોર પ્રજાપતિ

૫૦૦ બાઈક દ્વારા રથયાત્રાનું ઉલ્લાસભેર સ્વાગત

પ્રતિનિધિ થરા

ગુજરાતમાં ૬ થી ૧૫ સપ્ટેમ્બર માનર્મદા યાત્રાનું સમાપન કાંકરેજ તાલુકાના થરા માર્કેટયાર્ડ ખાતે ભવ્ય રીતે કરવામાં આવ્યું હતું સતત ૧૦ દિવસ સુધી તમામ ગામોમાં યાત્રા ફરી કાર્યક્રમની પુર્ણાહુતિ પ્રસંગે ગુજરાત સરકારના મંત્રી શંકરભાઈ ચૌધરી અને કેશાજી ચૌહાણ, ધારાસભ્ય પરબત ભાઈ પટેલ, જિલ્લા વિકાસ અધિકારી પાટણ સાંસદ લીલાધરભાઈ વાઘેલા, જિલ્લા પંચાયતના પ્રમુખ દિનેશભાઈ દવે, મહામંત્રી ભારતસિંહ ભટેસરીયા મગનસિંહ વાઘેલા અણદાભાઈ પટેલ, કિર્તીસિંહ વાઘેલાની ઉપસ્થિતિમાં ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો.

આ પ્રસંગે મંત્રી શંકરભાઈ ચૌધરીએ જણાવેલ કે ઘણા સમય પહેલાં કોંગ્રેસ તેરવાડા ગામમાં મશીનરી ખડકીને સડી ગઈ પણ કોઈજ કામ થયું હતું જેમાં બાવળ ઉગી નીકળ્યા હતા. જ્યારે દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી બનતાંજ નર્મદા યોજનાને પરીપૂર્ણ કરવા મંજુરી આપીને ગુજરાતના વિકાસના દ્વાર ખુલી ગયા ગુજરાતમાં ખાસ કરીને બનાસકાંઠામાં જ્યારે પૂર આવ્યું ત્યારે ગુજરાતની સંવેદનશીલ સરકારના મુખ્યમંત્રી રૂપાણીએ પાંચ દિવસ સુધી લોકો વચ્ચે રહી લોકોની સેવા કરી હતી. જ્યાં મકાનો રહેવા લાયક નથી ત્યાં ઘર તેમજ નવા ગામો વસાવવાની

અનુસંધાન પાના નં.૬

કોંગ્રેસમાં રાજકીય ભૂકંપ

પાલનપુર શહેર કૉંગ્રેસ પ્રમુખ સહિત ૨૬ હોદ્દેદારોના રાજીનામાં

જિલ્લા કૉંગ્રેસ પ્રમુખ અને ધારાસભ્યની મનમાની સામે રોષ : શહેર પ્રમુખને હટાવી જિલ્લા ઉપ પ્રમુખ બનાવતા સર્જાયો ભૂકંપ : ગતરોજ વડગામ બાદ આજે પાલનપુરમાં કૉંગ્રેસમાં કમઠાણ

પાલનપુર

આગામી વિધાનસભાની ચૂંટણી ક્ષિતિજે ડોકાઈ રહી છે. ત્યારે કૉંગ્રેસના ગઢ ગણાતા સરહદી બનાસકાંઠા જિલ્લા કૉંગ્રેસમાં રાજકીય ઘમાસણ શરૂ થઈ ગયું છે. ગતરોજ વડગામના ધારાસભ્ય મણિલાલ વાઘેલા પર ઈંડા ફેંકવાના સમાચારોની હજી શાહી પણ સુકાઈ નથી. ત્યારે આજે પાલનપુરના કૉંગ્રેસી ધારાસભ્ય અને જિલ્લા કૉંગ્રેસ પ્રમુખની મનમાની સામે વિરોધ જતાવતા પાલનપુર શહેર કૉંગ્રેસ પ્રમુખ સહિત ૨૬ હોદ્દેદારોએ રાજીનામાં ધરી દેતા રાજકીય ગલીયારાઓમાં ચકચાર મચી જવા પામી છે.

બનાસકાંઠા જિલ્લા કોંગ્રેસ સમિતિ
મહાત્મા ગાંધી ભવન

સંજય જોષી

પાલનપુર શહેર કૉંગ્રેસ પ્રમુખ મુકેશ ચૌહાણને શહેર પ્રમુખ પદેથી હટાવી દેવાયા છે. તેઓની જગ્યાએ શહેર પ્રમુખ પદે એડવોકેટ સુરેશ પટેલને પુનઃ મુકાયા છે. જ્યારે મુકેશ ચૌહાણ ને શહેર પ્રમુખપદેથી હટાવી જિલ્લા ઉપપ્રમુખ તરીકે મુકવામાં આવ્યા છે. જોકે, શહેર પ્રમુખ મુકેશ ચૌહાણએ આ ફેરબદલ સામે વિરોધ જતાવ્યો હતો. તેઓએ આ ઘટનાક્રમ પાછળ જિલ્લા કૉંગ્રેસ પ્રમુખ ઝાકિર ચૌહાણ અને પાલનપુરના કૉંગ્રેસી ધારાસભ્ય મહેશ પટેલનો દોરી સંચાર હોવાનું જણાવી આ બંને અગ્રણીઓની મનમાની

અનુસંધાન પાના નં.૬

ટિકિટ માંગતા ભોગ લેવાયો

પાલનપુર શહેર કૉંગ્રેસ પ્રમુખપદે થી રાજીનામું આપ્યું હોવાનો એકરાર કરતા મુકેશ ચૌહણએ જણાવ્યું હતું કે, મેં પણ વડગામ વિધાનસભાની ટિકિટ માંગી હતી. જેથી મારો ભોગ લેવાયો છે. હું જિલ્લા પ્રમુખ ઝાકિર ચૌહાણ અને ધારાસભ્ય મહેશ પટેલના રબ્બર સ્ટેમ્પ તરીકે વર્તતો ન હોઈ હું તેઓને નડતરરૂપ ન બનું તે માટે મને પ્રમુખપદેથી દૂર કરવામાં આવ્યો છે. જોકે, અગાઉ પાલનપુર પાલિકામાં અગાઉ કૉંગ્રેસની ૭ સીટ હતી. જ્યારે મારા પ્રમુખપદ બાદ ૨૧ સીટ આવી હતી. આમ છતાં અમારા જેવા કાર્યકરોનો ભોગ લેવાયો છે. તેઓએ પ્રમુખપદેથી રાજીનામાંનો પત્ર પ્રદેશ કૉંગ્રેસને મોકલી આપ્યો હોવાનું જણાવી કૉંગ્રેસના સામાન્ય કાર્યકર તરીકે કામ કરવાની પ્રતિબદ્ધતા વ્યકત કરી હતી.

અમીરગઢ પોલીસે લુંટારૂ ગરાસીયા ગેંગના ત્રણને ઝડપ્યા

લુંટના બે ગુનાનો ભેદ ગણતરીના કલાકોમાં ઉકેલાયો

પાલનપુર

અમીરગઢ હાઈ-વે ઉપર લૂંટ ચલાવનાર ગરાસીયા ગેંગના ત્રણ સભ્યોને પોલીસે ગણતરીના કલાકોમાં મુદ્દામાલ સાથે ઝડપી પાડી લૂંટ સહિત બે ગુનાનો ભેદ ઉકેલી દીધો હતો. રીઢા ગુનેગાર ઝડપાતા અન્ય ગુનાઓનો ભેદ પણ ઉકેલાવાની શક્યતા છે.

સંજય જોષી

મળતી વિગતો મુજબ અમીરગઢ હાઈ-વે ઉપર આવેલી સનરાઈઝ હોટલથી રાતના સુમારે ગુડ્ડીદે ગુરૂ રીયાદે અને કાળીદે ગુરૂ મનીષાદે ચાલતા આર.ટી.ઓ. ચેકપોસ્ટ ઉપર જતા હતા. તે દરમ્યાન બે બાઈક ઉપર આવેલા ચાર શખ્સોએ તેમને માર મારી રોકડા રૂા.૯૫૦૦ અને ચાંદીની ચેન (કિંમત.રૂા. ૨૫૦) લૂંટી લીધી હતી એટલું જ નહીં, હાઈ-વે ઉપર આવેલ પાન-બીડીના ગલ્લામાંથી પણ રોકડ અને સામાન મળી રૂા.૨૨,૧૦૦ ની લુંટ ચાલાવી ફરાર થઈ ગયા હતા. બનાવના પગલે પંથકમાં ભયનો માહોલ છવાયો છે, જેને ગંભીરતાથી લઈ જિલ્લા પોલીસ વડા નિરજકુમાર બડગુજરની સુચના અને ના.પોલીસ અધિક્ષક હેતલબેન પટેલ તથા સી.પી. આઈ(ડીસા)ના માર્ગદર્શન હેઠળ પી.એસ.

અનુસંધાન પાના નં.૬

આરોપીઓ રીઢા ગુનેગાર હોઈ વધુ ગુનાના ભેદ ઉકેલાશે

અમીરગઢના ખારી ગામે વિજળી પડતા ત્રણ વ્યક્તિ ઘાયલ : એકનું મોત

તા.પ્રતિ. અમીરગઢ

અમીરગઢ તાલુકાના ખારી ગામે સાંજના સુમારે વરસાદના ઝાપટા સાથે ચાર વ્યક્તિઓ પર વિજળી પડી હતી તેમાં (૧) મુંગળાભાઈ લાલાભાઈ ધ્રાંત - ૨૫ વર્ષ, લીબરીબેન મુંગળા ભાઈ ધ્રાંગી - ૨૦ વર્ષ (૩) રેખાબેન બાબુભાઈ ધ્રાંગી - ૧૦ વર્ષ ઘાયલ થયા હતા. જ્યાં અન્ય એક હરીભાઈ મુંગળાભાઈ ધ્રાંગી - ૧૫ વર્ષનું વિજળી પડવાથી મોત થયુ હતું અને ત્રણેય ઘાયલોને ૧૦૮ દ્વારા ઈ.એમ.ટી. ભાવીનભાઈ તથા પાયલોટ અરવિંદભાઈ દ્વારા વધુ સારવાર અર્થે અમીરગઢ સી.એચ.સી. માં લાવવમાં આવ્યા હતા. જ્યારે વધુ માહિતી અનુસાર ત્રણ કે ચાર બકરાનું પણ ઘટના સ્થળ પર મોત થયુ હતું.

ધાનેરાના કુવારલા સેજાના ગ્રામસેવક અને ઓપરેટર લાંચ લેતા પકડાયા

ખેતીમાં નુકશાનની રકમ વધારવા રૂા.૧.૩૦ લાખની માંગ કરાઈ હતી

પ્રતિનિધિ ધાનેરા

ધાનેરા તાલુકામાં પુર આવ્યા પછી પુર રાહતની કામગીરીમાં ભારે ગોલમાલની બુમરાડો વચ્ચે શુક્રવારે આ અંગે થયેલી ફરીયાદના આધારે જીલ્લા ની એ.સી.બી. ની ટીમે રૂા.૨૦ હજારની લાંચ લેતા મહીલા ગ્રામ સેવક તેમજ કોમ્પ્યુટર ઓપરેટરને રંગે હાથે ગંજબજારમાંથી ઝડપી પાડ્યા હતા.

ધાનેરા તાલુકામાં પુરના કારણે લોકોને ભારે નુકસાન વેઠવાના દિવસો આવ્યા હતા અને આ લોકોને નુકસાનમાં સહભાગી થવા માટે સરકાર દ્વારા સહાય આપવાની શરુઆત કરવામાં આવી હતી પરંતુ લોકોને સહાય આપવામાં પણ સરકારી અમલદારો અને કર્મચારીઓ દ્વારા ભાગ પડાવવામાં આવતો હોવાની બુમરાડ ઉઠવા પામી હતી અને આ બાબતે અગાઉ મુખ્યમંત્રીને પણ લેખીત રજુઆતો થવા પામી હતી. પરંતુ કોઈ ફરીયાદી બનવા તૈયાર નહોતા જેથી ખેડુતોને પશુ સહાયના ૪૦ હજારના ચેકમાં પણ બે હજાર રુપિયા તેમજ પાક નિષ્ફળમાં અને જમીન ધોવાણમાં

પણ તલાટીઓ અને ગ્રામ સેવકો દ્વારા ધુમ રુપિયા લેવામાં આવતા હતા. કહેવત છે કે પાપનો ઘડો જરુર ફુટે છે ત્યારે કુવારલા સેજાના ગ્રામ સેવક લતાબેન ગોવિંદભાઈ પ્રજાપતિ એ કુવારલા મગરાવા ગામના ખેડુત પ્રવીણભાઈ કરશનભાઈ પટેલ પાસે જમીન ધોવાણ ના સરકાર દ્વારા એક હેક્ટર દિઠ ૨૦ હજારની સહાય માટે ૧ ફોર્મના રૂા.૨૦૦૦ લેખે ૬૫ ફોર્મના ૧૩૦૦૦૦/- ની

અનુસંધાન પાના નં.૬

જાહેર હરાજી

આથી જાહેર જનતાને જાહેર હરાજી પ્રસિધ્ધ કરી જણાવીએ છીએ કે, માલસણ પ્રા. શાળા તા.વાવ (જિ.બ.કાં.) ની શાળાના કુલ રૂમ - ૭ જેમાં પતરાવાળા રૂમ - ૩, ધાબાવાળા રૂમ-૨, નળિયાવાળા રૂમ-૧ ના તમામ કાટમાળના માલસામાનની જાહેર હરાજી તા.૨૨/૯/૧૭ ના રોજ સવારે ૯/૩૦ કલાકે નીચેના સ્થળ અને સરનામે રાખવામાં આવેલ છે. રસ ધરાવતી પાર્ટીએ નિયત કરેલા સ્થળ અને સમયે હાજર રહેવું. હરાજીની શરતો અને બોલીઓ સ્થળ પર વાંચી સંભળાવવામાં આવશે.

નોંધ : જાહેર હરાજીનો માલસામાન ખરીદનાર પાર્ટીએ જગ્યાને સમથળ (ચોખ્ખી) કરી આપવાની જવાબદારી રહેશે.

સ્થળ : માલસણ પ્રા.શાળા, તા.વાવ, જિ.બ.કાં.
આચાર્ય : કીર્તિભાઈ રૂપશીભાઈ પ્રજાપતિ
સરપંચ : શીવાંબેન વનાભાઈ પટેલ (મો.૯૭૨૬૦ ૪૯૧૩૮)
S.M.C. અધ્યક્ષ : શીવરામભાઈ રતનશીભાઈ પટેલ

સૂર્યોદય - ૬.૨૮ સૂર્યાસ્ત - ૭.૪૨

તિથિદર્શન

ભાદરવા વદ-૧૧ શનિવાર ૨૦૭૩

૬ ગુ.		૪રા.શુ.
૭	૫ લ.સુ.બુ. મં.	૩
૮ શ.		૨
૯	૧૧ ચં.	૧
૧૦ કે.		૧૨

વિક્રમ સંવત : ૨૦૭૩, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૩ ભાદરવા વદ : અગિયારસ શનિવાર નક્ષત્ર :પુષ્ય રાત્રે ૧.૦૬ પછી આશ્લેષા યોગ :પરીઘ કરણ:કૌલવ આજે જન્મેલા બાળકની રાશી કર્ક (ડ.હ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

ચિંતન

- સુરેશ પ્રા.ભટ્ટ

યત્ર નાસ્તિ દધિ મન્ય ઘોષો, યત્ર નો હિ લઘવ:
શિશશ્ચ, યત્ર નાસ્તિ ગુરુ ગૌરવ પૂજા, તાનિ કિં
બત ગૃહાણિવનાનિ, ન વિપ્ર પાદો દકંપંક
ગર્જતાનિ સ્વાહાશ્વ સ્વધાકાર વિવર્જિતાનિ,
સ્મશાન તુલ્યાનિ ગૃહાણિ તાનિ

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ 'ગૃહસ્થાશ્રમ' વિષયમાંથી આ બે શ્લોક લેવામાં આવ્યા છે. 'ઘર' કોને કહેવાય એ અહીં કહેવામાં આવ્યું છે: (૧) 'જે ઘરમાં વહેલી સવારે દહીં વલોવવનો વલોણાનો અવાજ આવ્યો ન હોય, નાનાં બાળકોનાં રડવા- કલબલાટનો અવાજ આવતો ન હોય, જ્યાં ગુરુજનોનાં આરતી- પૂજન- સ્તુતિપાઠ ન થતાં હોય એ ઘર, ઘર નથી વેરાન છે.' (૨) જ્યાં વિદ્વાન બ્રાહ્મણોના પગ ધોવાથી આંગણાં ભીના ન થયાં હોય, જે ઘરમાંથી વેદપાઠ, મંત્રો, સ્તુતિ- ભજનોના ધ્વનિ ગુંજતા ન હોય, જ્યાં 'સ્વાહા' અને 'સ્વધા' અગ્નિદેવની પત્નીઓને હવ્યના દ્રવ્યથી હવન ન થતા હોય, મંત્રધ્વનિ ગાજતા ન હોય તે ઘર સ્મશાન જેવું લાગે છે. આજે શહેરોમાં આ વાતાવરણ રહ્યું નથી. ગૃહલક્ષ્મીઓ જ બપોરે નવ વાગ્યે ઊઠે, પછી 'માંગલિક' નો પ્રશ્ન જ રહેતો નથી. આજે રેડિયો- ટીવી, ટેપરેકર્ડર દ્વારા વહેલી સવારના મંગલ- પ્રભાતનું સર્જન કરવું હોય તો કરી શકાય પણ રાત્રે બાર- એક વાગ્યે સૂનારાંના નસીબમાં વો દિન કહાં...?!

આપની આજ

- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

મેષ : (અ.લ.ઈ.) અગત્યની કામગીરીમાં સફળતા મળે. અકારણ ખર્ચના ભોગ બનવું પડે.

વૃષભ : (બ.વ.ઉ.) પુરૂષાર્થનું શુભ ફળ પામી શકો. વિરોધી વર્ગને પીછેહટ કરવી પડે.

મિથુન : (ક.છ.ઘ.) તમારી આશાઓ ફળતી લાગે. નાણાંકીય વ્યવહાર જળવાઇ રહે.

કર્ક : (ડ.હ.) આવેલ તકનો સદ્‌ઉપયોગ કરી લેજો. યાત્રા-મુસાફરી થાય.

સિંહ : (મ.ટ.) આર્થિક પ્રશ્નોનો ઉકેલ આણી શકો. આરોગ્ય અંગે કાળજી રાખવી.

કન્યા : (પ.ઠ.ણ.) મિત્રોની મદદ મળી રહે. અણધાર્યો ધન લાભ થાય.

તુલા : (ર.ત.) ધીરજ રાખવી હિતાવહ. સંતાનવર્ગથી લાભ થાય.

વૃશ્ચિક : (ન.ય.) નવું નાણાંકીય રોકાણ ન કરવું. જીવનસાથીથી લાભ રહે.

ધન : (ભ.ફ.ધ.) કાર્યક્ષેત્રમાં અણધાર્યો લાભ મળે. હિતશત્રુઓથી સાવધ રહેવું.

મકર : (ખ.જ.) તમારા પ્રયત્નો દિપી ઉઠે, સામાજિક કાર્યમાં સફળતા મળે.

કુંભ : (ગ.શ.સ.) પ્રવાસ-મુસાફરી ટાળવી હિતાવહ. મધ્યમ દિવસ વ્યતિત થાય.

મીન : (દ.ચ.જ.થ.) મહત્વના સંબંધો અણધાર્યો લાભ આપી જાય. મનની મૂંઝવણ દૂર થાય.

આજનો દિન મહાન

- યશવંત કડીકર

'ગુજરાતી સાહિત્યમાં જેમનું શ્રેષ્ઠ પ્રદાન છે એવા કવિ કૃષ્ણલાલ શ્રીધરાણીની જન્મજયંતી છે. તેમનો જન્મ ૧૬-૯-૧૯૧૧ ના ભાવનગરમાં થયો હતો. ગુજરાતી સાહિત્યમાં તેમનું મુખ્ય પ્રદાન કવિતા અને નાટકના ક્ષેત્રે છે. ૨૩-૭-૧૯૬૦ ના રોજ એમનું અવસાન થયું.

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ
માનવમંદિર, ડીસા. ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસ:- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.

ISO 9001:2008 CERTIFIED
ઈન્વેસ્ટમેન્ટ પોઈન્ટ
Stock Market Trend
RNI No. : GUJGUJ / 2010 / 35414
www.Investmentpoint.in
+91 99793 80808

નિફ્ટી ફ્યુચર ૧૦૧૭૩ પોઈન્ટ સ્ટ્રોંગ સપોર્ટ...!!!

તા ૧૫.૦૯.૨૦૧૭ ના રોજ નિફ્ટી ફ્યુચર બંધ ભાવ (૧૦૦૯૫) :- આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૧૦૧૪૭ પોઈન્ટના પ્રથમ અને ૧૦૧૭૩ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીગ સંદર્ભે ૯૯૯૦ પોઈન્ટ થી ૯૯૭૩ પોઈન્ટ, ૯૯૬૦ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૧૦૧૭૩ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી...!!

તેજી સંદર્ભે ખરીદવાલાયક સ્ટોક ધ્યાને લઈએ તો...

૧) મહિન્દ્રા - મહિન્દ્રા (૧૨૯૨) :- ઓટો ગ્રુપની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૨૭૭ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૨૬૦ સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૩૦૯ થી રૂ.૧૩૧૭ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૧૩૩૦ ઉપર તેજી તરફી ધ્યાન...!!!

૨) એશિયન પેઈન્ટ (૧૨૪૯) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૨૨૭ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૧૨૦૯ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૧૨૭૩ થી રૂ.૧૨૮૦ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!

૩) ઇન્ફોસિસ (૯૦૯) :- રૂ.૮૬૮ પ્રથમ તેમજ રૂ.૮૫૩ ના બીજા સપોટ-'થી ટેક્નોલોજી સેક્ટરનો રોકાણલક્ષી રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૯૨૩ થી રૂ.૯૩૦ સુધીની તેજી તરફી રુખ નોધાવશે....!!

૪) રિલાયન્સ ઇન્ડ. (૮૪૫) :- રિફાઇનરી સેક્ટરના આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીગલક્ષી રૂ.૮૬૮ થી રૂ.૮૮૦ ના ભાવની સંભાવના ધરાવે છે.!! રૂ.૮૧૮ નો સ્ટોપલોસ ધ્યાને લેવો........!!

૫) ગ્લેનમાર્ક ફાર્મા (૬૦૨) :- રૂ.૧ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૫૭૩ ના સ્ટોપલોસ આસપાસ રોકાણલક્ષી ખરીદવાલાયક ..!! ફાર્મા સેક્ટરના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૬૧૯ થી રૂ.૬૨૬ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ......!!

મંદી સંદર્ભે વેચાણલાયક સ્ટોક ધ્યાને લઈએ તો...

૧) ACC સિમેન્ટ (૧૮૨૫) :- ટેકનીકલ ચાર્ટ મુજબ સિમેન્ટ સેક્ટરનો આ સ્ટોક રૂ.૧૮૪૮ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૧૮૦૩ થી રૂ.૧૭૮૭ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીગલક્ષી રૂ.૧૮૬૦ સ્ટોપલોસ ધ્યાને લેવો....!!

૨) લાર્સેન લિ. (૧૨૧૨) :- રૂ.૧૨૨૭ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૨૪૦ ના સ્ટોપલોસે વેચવાલાયક ....!! તબક્કાવાર રૂ.૧૧૯૭ થી રૂ.૧૧૮૮ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૧૨૫૭ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!

૩) લ્યુપિન લિ. (૧૦૦૬) :- ફાર્મા સેક્ટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૧૦૩૭ ના સ્ટોપલોસથી વેચાણ લાયક ...!! પ્રત્યાઘાટી ઘટાડે રૂ.૯૮૯ થી રૂ.૯૭૩ ના ભાવની આસપાસ નફો બુક કરવો....!!

૪) ઓરબિન્દો ફાર્મા (૭૫૮) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ફાર્મા સેક્ટરનો આ સ્ટોક રૂ.૭૭૩ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૭૩૩ થી રૂ.૭૧૯ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીગલક્ષી રૂ.૭૮૦ સ્ટોપલોસ ધ્યાને લેવો......!!

૫) સન ફાર્મા (૫૧૮) :- રૂ.૫૩૦ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૫૪૪ ના સ્ટોપલોસે વેચવાલાયક ....!! તબક્કાવાર રૂ.૪૯૬ થી રૂ.૪૮૭ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૫૫૫ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!

ખાસ નોંધ : - ડિસ્કલેમર / પોલીસી / શરતો WWW.INVESTMENTPOINT.IN ને આધીન...!!

૨૫ મી વર્ષગાંઠ નિમિત્તે...

થરા કોલેજ ખાતે પોલીસ જવાનો દ્વારા સાયકલ રેલી રૂપે સ્વચ્છતાનો સંદેશ

તાલુકા પ્રતિ. થરા

કેન્દ્રીય રીઝર્વ પોલીસ દળ (આર.એ.એફ.) ની સ્થાપનાની ૨૫ મી વર્ષગાંઠ નિમિત્તે સરદાર બોર્ડર પોસ્ટ ભૂજ (ગુજરાત) થી ઈન્ડિયા ગેટ (નવી દિલ્હી) ૨૦ પુરુષ જવાન અને ૦૫ મહિલાઓ મળી ૨૫ સાયકલીસ્ટ ટુકડી સ્વચ્છતાનો સંદેશ લઈને ૧૩૫૪ કિ.મી.ની સાયકલ રેલી ૧૦ મી સપ્ટે- ૨૦૧૭ થી શરૂ કરેલ. જેમાં ગઈકાલે કાંકરેજ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ- થરા ખાતે ડે. કમાન્ડન્ટ કલ્યાણસિંગની આગેવાની હેઠળ ૨૫ સાયકલીસ્ટ અને અન્ય વહીવટી આરોગ્યની ટીમ સાથે આવી પહોંચ્યા ત્યારે કોલેજના પ્રિન્સીપાલ પ્રા. સુરેશભાઈ ઠક્કર, પ્રા.દેવેન્દ્રસિંહ ઝાલા, પ્રા.જયંતભાઈ, પ્રા.એમ.ડી. પટેલ, હોમગાર્ડ સબ ઈન્સ. (પાટણ) એલ.એચ.વ્યાસ, યશપાલસિંહ વાઘેલા સહિત કોલેજ સ્ટાફ કોલેજીયન ભાઈ-બહેનો દ્વારા ઉષ્માભેર સ્વાગત કર્યું હતું. ડે.કમાન્ડન્ટ કલ્યાણસિંહ, ડૉ.રાજેશ ગુપ્તા (એસ.એમ.ઓ), મનોજ આસી. કમાન્ડન્ટ, સબ ઈન્સ. શ્રીકાંત શર્મા સહિત આરએએફના જવાનોના ઉત્સાહભેર સ્વચ્છતા અભિયાનથી કોલેજ યુવક યુવતીઓ પ્રભાવિત થયા હતા ને સ્વચ્છતાના શપથ ગ્રહણ કર્યા હતા. આ સાયકલ રેલી આજે ડીસા(ગુજરાત) થી રાજસ્થાનમાં ૭૭ કિ.મી.નું અંતર કાપીને આબુરોડ ખાતે પહોંચશે. તા. ૨૯/૯/૨૦૧૭ ના ગુરુગ્રામ (હરિયાણા) થી નીકળી ૧૩૫૪ કિ.મી. યાત્રા દિલ્હી- ઈન્ડિયા ગેટ પહોંચી સમાપન કરશે. થરા કોલેજ ખાતે પ્રિન્સીપાલ પ્રા.સુરેશભાઈ ઠક્કરે જવાનોના ઉત્સાહથી વિદ્યાર્થીઓને અનોખી પ્રેરણા મળે છે તેમ જણાવેલ. ડે.કમાન્ડન્ટ કલ્યાણસિંહે સ્વચ્છતાના શપથ લેવડાવ્યા હતા. કાર્યક્રમનું સંચાલન સબ ઈન્સ.(આર.એ.એફ) શ્રીકાંત શર્માએ કર્યું હતું. ૨૦ દિવસીય સાયકલ રેલી અભિયાન દરમ્યાન પોસ્ટર, બેનર, ફિલ્મોના માધ્યમથી લોકોમાં શાંતિ, એકતા, સદ્‌ભાવના, અખંડિતતાની ભાવના, જાગૃતિના પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.

નેશનલ સાયન્સ ડ્રામા સ્પર્ધા યોજાઈ

પાલનપુર

ગુજકોસ્ટ- ગાંધીનગર પ્રેરિત જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર, પાલનપુર દ્વારા ૧૧/૦૯/૨૦૧૭ ના રોજ નેશનલ સાયન્સ ડ્રામા સ્પર્ધા યોજાઈ. જેમાં સ્વચ્છ ભારત, નદીઓનું શુધ્ધિકરણ, ડીજીટલ ઈન્ડિયા, ગ્રીન એનર્જી વિષયો પર જિલ્લામાંથી આવેલ જુદી- જુદી શાળાઓના વિદ્યાર્થીઓએ ડ્રામા રજુ કર્યો હતો. જેમાં નિર્ણાયક તરીકે ગિરધારી ગેહાણી અને પંકજકુમાર લિંબાચીયા હાજર રહ્યા હતા. આ ડ્રામામાં જિલ્લા કક્ષાએ વિજેતા સર ભવાનસિંહ વિદ્યાલય, દાંતા ટીમ પ્રથમ સ્થાન અને એસ.કે.એમ. હાઈસ્કુલ, કાણોદર દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરેલ છે.

ભારતીય સંસ્કૃતિજ્ઞાન પરીક્ષા યોજાઈ

ડીસા

ડીસા તાલુકાના મુડેઠા પે.કેન્દ્રશાળામાં ગતરોજ ભારતીય સંસ્કૃતિજ્ઞાન પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. અખિલ વિશ્વ ગાયત્રી પરિવારના ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા વિભાગ દ્વારા સમગ્ર દેશમાં કુલ ૯ ભાષામાં આ પરીક્ષાનું આયોજન કરવામાં આવે છે ત્યારે સમગ્ર ગુજરાતમાં પણ ગુજરાતી ભાષામાં આ પરીક્ષા લેવામાં આવે છે. ત્યારે મુડેઠા પે.કેન્દ્ર શાળામાં યોજાયેલ ભારતીય સંસ્કૃતિજ્ઞાન શાળાના બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાં ધોરણ ૫ થી ૮ ના વર્ગોના બાળકો પરીક્ષામાં બેઠા હતા. શાળાના આચાર્ય હિરેનભાઈ પુરોહિત સહિત શાળાના શિક્ષકોમાં સાગરભાઈ દેસાઈ, અર્જુનસિંહ પરમાર, ચિરાગભાઈ ગેલોત, દિલીપસિંહ ચૌહાણ, અસ્ફાક એ.થરાદરા, વિજયભાઈ પરમાર, વિશ્વાસકુમાર દવે, મફતલાલ દેસાઈ વગેરે શિક્ષકોએ ખુબ સારી જહેમત ઉઠાવી હતી.

વાવમાં નર્મદા રથનું સામૈયા સાથે સ્વાગત

વિષ્ણુ પરમાર

તાલુકા પ્રતિનિધિ વાવ

ગત તા. ૧૫/૯/૧૭ ના રોજ બપોરે ૧/૩૦ કલાકે વાવ ખાતે નર્મદા મૈયાના રથનું આગમન થતાં ગામલોકોએ સંગીતના નાદ અને સામૈયા સાથે ભવ્ય સ્વાગત કર્યું હતું. ત્યારબાદ નર્મદા મૈયાના રથની આરતી કરવામાં આવી હતી. પછી નર્મદા રથની સી.ડી. બતાવવામાં આવી હતી. જેમાં નર્મદાના નીરના આગમનથી આ પંથકમાં ખેતી- પશુપાલનના વ્યવસાયને વેગ મળ્યો છે. તેમજ આ સૂકાભઠ વિસ્તાર ધરાવતા એવા રણવિસ્તારમાં આર્થિક ક્રાંતિ આવી છે. આ વિસ્તારની જમીનના ૧ એકરના ભાવ માત્ર રૂા. ૫૦,૦૦૦/- બોલાતા હતા. જે નર્મદાના નીર આવતા પાંચ લાખથી વધુ બોલાઈ રહ્યા છે. સરહદી વિસ્તારનો ખેડુત પગભર બની જતાં આ વિસ્તાર વેગવંતો બની ગયો છે. દરેક ઋતુમાં ખેડુતો પાક મેળવી શકે છે. આમ મા નર્મદાના નીરથી સરહદી પંથકમાં પશુપાલન અને ખેતીના વ્યવસાયને વેગ મળતાં આર્થિક ક્રાંતિ આવી છે. જે પ્રસંગે ભાજપ પાર્ટીના અગ્રણી મિત્રો, કાર્યકર મિત્રો, ગ્રામજનો, પત્રકારમિત્રો હાજર રહ્યા હતા.

ડીસા કોલેજના ખેલાડીઓનું ઉત્કૃષ્ટ પ્રદર્શન

ભરત સુંદેશા

ડીસા

તાજેતરમાં ગુજરાત સરકાર આયોજીત ખેલ મહાકુંભ-૨૦૧૭ માં દર વર્ષની જેમ આ વર્ષે પણ ડીસા કોલેજના ખેલાડીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરેલ છે જેમાં રઘુ વડવાસિયા ૮૦૦ મીટર દોડમાં પ્રથમ, પરમાર મહેશ ૩ કી.મી. દોડમાં પ્રથમ અને ૧૫૦૦ મીટર દોડમાં બીજો, પટણી દિનેશ ૨૦૦ મીટર દોડમાં પ્રથમ, ચંડીસરા પ્રહલાદ ૧૫૦૦ મીટર દોડમાં પ્રથમ, પરમાર કુંજન ચેસ રમતમાં બીજો તથા સોલંકી ક્રિષ્ણાબેન ૧૦૦/૨૦૦/૪૦૦ મીટર દોડમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ. વિજયી તમામ ખેલાડીઓ તથા તેમના કોચ ડો.આર.ડી. ચૌધરીને સંસ્થા પરિવારે બિરદાવ્યા હતા.

બનાસકાંઠા જિલ્લા દલિત સમાજના આગેવાનને અંજલિ

પ્રતિ. આસેડા

પીઠ આંબેડકરવાદી, દલિત ચળવળો અને આંદોલનોના મુખ્ય ધરોહર તેમજ સમાજના પ્રખર સુધારક, સાચા લોક સેવર અને દલિત સમાજના પથદર્શક દિવંગત રતિલાલ નાગરદાસ ઉમંગી તા.૨૬-૮-૨૦૧૭ ના રોજ નિર્વાણ પામેલ છે. તેમની યાદમાં બનાસકાંઠા જિલ્લા દલિત સમાજ દ્વારા પાલનપુર મંગલમ શાખા ખાતે શોક સભા રાખવામાં આવી હતી.

આ પ્રસંગે બનાસકાંઠા જિલ્લામાંથી દલિત સમાજના આગેવાનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા અને રતીભાઈ ઉમંગીએ બનાસકાંઠામાં કરેલા કાર્યોને દલિત સમાજના આગેવાનોએ યાદ કર્યા હતા અને તેમના કામોને યાદ કરી અને એમના અધુરા કાર્યો પૂર્ણ કરવા દલિત સમાજને આગળ આવવા જણાવ્યું હતું. રતિભાઈનું અવસાન થવાથી બનાસકાંઠા જિલ્લા દલિત સમાજમાં ઘેરો પ્રત્યાઘાત પડ્યા હતા. આ પ્રસંગે જિલ્લા પંચાયતના માજી પ્રમુખ વિજયભાઈ ચક્રવર્તી તથા ભોરલના સરપંચ મનોહરભાઈ પરમાર, મોહનભાઈ રાજ, બનાસકાંઠા જિલ્લા દલિત સેનાના પ્રમુખ બળદેવભાઈ પંડ્યા, બાબુભાઈ શ્રીમાળી (આસેડા), બનાસકાંઠા જિલ્લા ગુજરાત ગુરૂ બ્રાહ્મણ સમાજના પ્રમુખ અરવિંદભાઈ ચોરાસીયા, મંત્રી મોહનભાઈ શ્રીમાળી તથા જિલ્લા પંચાયતના સભ્ય બાળકૃષ્ણ જીરાલા તથા બાગી પાલનપુરી ગઝલકાર મુસાફરી પાલનપુરી, દિપકભાઈ ચાંદ્રેઠીયા, નટુભાઈ શ્રીમાળી ધાંણધા, પુરાભાઈ વારેચા, કાળુભાઈ પરમાર (સાબરડા), તથા બનાસકાંઠા જિલ્લાના દલિત સમાજના આગેવાનો ભાઈ બહેનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. આ શોક સભાનું સંચાલન હરિભાઈ શ્રીમાળી(ખોડલા) એ કર્યું હતું.

ધાનેરા - થરાદ રૂટની તમામ બસો બંધ

મુસાફરો અને વિદ્યાર્થીઓની રઝળપાટ

તા.પ્રતિ. ધાનેરા

ધાનેરા તાલુકાની નબળી નેતાગીરીના કારણે થરાદ ડેપો સંચાલિત લાખણી - વાયા થરાદ - ધાનેરા (સવારે-૯), થરાદ - વાયા - ડુવા - ધાનેરા (સવારે-૧૧), ધાનેરા - થરાદ (બપોરે-૧૨) ધાનેરા - રાધનપુર (બપોરે - ૧), વિસનગર - વાયા - ધાનેર - થરાદ (સાંજે ૫-૩૦) જેવી પૂરતા પેસેન્જરો ધરાવતી બસો આડેધડ બંધ કરી દેવાઈ છે. જેના કારણે મુસાફરો સાથે પાસ ધારક વિદ્યાર્થીઓ પણ રઝળી પડ્યા છે. એસ.ટી.નિગમમાં ડીસાના ડીરેક્ટર હોવા છતાં નિગમ દ્વારા મુસાફરોને હળાહળ અન્યાય કરાય છે.

જેના કારણે આ બંધ કરાયેલ બસો ફરી ચાલુ કરવાની માંગ ઉઠવા પામી છે.

ગાંધીનગરના દ્વારેથી ભાજપ દ્વારા ગૌરવ યાત્રાનો કરાશે પ્રારંભ

ગાંધીનગર

ગુજરાત વિધાનસભા ની ચૂંટણી ની તૈયારી ના ભાગ રૂપે ભાજપ દ્વારા તા ૧ થી ૧૫ ઓક્ટોમ્બર સુધી બે ગૌરવ યાત્રાઓ નીકળશે. જેમાં એક યાત્રા ના સારથી નાયબ મુખ્ય મંત્રી નીતિન ભાઈ બનશે.જ્યારે બીજી યાત્રા ના સારથી જીતુ ભાઈ વાઘાણી રહેશે. આ બન્ને યાત્રાઓ નો પ્રારંભ ગાંધી અને સરદાર ની જન્મ ભૂમિ થી નીકળશે . સરદાર પટેલ ની જન્મ ભૂમિ કરમસદ ખાતે થી નીતિન ભાઈ પટેલ અને ગાંધી ની જન્મ ભુમિ પોરબંદર ખાતે થી જીતુ ભાઈ વાઘાણી આ યાત્રા લાઈ ને નીકળશે. જયારે કરમસદ ની યાત્રા નો પરંભ ભાજપ ના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ કરાવશે. જયારે પોરબંદર ની યાત્રા નો પ્રારંભ મુખ્ય મંત્રી વિજય ભાઈ રૂપાણી કરાવશે. ૧૫ દિવસ સુધી ચાલનારી આ યાત્રા ૧૫૦ વિધાનસભા મત વિસ્તારો માં ફરશે. અને દરેક ગામ માં ગ્રામસભા કરવામાં આવશે. આ યાત્રા દરમિયાન ગુજરાત અને કેન્દ્ર સરકારની વિકાસ યોજનાઓ અને પ્રજાલક્ષી કામો નો પ્રચાર કરવામાં આવશે. તેમ જાણવા મળ્યું છે.

વિધાનસભાની તૈયારીઓના ભાગરૂપે ભાજપ દ્વારા ચૂંટણી નિરીક્ષકોની યાદી જાહેર



લક્ષ્મણપુરામાં દિવ્ય સત્સંગ-ભજન મેળાવડો યોજાયો

પાલનપુર

પાલનપુર તા.ના ધર્મશીલ ગામ લક્ષ્મણપુરા ગામે નિરાંત પંથ સંપ્રદાયના ભક્તોની વિશાળ ઉપસ્થિતિમાં ગુરૂશ્રી ગીરધારીબાપુ (શામળભાઈ પટેલ) અને જ્ઞાની અમૃતરામ મહારાજની નિશ્રામાં લક્ષ્મણપુરાના ધર્મપ્રિય મનવર પરિવારના ફાર્મ હાઉસમાં ભક્તિસભર ભજન- સત્સંગનો કાર્યક્રમ યોજાયેલ.

માનવ માત્રમાં રહેલી દિવ્ય દૈવી ચેતનાને જાગૃત કરી મહામૂલા માનવદેહ થકી સતકાર્યો કરતા રહી, માનવજીવનની સાર્થકતા સિધ્ધ કરવા અંગે મંચસ્થ બિરાજીત પૂ.ગુરૂ ગીરધારીબાપુ અને અમૃતરામ મહારાજે દિવ્ય અને સરળ વાણીથી બોધ કરેલ. બંને દિવ્યાત્માએ ભાવૈશેલીમાં ભજનોની રમઝટ બોલાવેલ ત્યારે ભક્તો નિજાનંદની મસ્તીમાં નાચી ઉઠ્યા જે દૃશ્ય બંગાલના પ્રભુ ચૈતન્ય, જુનાગઢના નરસિંહ મહેતા અને મેવાડની મીરાંના ભજન- ગાન- નાચની પ્રતિકૃતિ સમાન ભાસતા હતા. આ પ્રસંગે પાલનપુર તેમજ તાલુકાના ગામડાઓમાંથી સિધ્ધપુર, ડીસા, ચિત્રાસણી વગેરે જગ્યાએથી વિશાળ સંખ્યામાં ભક્તોએ હાજરી આપી, સત્સંગનો લ્હાવો લીધેલ. જુનાડીસા રહેતા ધર્માનુરાગી અને ગુજ. ગ્રામીણ પત્રકાર સંઘના પીઢ પત્રકાર રમેશભાઈ બી.મહેતાએ પોતાની સુંદર વાણી થકી આધ્યાત્મિક આનંદ વિષે મનનીય વક્તવ્ય કરેલ.

ગાંગલાસણ(સિધ્ધપુર) ના યોગેશભાઈ નરેશભાઈ (લક્ષ્મીપુરા), મુકેશભાઈ સાડીવાલા જેવા ભક્તોએ ભજનો ગાઈ રઢીયાળી રાતને ધર્મચાંદથી મઢી દીધી. જુનાડીસાના ગીરીશ પરમાર ખાસ ઉપસ્થિત રહેલ. મનવર પરિવારે યોજેલ આ ભજન સત્સંગ કાર્યક્રમને સફળ બનાવવા પરિવારજનો ગંગારામભાઈ, કાન્તિભાઈ, લક્ષ્મીચંદભાઈ, દેવચંદભાઈ તેમજ ખાસ મહિલા વર્ગે ખડેપગે સેવા કરી ચા- પાણી અને મિષ્ટ ભોજનની સુંદર વ્યવસ્થા ગોઠવેલ. કાર્યક્રમનું સંચાલન ભેમભાઈ પટેલે કર્યું હતું.

થરાદ કોલેજમાં ભારતવિકાસ પરિષદની રાષ્ટ્રીય સમુહ જ્ઞાન સ્પર્ધા યોજાઈ

વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

થરાદની સરકારી વાણિજ્ય અને વિનીયન કોલેજમાં ભારત વિકાસ પરિષદની થરાદ શાખા દ્વારા ગુરુવારની રાત્રે રાષ્ટ્રીય સમુહ જ્ઞાન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં પ્રાથમિક વિભાગની આઠ અને માધ્યમિકથી કોલેજની સાત મળીને પંદર ટીમોએ ભાગ લીધો હતો. દરમ્યાન સરહદી થરાદ વાવ તાલુકાના કલાકારોએ ગીતોની ઝમાવટ કરતાં શોર્યરસનો માહોલ ઉભો થવા પામ્યો હતો જેમાં પ્રાથમિક વિભાગમાં એમ.એસ. વિધામંદીર,જનતાહાઈસ્કુલ અને ગુરુકુળ વિધામંદીર જ્યારે માધ્યમિકમાં ઉ.બુ.વિધામંદીર નારોલી તથા જનતા હાઈસ્કુલ અને એમ.એસ.વિધામંદીરની ટીમો પ્રથમ ત્રણ ક્રમાંકે વિજેતા બની હતી.ભારત વિકાસ પરિષદ દ્વારા વિજેતા ટીમો તથા ભાગ લેનાર દરેક સ્પર્ધકને પ્રોત્સાહક ઈનામો આપવામાં આવ્યાં હતાં.જયારે પરિષદ દ્વારા કાર્યક્રમમાં માતબાર આર્થિક સખાવત આપનાર દાતાઓ ડૉ તિલક પ્રજાપતિ અને દેવીદાન ગઢવીનું સન્માન કરવામાં આવ્યું હતું.સ્પર્ધાના નિર્ણાયકો તરીકે સરહદી તાલુકાના લોકસાહિત્યનું હિર તગજીભાઈ બારોટ,કૃણાલ મેવાડા,અને શોભનાબેને ભુમીકા ભજવી હતી..કાર્યક્રમમાં બનાસબેંકના ડીરેક્ટર શૈલેષભાઈ પટેલ, માવજીભાઈ પટેલ,પાલિકાના સદસ્ય અજયભાઈ ઓઝા તથા બહોળી સંખ્યામાં શાળામહાશાળાઓના આચાર્યો વિધાર્થીઓ અને પરિષદના સહપરિવાર સદસ્યો ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમની શરૂઆતમાં કોલેજની બાળાઓએ સુંદર નૃત્ય કર્યું હતું.કાર્યક્રમનું સંચાલન ભારતવિકાસના પુર્વ પ્રમુખ સંજયભાઈ ત્રિવેદીએ કર્યું હતું.

અમીરગઢ ચેકપોસ્ટ પરથી રૂા.૧૪.૬૪ લાખનો વિદેશી દારૂ ઝડપાયો : બે ની ધરપકડ

પાલનપુર

રાજસ્થાનના ભીલવાડાથી કન્ટેનરમાં ગેરકાયદેસર દારૂની હેરાફેરી બનાસકાંઠા તરફ કરાતી હોવાની બાતમીના આધારે જિલ્લા પોલીસ વડાની સુચનાથી અમીરગઢ પોલીસે કન્ટેનર રોકાવી તલાશી કરતાં તેમાંથી ૧૪.૬૪ લાખનો વિદેશી દારૂ તેમજ કુલ ૨૭.૨૫ લાખનો મુદ્દામાલ મળી આવ્યો હતો. આ દારૂ પાવડરના કટ્ટાની પાછળ ગુપ્તખાનું બનાવી સંતાડેલ હોવાનું જણાતાં પોલીસ પણ ચોકી ઉઠી હતી.

સમગ્ર વિગત મુજબ રાજસ્થાનના ભીલવાડા ખાતે આવેલ ઓમ ટ્રાન્સપોર્ટના કન્ટેનરમાં આસીંદ રાજસ્થાનની બીલ્ટી તથા ખુશી મીનરલ (રાજસ્થાન, ભીલવાડા)નું બીલ ધરાવતું કન્ટેનર રાજસ્થાનથી બનાસકાંઠા તરફ આવી રહ્યું હોવાની બાતમી બનાસકાંઠા એસ.પી.ને મળી હતી. અમીરગઢ બોર્ડર ચેકપોસ્ટ પર પોલીસે આ શંકાસ્પદ કન્ટેનરની તલાશી શરૂ કરતાં કન્ટેનરમાં પાવડરના કટ્ટા મળી આવ્યા, તેનું બીલ પણ રજુ કરાયું. પરંતુ પોલીસે સઘન તપાસ હાથ ધરતાં પાવડરના કટ્ટાની પાછળ એક ગુપ્તખાનું બનાવેલું હતુ. જેમાં બીલ વગરનો ગેરકાયદેસરનો વિદેશી દારૂ મળી આવતા પોલીસ પણ ચોકી ઉઠી હતી. પોલીસે રૂા.૧૪,૬૪ લાખના વિદેશી દારૂ નંગ - ૨૪૪ પેટી, કુલ બોટલ - ૨૯૨૮ સહિત

અનુસંધાન પાના નં.૬

અતિવૃષ્ટિના પુર પીડિતોને ન્યાય માટે ડીસામાં રેલી યોજાશે

ભડથ ગામે ૧૦૦થી વધુ ગામોના સરપંચ, ડેલીગેટોની બેઠક

ડીસા

બનાસકાંઠામાં આવેલા વિનાશક પુર અને અતિવૃષ્ટિમાં હજારો લોકોના મકાન, જમીન, ઢોર ઢાંખર તેમજ ઘરવખરી તણાઈ જતા લોકો બરબાદ થઈ ગયા છે પરંતુ સરકાર દ્વારા માત્ર કેશ ડૉલ્સ સિવાય હજુ અનેક પરિવારોને કોઈજ પ્રકારની સહાય ચુકવાઈ ન હોવાથી ૨૦ સપ્ટેમ્બરે ડીસાના હવાઈ પિલ્લાર થી અસરગ્રસ્ત પીડિતોની વિશાળ રેલી યોજાશે.જે માટેની બેઠકમાં ડીસા તાલુકાના ભડથ ગામે ૧૦૦થી વધુ ગામોના સરપંચ અને ડેલીગેટો ઉપસ્થિત રહયા હતા.

બનાસકાંઠા જિલ્લા પુર અસર ગ્રસ્ત સમિતિ અને અખિલ ભારતીય ક્ષત્રિય મંચના પ્રમુખ બાદરસિંહ દાદુભા વાઘેલા દ્વારા પુર અસરગ્રસ્તોને ન્યાય અપાવવા ભડથ ગામે દરેક ગામોના સરપંચ,તાલુકા પંચાયત, જિલ્લા પંચાયતના સભ્યોની બેઠક યોજાઇ હતી. જેમાં મોટી સંખ્યામાં સરપંચો ડેલીગેટો એ ઉપસ્થિત રહી સરકારની પુર પીડિતો પ્રત્યેની નિષ્ઠુર લાગણી ની ટીકા કરી હતી.

આ પ્રસંગે બાદરસિંગ વાઘેલાએ જણાવ્યું હતું કે, હજારો અસરગ્રસ્તોને માત્ર કેશ ડૉલ્સ સિવાય કોઈ સહાય મળી નથી.લોકોના ઘરબાર તણાઈ ગયા છે.ઝૂંપડું બાંધીને રહેવા મજબુર છે પરંતુ અનેક રજુઆત કરવા છતાં સરકારના પેટનું પાણી હાલતું નથી.

અનુસંધાન પાના નં.૬

છાપી-વડગામમાં સમી સાંજે ધોધમાર વરસાદ

પોણો કલાકમાં અડધો ઈંચ વરસાદ

પ્રતિનિધિ છાપી

વડગામ તાલુકાના છાપી - વડગામમાં શુક્રવાર સાંજે ધોધમાર વરસાદ વરસતાં પોણો કલાકમાં અડધાથી એક ઈંચ વરસાદ વરસતાં સમગ્ર પંથકમાં ઠંડક પ્રસરી ગઈ હતી.

અસહ્ય ગરમી અને ઉકળાટ વચ્ચે શુક્રવાર બપોર બાદ એકાએક વરસાદી વાતાવરણ સર્જાવા સાથે અચાનક ધોધમાર વરસાદ વરસતા પોણા કલાકમાં અડધાથી એક ઈંચ વરસાદ ખાબક્યો હતો. છાપી તેમજ વડગામ પંથકમાં વરસાદને લઈ જનજીવન ઉપર માઠી અસર જોવા મળી હતી. અને ભાદરવામાં અષાઢી માહોલ બનતા લોકોને ગરમીમાં રાહત મળી હતી.

તંત્રની લાપરવાહી....



ભરત સુંદેશા

ડીસા પાટણ હાઈવે પર ડીસા રેલવે સ્ટેશન ચાર રસ્તા નજીક સરસ્વતી પાર્ક આગળ છેલ્લાં ઘણા સમયથી રોડનું કામ પૂર્ણ થયા બાદ રહી ગયેલો ખાડો વારંવાર જીવલેણ સાબિત થઈ રહ્યો છે. ત્યારે શુક્રવારે સાંજે આ જીવલેણ ખાડામાં જીપ ડાલું પલટયું હતું. જોકે જાનહાની થઈ નહતી. આ જીવલેણ ખાડા બાબતે અવાર નવાર નિર્દોષ વાહન ચાલકો અકસ્માતનો ભોગ બનતા હોઇ તત્રને રજુઆત કરાઈ હોવા છતાં કોઈ કાર્યવાહી ન કરાતા લોકોમાં તંત્ર વિરુદ્ધ કચવાટની લાગણી ફેલાઈ છે.

સાંકડી જગ્યાના લીધે...

વાવના સામુહિક આરોગ્ય કેન્દ્રમાં દર્દીઓને ભારે હાલાકી

આરોગ્ય કેન્દ્રનું નવું મકાન ઝડપી બનાવવાની માંગ : એક બેડની પથારીમાં બે દર્દીઓને બાટલા ચડે છે

વિષ્ણુ પરમાર

તા.પ્રતિ. વાવ

વાવના સામુહિક આરોગ્યના મકાનને પાડી રૂા.૩.૪૭ કરોડના ખર્ચે નવીન મકાન બની રહ્યું છે. જો કે આ મકાનને પાડીને સમથળ કરી દેવાયું છે અને આરોગ્યમંત્રીના હસ્તે બે માસ અગાઉ ખાતમુહુર્ત પણ કરી દેવાયું છે. હજુ નવીન મકાનના બાંધકામની કામગીરી શરૂ કરવામાં આવી નથી ત્યારે આવા રોગચાળાની વિકટ પરિસ્થિતિમાં વાવ રેફરલ હોસ્પિટલને બ્લોક તાલુકા હેલ્થ કચેરીના મકાનમાં કાર્યરત કરી દેવાયું છે. રોગચાળાની વિકટ પરિસ્થિતિમાં રોજીંદા ૩૦૦ થી વધુ ઓ.પી.ડી.કેસો નોંધાય છે. જેમાંથી ૧૦૦ થી વધુ કેસોને સારવાર માટે દાખલ કરવામાં આવે છે. ત્યારે સામુહિક આરોગ્ય કેન્દ્રના આ સાંકડા મકાનમાં માત્ર ૨૫ બેડની પથારી છે જેથી એક બેડમાં બે દર્દીઓને બાટલા ચડાવાય છે. વધુમાં ડ્રેસીંગરૂમ તેમજ જાહેર ચોકમાં અને બાંકડાઓ

વાઘોર નજીકથી ૯૬ હજારનો વિદેશી દારૂ ભરેલ સ્વીફ્ટ ઝડપાઇ

એલ.સી.બી.એ ૫.૯૬ લાખનો મુદ્દામાલ ઝડપ્યો, ચાલક ફરાર

ઈશ્વર રબારી

પ્રતિનિધિ દાંતીવાડા

દાંતીવાડા તાલુકાના વાઘોર નજીકથી જીલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચે શુક્રવારે વહેલી સવારે વિદેશી દારૂ ભરેલી સ્વીફ્ટ કાર ઝડપી પાડી હતી.જ્યારે ચાલક નાશી છૂટવામાં સફળ રહયો હતો.પોલીસે નાશી છૂટેલા ચાલક વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

પાંથાવાડા પોલીસ મથકના સૂત્રોના જણાવ્યા અનુસાર બનાસકાંઠા જીલ્લા પોલીસ વડા નિરજકુમાર બડગુજરની સૂચનાથી અને એલ.સી.બી.ઈન્ચાર્જ પી.આઈ.જે.એચ. સિંધવ માર્ગદર્શન હેઠળ સ્ટાફના ગણપતલાલ, નરેશભાઈ, દિગ્વિજયસિંહ, જયપાલસિંહ ની ટીમેં પાંથાવાડા પોલોસ મથક વિસ્તારના વાઘોર નજીકથી બાતમીના આધારે આવતી સ્વીફ્ટ ગાડી નંબર જીજે-૨૭-એક્ષ-૦૩૯૯ને ઝડપી પાડી અંદરથી રૂા.૯૬ હજારની કિંમતની વિદેશી દારૂની બોટલ નંગ-૮૬૪,તથા રૂા.પાંચ લાખની કાર મળી કુલ રૂા. ૫.૯૬ લાખનો મુદ્દામાલ ઝડપી પાડ્યો હતો. જ્યારે ચાલક નાશી છૂટવામાં સફળ રહયો હતો.મુદ્દામાલ પાંથાવાડા પોલીસ મથકે સોંપી નાશી છૂટેલા ચાલક વિરુદ્ધ પ્રોહીબીસન મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી.

ડીસામા ભાજપ મહિલા મોરચાની રેલી

સ્ત્રીઓ નો સામાજિક અને આર્થિક વિકાસ મુખ્ય લક્ષ : સાધ્વી નિર્મલપૂરીજી

ભરત સુંદેશા

ડીસા

ડીસા ખાતે ભાજપ મહિલા મોરચાની ગુજરાત મા ભાજપ સરકાર મા નારી ઊત્થાન ના ગૌરવ ને વધાવી રેલી કાઢવામા આવી હતી.જેમાં મોટી સંખ્યા મા બહેનો હાજર રહી હતી. ડીસા સાઈબાબા મંદિર થી નિકળેલ આ રેલીને બનાસકાંઠા જિલ્લા ભાજપ મહામંત્રી અમરતભાઇ દવે,ડીસા શહેર પ્રમુખ સંજયભાઇ બ્રહ્મભટ્ટ, તાલુકા ભાજપ પ્રમુખ લેબજી ભાઇ ઠાકોર, જિલ્લા બક્ષી મોર્ચા પ્રમુખ રમેશ દેલવાડીયા, મહામંત્રી ચેતનભાઇ ત્રિવેદી સહિત ના આગેવાનોએ પ્રસ્થાન કરાવ્યું હતું. રેલીનો મુખ્ય ઉદ્દેશ દેશ અને રાજયમા મહિલાઓ વધુને વધુ ક્ષેત્રમા આગળ આવે અને નારી ઉતથાનના સરકાર ના ઐતિહાસિક કદમ અને વિવિધ યોજનાઓનો લાભ લઇ આર્થિક ક્ષેત્રે પણ પગભર બને તેવો હોવાનું મહિલા આગેવાન સાધ્વી નિર્મલપુરીજીએ જણાવ્યું હતું.

આ રેલીએ શહેર ના રાજમાર્ગો પર ફરી ભાજપનો જયજયકાર કર્યો હતો અને સરદાર વલ્લભભાઇ પટેલ ,સ્વામી વિવેકાનંદજી તેમજ મહાત્મા ગાંધી ની પ્રતિમાઓને પુસ્પાંજલી અર્પણ કરી હતી.

વડગામ વિધાનસભાના પ્રભારી તરીકે નિમણૂંક

તા.પ્રતિ વડગામ

વડગામ વિધાનસભામાં ભાજપના પ્રભારી તરીકે બનાસબેંકના ડિરેક્ટર કેશરભાઈ જે.વાયડા (ચાંગા) ની નિમણૂંક થતાં વડગામ - પાલનપુર તાલુકા ભાજપમાં ખુશીની લહેર પ્રસરી છે. નવનિયુક્ત વડગામ વિધાનસભાના પ્રભારી કે.જે. વાયડાએ વડગામ તાલુકા ભાજપ સંગઠનના પાયાની ઈંટનું કામ કર્યું છે, વર્ષોથી પાર્ટીના કામ માટે સતત જાગૃત રહ્યા છે તેઓ અગાઉ વડગામ તાલુકા ભાજપના પ્રમુખ હતા તથા ચાંગા ગ્રા.પં.ના પૂર્વ સરપંચ છે તથા ગ્રામ્ય, તાલુકા, જિલ્લા રાજયસ્તરની અનેક સંસ્થાઓમાં ડિરેક્ટર સભ્યની જવાબદારી વહન કરી રહ્યા છે, જિલ્લા ભાજપમાં તેઓ મંત્રી છે. અને બનાસબેંકના ડિરેક્ટર છે.

ઉપરાંત તા. ભાજપ પ્રમુખ પ્રવિણસિંહ રાણા, જયેશભાઈ દવેને સહપ્રભારીની જવાબદારી સોંપવામાં આવી છે. ત્રણે મહાનુભાવોએ વડગામ વિધાનસભા ક્ષેત્રમાં બુથ લેવલ સુધી સંગઠનના કામના શ્રીગણેશ કર્યા છે.

દીઓદર વિધાનસભા યુથ કોંગ્રેસનું સંયુક્ત સંમેલન યોજાયું

(અશોક શેઠ)

તાલુકા પ્રતિનિધિ દીઓદર

દીઓદર વિધાનસભા યુથ કોંગ્રસ અને દીઓદર તાલુકા કોંગ્રેસનું સંયુક્ત સંમેલન તા.૧૫-૯-૧૭ને શુક્રવારના રોજ દીઓદર તાલુકાના ગાંગોલ ગામે ચૌધરી અલ્પેશભાઈ કાનજીભાઈના ફાર્મ હાઉસ ઉપર યોજાયેલ.

પ્રારંભમાં પધારેલા સૌ મહેમાનો દ્વારા દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવેલ. આ પ્રસંગે પધારેલા સૌ મહેમાનોનું શાલ અને સુતરની આંટી આપી સન્માન કરવામાં આવેલ. આ પ્રસંગે શીવાભાઈ ભુરીયાએ જણાવેલ કે દીઓદર તાલુકા યુથ કોંગ્રેસ વિધાનસભાનું સંમેલન આજરોજ ગાંગોલથી શરૂ કરેલ છે. આ પ્રસંગે તેમણે જણાવેલ કે આવનારી વિધાનસભાની ચુંટણીમાં કોંગ્રેસ જેને પણ ટીકીટ આપે તેને સૌ સાથ સહકારી આપી વિજેતા બનાવીએ અને તમામ લોકોને અત્યારથી કામે લાગી જવા હાકલ કરેલ.

અનુસંધાન પાના નં.૬

ડીસા- ભીલડી રોડ પર પોલીસે ટ્રેઈલર રોકવતાં અકસ્માત નડ્યો

પ્રતિ વડાવળ

ડીસા- ભીલડી રોડ પર પસાર થઈ રહેલા ટ્રેઈલરને પોલીસ કોન્સ્ટેબલે રોકવાનો પ્રયાસ કરતાં ટ્રેઈલર ચાલકે સ્ટીયરીંગ ગુમાવતા અકસ્માતનો બનાવ બન્યો હતો. જો કે સદનસીબે કોઈ જાનહાનિ થઈ નહોતી.

ડીસા ભીલડી રોડ પર કંડલા તરફ જઈ રહેલા એમપી ૩૩એચ૧૭૧૪ નંબરના ટ્રેઈલર ચાલકને બે પોલીસ કોન્સ્ટેબલે રોકવાનો પ્રયાસ કર્યો હતો અને ટ્રેઈલરના કાચ પર ડંડો મારતાં ટ્રેઈલર ચાલકે કાબુ ગુમાવતાં અકસ્માતનો બનાવ બન્યો હતો. જો કે સદનસીબે કોઈ જાનહાનિ થઈ નહોતી. પરંતુ, ટ્રેઈલરના કાચ તુટતાં ટ્રેઈલર ચાલક અને પોલીસ કોન્સ્ટેબલ વચ્ચે બોલાચાલી થતાં લોકો એકઠા થઈ ગયા હતા. ટ્રેઈલર ચાલકોની માનીએ તો પોલીસ જવાનો વારંવાર દંડકીય કાર્યવાહીની આડમાં ખોટી કનડગત કરતા હોય છે. જિલ્લા પોલીસ વડા આ મામલે યોગ્ય તપાસ કરે તેવી જનમાંગ ઉઠવા પામી છે.

પાલનપુરમાં શિક્ષક દિને દીઓદરની શાળા નં.૩ના શિક્ષકને શ્રેષ્ઠ પુરસ્કાર એનાયત

અશોક શેઠ

તાલુકા પ્રતિનિધિ દીઓદર

પાલનપુરમાં શિક્ષક દીનના રોજ ૨૧ શિક્ષકોનું સન્માન કરવામાં આવ્યું હતું.જેમાં દીઓદર પ્રા.શાળા નં.૩ના ઉ.શિ. હસમુખલાલ ડી. વાઘેલાને પ્રમાણપત્ર અને ચેક,શાલ ઓઢાડીને કેન્દ્રીય મંત્રી અને બ.કાં.ના સંસદ સભ્યશ્રી હરિભાઈ ચૌધરી તેમજ મંત્રી કેશાજી ચૌહાણના વરદ હસ્તે સન્માન કરવામાં આવેલ. આ પ્રસંગે એસ.એમ.સી.સભ્ય તેમજ શાળાના શિક્ષકો હાજર રહ્યા હતા.

મનમંદિર વિદ્યા સંકુલમાં શિક્ષક દિનની ઉજવણી

પાલનપુર

શ્રી માનવ કલ્યાણ ટ્રસ્ટ સંચાલિત શ્રી મનમંદિર વિદ્યાસંકુલમાં તા. ૦૫/૦૯/૧૭ ને મંગળવારના રોજ ડૉ.સર્વપલ્લી રાધાકૃષ્ણના જન્મદિન નિમિત્તે શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી.

શિક્ષક દિનની ઉજવણીના ભાગરૂપે શાળામાં પ્રાથમિક, માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિકના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. શરૂઆતમાં બાળશિક્ષકો દ્વારા પ્રાર્થનાનું આયોજન કરેલ અને દિવસ દરમિયાન શિક્ષણકાર્ય રસપ્રદ રીતે કરાવ્યું. દિવસના અંતમાં શાળાના આચાર્ય જીતુભાઈ દવે તથા સ્ટાફગણ અને બાળ શિક્ષકો દ્વારા તેમના પોતાના પ્રેરક પ્રસંગરૂપ તેમને પોતાના હાવભાવ રજુ કર્યા.

થરાદમાં નર્મદા મહોત્સવ યાત્રાની પુર્ણાહૂતી

ધારાસભ્ય દ્વારા માતાજીની આરતી સાથે ઠેર ઠેર સ્વાગત કરાયું

વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

થરાદ તાલુકાના બુઢણપુર ગામેથી મા નર્મદા મહોત્સવ યાત્રાનું થરાદના ધારાસભ્ય પરબતભાઈ પટેલના અધ્યક્ષસ્થાને પ્રસ્થાન થયું હતું.જે યાત્રા તા.૬/૯થી૧૫/૯સુધી તાલુકાના દરેક ગામોમાં ફરશે.બુધવારે નર્મદા મહોત્સવ યાત્રાની શુભ શરૂઆત તાલુકાના થઇ હતી.જેની શુક્રવારે પુર્ણહુતી થવા પામી હતી.

થરાદના ધારાસભ્ય પરબતભાઇ પટેલ સાથે ગત બુધવારે તાલુકાના બુઢણપુરથી નર્મદા મહોત્સવ યાત્રાનો પ્રારંભ થતાં ઠેરઠેર ગામોમાં યાત્રાનું ભવ્ય સ્વાગત કરાયું તથા મા નર્મદા ની આરતી ઉતારવામાં આવી હતી.આ યાત્રામાં પાણીપુરવઠા અને નર્મદા વિભાગના અધિકારીઓ સાથે થરાદ તાલુકા ભાજપના પ્રમુખ રૂપસીભાઇ પટેલ,મહામંત્રી મેવાભાઇ ખટાણા,પુર્વ કોષાધ્યક્ષ ઓખાભાઇ પટેલ,એડવોકેટ હરેશભાઇ તથા સરપંચ,તલાટી તેમજ બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.શુક્રવારે બે રથ સાથે થરાદ તાલુકાના ૧૬ જેટલા ગામોમાં પરિભ્રમણ બાદ યાત્રાનું કાંકરેજના થરા મુકામે સમાપન થયું હતું.

યાત્રામાં થરાદના ધારાસભ્ય પરબતભાઇ પટેલે થરાદ તાલુકાની મધ્યમાંથી પસાર થતી નર્મદાની નહેરપુર્વેના એકાંતરા વર્ષના દુષ્કાળને યાદ કરી

અનુસંધાન પાના નં.૬

આસોદર ગામે "નર્મદારથ મહોત્સવ"નો સત્કાર સમારંભ યોજાયો

શ્રવણ સાધુ

પ્રતિનિધિ આસોદર

થરાદ તાલુકાના આસોદર મુકામે તા.૧૪/૯/૧૭ ના રોજ "નર્મદારથ મહોત્સવ"નો સત્કાર સમારંભ બ.કાં. જિ. પંચાયત ના પ્રમુખદિનેશભાઈ દવે, શિ. સ.ચેરમેન બાબરભાઈ પટેલ તથા તેજભાઈ ભુરિયા (પ્રમુખ માર્કેટયાર્ડ લાખણી) કરશન ભાઈ પઢાર (ડી.પી.ઓ પાલનપુર), ટી.પી.રાજપૂત, નાનજીભાઈ ટી.પટેલની અધ્યક્ષતામાં યોજાઈ ગયો.

જેમાં આસોદર ગામના સરપંચ સગથાભાઈ પટેલ તેમજ પૂર્વ સરપંચ નાગજીભાઈ પટેલ અને પરખાભાઈ બી. પટેલ

અનુસંધાન પાના નં.૬

બનાસકાંઠા જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.,
બનાસ ડેરી,પો.બો.નં.૨૦,પાલનપુર-૩૮૫૦૦૧.
ફોન નં.(૦૨૭૪૨) ૨૫૩૮૮૧ થી ૨૫૩૮૮૫

તા.૧૫.૦૯.૨૦૧૭

દૂધ પરિવહન ઈજારો આપવાનો છે

અંદર અને બહારથી સ્ટેનલેસ સ્ટીલ વાળા ઈન્સ્યુલેટેડ કરેલ તેમજ સરકારશ્રીના નિયમો પ્રમાણેની કેપેસીટી મુજબના ટાંકા વાળા, સને ૨૦૧૦ અને તે પછીના મોડેલના દૂધના ટેન્કર ધરાવનાર ઈસમોને ખબર આપવામાં આવે છે કે, તા.૦૧-૧૧-૨૦૧૭ થી તા.૩૧-૧૦-૨૦૧૮ સુધીના સમય માટે બનાસ ડેરી સંચાલિત દૂધ શીત કેન્દ્રો ઉપરથી મુખ્ય ડેરી પાલનપુર ખાતે તથા અમુલફેડડેરી ગાંધીનગર કે ગુજરાત રાજયના કોઈ પણ સ્થળો અને ગુજરાત બહાર, દેશના કોઈ પણ સ્થળો સુધી દૂધ પરિવહન કરવાની કામગીરીનો ઈજારો આપવા માટેના ટેન્ડરો મંગાવવામાં આવે છે.

ઉપરોક્ત કામગીરીના ટેન્ડરો રૂા.૫૦૦/- (નોન રીફંડેબલ) જમા કરાવી, વાહનના સાધનીક કાગળો વહીવટ વિભાગમાં બતાવેથી, ટેન્ડર ફોર્મ અને તેની શરતો સહિત જાહેરાત પ્રસિધ્ધ થયેથી, તા.૨૯-૦૯-૨૦૧૭ના ૧૩-૦૦ કલાક સુધી (રજાના દિવસો સિવાય) મળી શકશે. નવિન વાહન ખરીદી ઈજારામાં મૂકવા રસ ધરાવનાર પાર્ટી પણ ટેન્ડર ફોર્મ ભરી શકશે. ટેન્ડર અર્નેસ્ટમની રૂા.૧૦,૦૦૦/- (અંકે રૂપિયા દશ હજાર પુરા) ટેન્ડર દીઠ બેન્કર્સ ચેક અથવા ડીમાન્ડ ડ્રાફ્ટ દ્વારા જમા કરાવી, તેની રસીદ સાથે બંધ કવરમાં ભરેલા ટેન્ડર ફોર્મ તા.૨૯-૦૯-૨૦૧૭ના ૧૩-૩૦ કલાક સુધીમાં વહીવટ વિભાગમાં રજૂ કરવાના રહેશે. મળેલ ટેન્ડર તે જ દિવસે ૧૫-૩૦ કલાકે ખોલવામાં આવશે.
ટેન્ડર મંજુર યા નામંજુર કરવાનો અધિકાર સંઘના ઈન્ચાર્જ મેનેજીંગ ડીરેકટરશ્રીને અબાધિત રહેશે.

ઈન્ચાર્જ મેનેજીંગ ડીરેકટર

ન.પાનસેસ/પવડી/૧૭૦૫/૨૦૧૭-૧૮

નગરસેવાસદન
પાલનપુર
તા.૧૫-૦૯-૨૦૧૭

પાલનપુર નગરપાલિકા
''ઓન લાઇન''
'' જાહેર ટેન્ડર (૨૦૧૭-૧૮)''

ચીફ ઓફિસરશ્રી - પાલનપુર નગરપાલિકા - પાલનપુર પીન કોર્ડ નં.૩૮૫૦૦૧ ફોન નં.૦૨૭૪૨-૨૫૭૩૯૨ ની કચેરીએથી ઓન લાઇન ટેન્ડર પાલનપુર નગરપાલિકા વિસ્તારમાં ૧૪ માં નાણાપંચ યોજના હેઠળ પેવર રોડ રીસરફેસીગ તથા ભુગર્ભ યોજના અંતર્ગત રોડ રીસરફેસીગના કામ માટે સરકારશ્રીના માન્ય યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ ઇજારેદાર પાસેથી ઓન લાઇન ટેન્ડર મંગાવવામાં આવે છે. વિગતવાર નોટીસ વેબ સાઇડ http:nprocure.com ઉપર જોઇ શકાશે અને ડાઉન લોડ કરી શકાશે. આ કામોની વિગત નોટીસ બોર્ડ ઉપર તા.૧૭-૦૯-૨૦૧૭ થી જોઇ શકાશે આ કામની વધુ વિગતો કામકાજના દિવસો દરમ્યાન ઉપરોક્ત કચેરીનો સંપર્ક સાધવાથી મળી રહેશે.

અ.નં.	કામની વિગત ૧) ડાઉન લોડ કરવાની છેલ્લી તા.૨૬-૦૯-૨૦૧૭ રાખવામાં આવેલ છે. ૨) આર.પી.એ.ડી.થી. ડોક્યુમેન્ટ પહોંચતા કરાવવાની છેલ્લી તારીખ ૨૭-૦૯-૨૦૧૭ બપોરે ૧૨:૦૦ કલાક સુધી ૩) ટેન્ડર ખોલવાની છેલ્લી તા.૨૮-૦૯-૨૦૧૭ રાખવામાં આવેલ છે.	૧) અંદાજી રકમ ૨) બાનાની રકમ ૩) ટેન્ડર ફી ૪) કેટેગરી
૧	પેકેજ - ૧	૧) રૂા.૪૭૧૪૬૫૫/- ૨) રૂા.૪૭૧૫૦/- ૪) રૂા.૧૫૦૦/-
૨	પેકેજ - ૨	૧) રૂા.૪૫૫૯૦૨૯/- ૨) રૂા.૪૫૫૯૦/- ૪) રૂા.૧૫૦૦/-
૩	પેકેજ - ૩	૧) રૂા.૪૭૧૫૮૮૫/- ૨) રૂા.૪૭૧૬૦/- ૪) રૂા.૧૫૦૦/-
૪	પેકેજ - ૪	૧) રૂા.૪૨૮૭૨૦૯/- ૨) રૂા.૪૨૮૮૦/- ૪) રૂા.૧૫૦૦/-
૫	પેકેજ - ૫	૧) રૂા.૪૩૬૬૦૬૩/- ૨) રૂા.૪૩૬૬૦/- ૪) રૂા.૧૫૦૦/-
૬	પેકેજ - ૬	૧) રૂા.૪૦૨૬૫૭૮/- ૨) રૂા.૪૦૨૭૦/- ૪) રૂા.૧૫૦૦/-
૭	પેકેજ - ૭	૧) રૂા.૨૭૮૨૦૧૨/- ૨) રૂા.૨૭૮૨૦/- ૪) રૂા.૧૫૦૦/-
૮	પેકેજ - ૮	૧) રૂા.૨૩૩૪૫૭૮/- ૨) રૂા.૨૪૦૦૦/- ૪) રૂા.૯૦૦/-

- ગ્રાન્ટ ઉપલબ્ધ થશે તે મુજબ ન.પા.દ્વારા બીલની ચુકવણી થશે તે બાબતે કોઇપણ પત્ર વ્યવહાર કરવો નહિ.
- સરકારશ્રીના કોઇપણ વિભાગ દ્વારા, સ્થાનિક સ્વરાજની સંસ્થા દ્વારા બ્લેકલીસ્ટ કરેલ ઇજારદારે ટેન્ડર ભરવા નહિ.
- કોઇપણ કારણ આપ્યા સિવાય ટેન્ડર મંજુર/નામંજુર કરવાની સત્તા પાલનપુર નગરપાલિકાની રહેશે.

(પંકજભાઇ બારોટ)
મુખ્ય અધિકારી

(દશરથસિંહ જે. સોલંકી)
ચેરમેન, બાંધકામ સમિતિ

(પાર્થસારથી ડી. પરમાર)
ચેરમેન, ભુગર્ભ સમિતિ

(અશોકભાઇ બી. ઠાકોર)
ઉપપ્રમુખ

(નિલમબેન એસ. જાની)
પ્રમુખ

પાલનપુર નગરપાલિકા

તંત્રી સ્થાનેથી ...

જ્યાં સાહસ છે, ત્યાં સિધ્ધિ છે...

રાજકીય સ્તરની ગેરરીતિની ઉચ્ચસ્તરે તપાસ જરૂરી

દેશમાં કેટલાક નેતાઓની અપ્રમાણસર સંપત્તિના અનેક કેસો ચાલે છે, ત્યારે હજુ સુધી ભાગ્યે જ કોઈને દંડ કે સજા થઈ હશે. માત્ર તપાસ ચલાવવામાં જ સમય પસાર થતો રહે છે. તામિલનાડુના પૂર્વ મુખ્યમંત્રી જયલલીતાને વધુ મિલ્કત સંબંધે જેલ થઈ હતી પરંતુ તેઓ પાછળથી જેલ મુક્ત થયા હતા. જો કે હરિયાણાના ચૌટાલા હજી જેલમાં છે, રાજકીય નેતાઓની ગેરરીતિની તપાસમાં મોટા ભાગે રાજકીય પક્ષોના નેતાઓ ‘‘આવ ભાઈ હરખા આપણે સૌ સરખા’’ જેવા છે, વિરોધ પક્ષમાં હોય અને ચૂંટણી આવે ત્યારે ગેરરીતીની ખોટી બૂમો પાડવી અને સત્તામાં આવ્યા બાદ બધું જ ભૂલી જવું એ તમામ પક્ષોની નીતિ રહી છે.

વર્તમાન સમયમાં દેશમાં રાજનેતાઓની સંપત્તિ પાંચ વર્ષના બે ચૂંટણી ગાળામાં અઢળક વધી જતી હોય છે. કોઈ ઉદ્યોગપતિ કે રાતદિવસ મજુરી કરનાર શ્રમ જીવીને મધ્યમ વર્ગના માણસની સંપત્તિ નેતાઓની જેમ એકદમ વધી જતી નથી.

થોડા સમય પહેલાં મધ્યપ્રદેશમાં આવા અધિકારીઓના અનેક કિસ્સા જાહેરમાં આવ્યા હતા. ક્યારેક અધિકારીઓ અને નેતાઓની મીલીભગત પણ હોય છે, અધિકારીઓ સામે નેતાઓનું પાણી માપી લેતા હોય છે. અને પોતાના હિસ્સાની ગોઠવણ કરી લેતા હોય છે. ગત લોકસભાની ચૂંટણી પૂર્વે આણ્ણા હજારેના આંદોલન બાદ સર્વાનુમતે લોકપાલ બિલ પસાર કરવામાં આવ્યું હતું. પણ દુર્ભાગ્યે દેશને હજુ સુધી લોકપાલ મળ્યા નથી. મુખ્ય કારણ એવું મનાય છે કે સંસદમાં વિપક્ષી નેતા નથી. એટલે નિયમ મુજબ લોકપાલની નિમણુંક કેવી રીતે કરવી! પોતાના માટે પગાર, ભથ્થાં, પેન્શન, સર્વાનુમતે ઠરાવ કરીને ચર્ચા કે મતભેદ વિના મેળવી લેતાં દેશના લોકપ્રતિનિધિઓ લોકપાલ નિયુક્તિ બાબતે શા માટે એક સૂર ઉઠાવતા નહિં હોય? જાણે કે લોકપાલ કોઈને ખપતો ન હોય તેવું જણાય છે.

વર્તમાન સંજોગોમાં ક્યારેક કોઈ નેતાને ગેરરીતિના કેસમાં સજા થાય છે પરંતુ તેની અપીલોની પ્રક્રિયા સર્વોચ્ચ અદાલત સુધી ચાલતી હોય છે. વ્યક્તિ અપીલમાં ગયો હોવાથી એક અદાલતે સજા ફટકારી હોવા છતાં અંતિમ ચૂકાદો ન આવે ત્યાં સુધી તેને હોદ્દા પરથી દૂર કરી શકાતો નથી. વળી આશ્ચર્યની વાત તો એ છે કે રાજકીય પક્ષો આવી વ્યક્તિને પુનઃ ચૂંટણીમાં ઉતારતા હોય છે. નૈતિક ધોરણ જેવું કંઈ જણાતું જ નથી.

લોકસભાની ચૂંટણી પહેલાં ભાજપ માટે કોંગ્રેસના કૌભાંડોનો મુખ્ય મુદ્દો હતો. જાણે નવી સરકાર આવ્યા પછી કૌભાંડો(ગેરરીતિ)નો અંત આવી જશે પરંતુ ચૂંટણી બાદ જૈસે થે જેવી સ્થિતિ જોવા મળી છે. યુપીએ સરકારના અબજોની ગેરરીતિના આંકડા અપાયા હતા. પરંતુ ચૂંટણી બાદ કંઈ થયું નહિં.. જે રાજકારણીઓએ ગેરરીતિ આચરીને દેશની જનતાના નાણાં વિદેશી બેન્કોમાં જમા કરાવ્યા તે પરત લાવવાની મોટી ગર્જનાઓ ચૂંટણી સમયે થઈ હતી. આજે બધું જ હવાઈ ગયું છે. પનામા પેપર્સ અંગે પાકિસ્તાન જેવા ભ્રષ્ટ દેશના વડાપ્રધાનને ઘર ભેગા થવું પડ્યું. જ્યારે ભારતમાં પનામા પ્રકરણમાં બધું ભીનું સંકેલાઈ ગયું?

એકવાર સરદાર પટેલે કહ્યું હતું કે શહેરની ગંદકી સાફ કરવી સહેલી છે. પરંતુ રાજકારણની ગંદકી સાફ કરવામાં રાતની ઊંઘ પણ હરામ થઈ જાય છે. ખરેખર તો રાજકીય ગંદકી સાફ કરવાની ઝુંબેશ ચલાવવાની જરૂર જણાય છે.

અમદાવાદી પૂજા બગૂલ દ્વારા અંગ્રેજી ભાષામાં લેખિત પુસ્તક‘જસ્ટ અસ’નું વિમોચન

Pooja Bagul

અમદાવાદ

આઈટી વ્યવસાય સાથે સંકળાયેલ અમદાવાદી ગર્લ પૂજા બગૂલ દ્વારા અંગ્રેજી ભાષામાં લખાયેલઅને વિ પબ્લિશર્સ દ્વારા પ્રકાશિત લવ-સ્ટોરી પર આધારિત પુસ્તક ‘જસ્ટ અસ’નું શહેરના એસ.જી.હાઈવે સ્થિત લા વિડા – ધટ્રાવેલ કાફે ખાતે વિમોચન કરવામાં આવ્યું.‘જસ્ટ અસ’ એવી એક પ્રેમ કથા છે જેના બે પાત્રો સુહાની અને રાહુલ આખી કથાના મુખ્ય સૂત્રધાર છે. આ બન્ને પાત્રો કથાને અનેકઉતાર-ચઢાવ વચ્ચે આગળ લઈ જઈ ખૂબ જ રોમાંચક અને લાગણીસભર બનાવે છે.પોતાના પુસ્તકના વિમોચન પ્રંસગે પૂજા બગૂલે જણાવ્યું, ‘‘આજનો દિવસ મારા માટે ખૂબ જ યાદગાર બની રહેશે કારણકે આજે મારા દ્વારા લખાયેલ પ્રથમ પુસ્તક ‘જસ્ટ અસ’નું વિમોચન કરવામાં આવ્યું અને આજે મારો જન્મદિવસ પણ છે.આ પુસ્તક લખવા માટે મારા પરિવાર અને મિત્રો તરફથી ખૂબ જ પ્રોત્સાહન મળ્યું છે. આજેમારૂ સ્વપ્ન પૂર્ણ થઈ રહ્યું છે.’’આ પુસ્તક વિમોચનની સાથે અન્ય આંતરરાષ્ટ્રીય મંચ જેવા કે એપલ, એમેઝોન, કોબો, બુકમોંક્સ અને અન્ય ઘણા બધા મંચ પર ઈ-બુક સ્વરૂપે ઉપલબ્ધ છે.

આત્મચિંતન

આત્મસંતોષ અને આત્મસન્માન

આત્મ સન્માનનો આધાર બીજાઓને સન્માન આપવામાં છે.ઘુમ્મટવાળા મકાનમાં પડતા પડઘાને કારણે આપણેને તેવો જ અવાજ સાંભળવા મળે છે, જેવો આપણે બોલ્યા હતા. જો ગાળ આપીએ તો ગાળ અને ભજન ગાઈએ તો ભજન તે ઘુમ્મટવાળા મકાનના પડદાના રૂપમાં બેવડાય છે.દર્પણમાં આપણને પોતાનું જ પ્રતિબિંબ જોવા મળે છે.પોતાનો ચહેરો જેવો હોય છે તેવુ પ્રતિબિંબ દેખાય છે.આ સંસારનો વ્યવહાર ઘુમ્મટવાળા મકાન કે દર્પણ જેવો છે.જો આપણે બીજાઓને સન્માન આપીએ તો બદલામાં આપણને સન્માન મળે છે.આપણા મનમાં જો બીજાઓ પ્રત્યે પ્રેમ અને આત્મીયતા હશે તો બદલામાં સામેથી પણ આપણને એ જ બધું મળશે.બીજા લોકોના વ્યવહારથી આપણને સંતોષ અને સન્માન પ્રાપ્ત થાય એવી દરેકની ઈચ્છા રહે છે.પરંતુ તે એ ભુલી જાય છે કે એ પ્રાપ્ત કરવાને માટે આપણે શુ કરવું જોઈએ.મુલ્ય ચુકવ્યા વિના આપણને સંસારમાં કોઈ વસ્તુ મળતી નથી.પછી પરમાનંદ અને તૃપ્તિ આપતી આ વિભુતિઓ પણ આપણને આનાયાસે કેવી રીતે મળી શકે ? પોતાનું આચરણ સુધારવા માટે તૈયાર રહીએ.તો કોઈ કારણ નથી કે આત્મસંતોષ કે આત્મસન્માન આપણને પ્રાપ્ત ન થાય અને આત્માને તૃપ્તિની તથા પ્રફુલ્લતાની પરિપૂર્ણ અનુભુતિનો આનંદ ન મળે.. **ગાયત્રી શક્તિપીઠ,ડીસા**

‘રખેવાળ’ ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.

રાજકમલ બેકર્સ અને પ્રફુલ મીઠાઈ ઘર આ વર્ષ ના 'કમાની બેકરી ચેલેન્જ' માં નવીનતા અને આરોગ્યતા ની શ્રેણીમાં વિજેતા ઘોષિત થયા

અમદાવાદ

ભારતના અગ્રણી વિશિષ્ટ તેલ ઉત્પાદક, એએકે કમાની પ્રાઈવેટ લિમિટેડએ કમાની બેકરી ચેલેન્જ ની ચૌથી આવૃત્તિ અમદાવાદ માં યોજવી હતી અને તેને જબરદસ્ત પ્રતિસાદ મળ્યો તથા જેમાં અમદાવાદ શેહર ની ટોચ બેકરીઓએ ભાગ લીધો હતો. આ વર્ષ, 'બેસ્ટ હેલ્થી કુકી' ની શ્રેણી માં પ્રફુલ મીઠાઈ ઘર ને પહેલો ઈનામ મળ્યો જયારે બીજો ઈનામ સુરત ની જય અંબે બેકરી ને મળ્યો. 'બેસ્ટ ઈનોવેટિવ કૂકીં' શ્રેણી માં રાજકમલ બેકર્સ વિજેતા રહી અને બીજા નંબર પર યુઆર ચોઈસ પ્રોડક્ટ્સ પ્રાઈવેટ લિમિટેડ રહી. એક વિશેષ શ્રેણીમાં પણ એવોર્ડ આપવા માં આવ્યા હતા - 'શેફસ ચોઈસ સ્વર્ડ', જેમાં માનનીય શેફ બંને નવીનતા અને આરોગ્યતાના આધાર પર એવોર્ડ આપે છે. આ વર્ષ એ 'બેસ્ટ હેલ્થી કુકી' એવોર્ડ એકતા બેકરી ને મળ્યો જયારે 'બેસ્ટ ઈન્નોવેટીવ કુકી' નો એવોર્ડ ન્યુ મોડર્ન બેકરી ને મળ્યો. આ ઈવેન્ટ ની સફળતા પર એએકે કમાની પ્રાઈવેટ લિમિટેડ ના સેલ્સ અને માર્કેટિંગ ઉપપ્રમુખ, શ્રી અરુણ ઈન્નોવેટીવ કુકી' નો એવોર્ડ ન્યુ મોડર્ન બેકરી ને મળ્યો. આ અવસર ની શોભા વધારનાર માનનીય જજ ની પેનલ માં અમદાવાદની નોવોટેલના એક્ઝેક્યુટીવ શેફ - રાકેશ પ્રસાદ, રેડિસન બ્લુ હોટેલના એજઝેક્યુટીવ શેફ - શેફ ચેતક ગોયલ અને ધ ઉમ્મેદ હોટેલના શેફ કપિલ રાણા હતા. નામાંકન કરેલી વાનગીઓ ને જજ દ્વારા સ્વાદ, રચના, ડિઝાઈન, બનાવવા ની રીત, આરોગ્ય અને નવીનતા ના આધાર પર નક્કી કરવા માં આવી હતી. તેઓએ દરેક શ્રેણીમાં એક વાનગી પસંદ કરી હતી જે સ્વાદ, રચના અને સુગંધમાં ઉત્તમ હતી અને તેને 'શેફસ ચોઈસ પ્રોડક્ટ' નો ઈનામ આપવા માં આવ્યો હતો.

ઈન્ડિયા જાપાન એન્યુઅલ સમિટ પ્રસંગે માનનીય પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને જાપાનનાં પ્રધાનમંત્રી શિન્ઝો એબે દ્વારા સુઝુકી મોટર ગુજરાત પ્રાઈવેટ લિમિટેડની વ્હિકલ મેન્યુફેકચરિંગ ફેસિલિટી અને લિથિયમ લોન બેટરી મેન્યુફેકચરિંગ ફેસિલિટીનું હાંસલપુર ખાતે અનાવરણ કરવામાં આવ્યું હતું.

ઈરફાન ખાન ફિલ્મ ‘હિન્દી મીડિયમ’ની સાથે લઈ જશે તમને હાસ્યસભર મજેદાર પ્રવાસ પર

અમદાવાદ

‘ઈંગ્લિશ ઈઝ ઈન્ડિયા એન્ડ ઈન્ડિયા ઈઝ ઈંગ્લિશ’, આ કહેવું છે ત્રસ્ત રાજ બત્રાનું જે પોતાના બાળકોનું એડમીશન ઈંગ્લિશ મીડિયમની એક પૉશ સ્કૂલમાં કરાવવા ચાહે છે. હિન્દુસ્તાનીઓના મન ઈંગ્લિશને લઈને કેવીરીતે ગ્રસ્ત છે, આ વાતને સફળતાની સાથે દેખાડતી આ ફિલ્મ ‘હિન્દી મીડિયમ’ને હિન્દુસ્તાનની મુખ્ય હિન્દી મૂવી ચેનલ સોની મેક્સ પોતાના દર્શકો માટે આના વર્લ્ડ ટેલીવિઝન પ્રીમિયર રૂપે રજૂ કરી રહી છે, ૨૩મી સપ્ટેમ્બર, શનિવારે, રાત્રે ૮:૦૦ કલાકે. આ ફિલ્મનું ડાયરેક્શન કર્યુ છે જાણીતા દિગ્દર્શક સાકેત ચૌધરીએ. મુખ્ય ભૂમિકાઓમાં છે ઈરફાન ખાન, સબા કબાર અને દીપક ડોબરિયાલ. વાર્તા રાજ બત્રા અને તેની પત્ની મીતા (સબા)ની છે. રાજ બત્રા (ઈરફાન ખાન) સમૃદ્ધ વેપારી છે. તેની દુકાન સારી ચાલે છે, જેમાં તે નવાથી નવા ડિઝાઈનર લેંઘા વેચાવનો બિઝનેસ કરે છે. મીતા હાઉસ વાઈફ છે. આ લોકો દિલ્લીના ચાંદની ચોક વિસ્તારમાં રહે છે. આની સુખી જિંદગીમાં મુશ્કેલી ત્યારે શરૂ થાય છે જ્યારે તે પોતાની દિકરી પિયાનું એડમીશન એક ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં કરાવવાની કોશિશ કરે છે. ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં દાખલો કરાવવા માટે આજકાલ માતાપિતા કઈ હદ સુધી જવા તૈયાર છે આનું રોચક વિવરણ જુઓ આ ફિલ્મ ‘હિન્દી મીડિયમ’માં. ‘હિન્દી મીડિયમ’ એ પેરેન્ટ્સની મુસીબતો અને સમસ્યાઓને વિનોદપૂર્ણ સ્ટાઈલમાં રજૂ કરે છે જે પોતાના બાળકોના એડમીશનને લઈને વેઠવી પડે છે. આ સમસ્યા નિષ્ક્રિયતાની હદ સુધી વધી ચૂકી છે. તેમને જે મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે તેની તમે કલ્પના પણ નથી કરી શકાત. ક્યારેકને ક્યારેક તો તેમને પોતાની આઈડેન્ટિટી પણ બદલવા પર મજબૂર થવું પડે છે.

ટીવીએસ મોટર કંપનીએ હિમાલિયન હાઈ સિઝન 3 ની સફળ સમાપ્તિની ઘોષણા કરી

ટીવીએસ મોટર કંપનીએ હિમાલિયન હાઈ સિઝન 3 ની સફળ સમાપ્તિની ઘોષણા કરી જેમાં ૧૨ રાઈડર્સે ટીવીએસ ઝેસ્ટ ૧૧૦ પર હિમાલય સવારી પર કરી હતી. આ ત્રીજી આવૃતિના મંડળમાં ભારતમાંથી ૧૦ મહિલાઓ અને ૨ પૂરૂષોએ ૧૮૦૦૦ ફૂટ પર વિશ્વના સૌથી કઠિન રોડમાંથી કેટલાક પર ટીવીએસ ઝેસ્ટ ૧૧૦ પર સવારી કરી હતી. આ રાઈડર્સે ૧૧ દિવસમાં કુલ ૯૭૦ કિલોમીટરનો પ્રવાસ કર્યો હતો. શારીરિક અને માનસિક સ્થિતીસ્થાપકતાના કેટલાય પરિક્ષણના રાઉન્ડ બાદ મુંબઈની અશ્વિનિ પવાર, ઉત્તરપ્રદેશની અંજલિ ચૌધરી, કર્ણાટકની ઐશ્વયા સુરેશ, મુંબઈની શગુફતા ખાન, દિલ્લીની વિનિતા લોહચાબ, પશ્ચિમ બંગાળની રિયા સેન, આસામની બૈસાલિ નાથ, તેલંગાણાની દેવકી પી, ઉત્તરપ્રદેશની મિલામ શાહ, દિલ્લીના મોહિત ભારદ્વાજ, ગોવાની એન્ડ્રે કેમેરા અને કેરાલાની અંજલિ મનોહરની પસંદગી કરવામાં આવી હતી. આ સિદ્ધિ મેળવવા માટે બધા રાઈડર્સને સલામ.'હિમાલિયન હાઈની સિઝન 3 માટે દેશભરમાંથી મહિલા અને પૂરૂષ ઉત્સાહીઓ તરફથી વ્યાપક પ્રતિભાવ મળ્યો હતો જેમાં ૧,૦૦,૦૦૦ કરતા વધારે અરજીઓ મળી હતી. ગતવર્ષે, હિમાલિયન હાઈની સિઝન ૨ માં ૧૧ મહિલાઓએ ભાગ લઈને ખારડુંગ લા પાસ પર ૧૧૦ સીસી સ્કૂટર પર સવારી કરનાર મહિલાઓના સૌથી મોટા જૂથ તરીકે ઈન્ડીયા બુક ઓફ રેકોર્ડમાં સ્થાન મેળવ્યું હતું.

જાયન્ટસ ફરીથી ઈતિહાસનું પુનરાવર્તન કરવા સજ્જ

સોનીપત ખાતે રમાયેલી યુ.પી. યોધ્ધા સામેની વીવો પ્રો કબડ્ડી લીગની સિઝન-૫ની છેલ્લી મેચગુજરાતની તરફેણમાં હતી, આમ છતાં એક ભૂલને કારણે સુકેશ હેગડે એન્ડ કંપનીએ ૩૦-૩૦પોઈન્ટની ટાઈથી સંતોષ માનવો પડ્યો હતો. સ્પર્ધા ખૂબ જ આકરી હતીઅને અમે અમારા આવેગને કાબુમાં રાખી શક્યા નહીં, પરંતુ ટીમ મેનેજમેન્ટ દ્વારા આ પાસાં ઉપરકામ કરવામાં આવ્યું છે કે જેથી તેવી સ્થિતિનું પુનરાવર્તન થાય નહીં. એક ટીમ તરીકે અમને હવેડાઈંગ મોમેન્ટસમાં ડિફેન્સીવ ક્ષતિ કરીને વધુ મેચ ગૂમાવવાનું પોસાય તેમ નથી. વધુમાં જાયન્ટ માટે સારા સમાચાર એ છે તેમનો સ્ટાર રેડર સચિન તન્વર હવે સંપૂર્ણ ફીટ છે અનેઆક્રમણ માટે તૈયાર છે. તરૂણ વયનો આ રેડર તેના આક્રમક રમતને કારણે અગાઉ ચમત્કારો સર્જીચૂક્યો છે, પરંતુ તે તાવમાં સપડાયો હતો અને યોધ્ધા સામે ઉત્તમ રમત રમી શક્યો ન હતો. ગુજરાત ફોર્ચ્યુન જાયન્ટસની સમજ છે કે યુ મુમ્બાના કેપ્ટન અનુપ કુમાર તેમની સામે જોખમ સર્જી શકે તેમ છે, પરંતુ ટીમ તેમની સાથે કામ પાર પાડવા માટે સજ્જ છે. ગુજરાત ફોર્ચ્યુન જાયન્ટસ ઝોન-એ માં ૪૬ પોઈન્ટસ સાથે હરિયાણા સ્ટીલર્સ સાથે પ્રથમ સ્થાને છે, પરંતુ જાયન્ટસ હરિયાણાની ૧૪ મેચની તુલનામાં એક મેચ ઓછી રમ્યા છે.

૨૦૧૮નાં ‘સર્વશ્રેષ્ઠ યુવા રોકાણકાર શોધવા માટેની સ્પર્ધા’ સ્ટોકમાઈન્ડ શરૂ

મુંબઈ

ભારતમાં સ્ટોક માર્કેટમાં રોકાણ કરવા યુવાનોને જાણકારી આપવાનાં ઉદ્દેશ સાથે વિદ્યાર્થીઓ માટે શરૂ કરવામાં આવેલ સૌથી મોટા વર્ચ્યુઅલ સ્ટોક માર્કેટ સ્ટોકમાઈન્ડએ આજે તેની છઠ્ઠી સિઝન લોંચ કરવાની જાહેરાત કરી હતી. છેલ્લાં પાંચ વર્ષથી આઈસીઆઈસીઆઈ ડાયરેક્ટ સેન્ટર ફોર ફાઈનાન્સિયલ લર્નિંગ દ્વારા રાષ્ટ્રીય સ્તરે શરૂ કરવામાં આવેલી પહેલએ રોમાંચક અનેજોખમમુક્ત રીતે ૬ લાખથી વધારે વિદ્યાર્થીઓમાં સ્ટોકમાં રોકાણની જાણકારી સફળતાપૂર્વક આપી છે. કોલેજો, ફેકલ્ટીઓ અનેવિદ્યાર્થીઓ દ્વારા પ્રશંસાને પાત્ર બનેલ આ સ્પર્ધા લિમ્કા બુક ઓફ રેકોર્ડ્સની ૨૦૧૬ની એડિશનનાં બિઝનેસ સેક્શન હેઠળ ‘સ્ટોકરોકાણ પરની સૌથી મોટી સ્પર્ધા’ તરીકે સ્થાન પામી હતી.સ્ટોકમાઈન્ડ સિઝન ૬માં રાષ્ટ્રીય સ્તરે કોલેજનાં રાઉન્ડ ફેબ્રુઆરી, ૨૦૧૮ સુધી સમગ્ર દેશમાં યોજાશે. પછી માર્ચ, ૨૦૧૮માં રાષ્ટ્રીય રાઉન્ડ યોજાશે. સ્ટોકમાઈન્ડમાં રસ લેવા ઈચ્છતી કોલેજો stockmind@icicisecurities.com પર લખી શકે છે કે http://stockmind.icicidirect.com/ પર લોગ ઓન થઈ શકે છે અને સ્પર્ધામાં સહભાગી થવા રસ દાખવી શકે છે.સ્ટોકમાઈન્ડ શ્રેષ્ઠ રોકાણ બનવા માટેની સ્પર્ધા છે, જે વર્ષ ૨૦૧૨માં કોલેજનાં વિદ્યાર્થીઓ માટે નેશનલ સ્ટોક ટ્રેડિંગ કોમ્પિટિશનતરીકે લોંચ થઈ હતી અને અત્યાર સુધી કોલેજો અને વિદ્યાર્થીઓમાં તેની લોકપ્રિયતામાં અનેકગણો વધારો થયો છે. અત્યારે તે વિદ્યાર્થીઓની કુશળતા વિકસાવવા અને યુવાનો વચ્ચે રોકાણની સારી આદતો વિકસાવવામાં મદદ કરવા વાર્ષિક રાષ્ટ્રીય આંતર-કોલેજ સ્પર્ધા બની ગઈ છે. દર વર્ષે આઈસીઆઈસીઆઈ ડાયરેક્ટ સેન્ટર ફોર ફાઈનાન્સિયલ લર્નિંગ ભારતમાં કેટલીક અગ્રણી કોલેજો મારફતે હજારો વિદ્યાર્થીઓ સુધી પહોંચે છે.આ સ્પર્ધા વર્ચ્યુઅલ સ્ટોક્સ પર યોજાય છે, જેની માલિકી આઈસીઆઈસીઆઈ ડાયરેક્ટ સેન્ટર ફોર ફાઈનાન્સિયલ લર્નિંગ પ્લેટફોર્મની છે, જેમાં સહભાગીઓ લાઈવ સ્ટોક માર્કેટ પર વર્ચ્યુઅલ મની રોકાણ કરી શકે છે. સ્પર્ધા દરમિયાન દરેક સહભાગીનેપ્લેટફોર્મ પર વર્ચ્યુઅલ મનીનાં રૂ. ૧૫ લાખ મળે છે, જેનું રોકાણ તેઓ વાસ્તવિક નાણાં ગુમાવ્યાં વિના કરી શકે છે.

સ્ટોકમાઈન્ડ બે તબક્કામાં યોજાય છે – સ્ટોકમાઈન્ડમાં સહભાગી પોસ્ટ ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓ અને સ્ટોકમાઈન્ડ ગ્રેડ્સ કોલેજરાઉન્ડમાં સહભાગી ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓ. રાષ્ટ્રીય રાઉન્ડમાં સહભાગી થયેલા કોલેજનાં વિજેતાઓ સ્ટોકમાઈન્ડનું ટાઈટલ જીતે છેઅને રૂ. ૧ લાખનાં રોકડ ઈનામ સાથે વિવિધ ઈનામો મેળવે છે. મહિલાઓની સહભાગીદારીને પ્રોત્સાહન આપવા રાષ્ટ્રીય રાઉન્ડમાં મહિલા વિજેતાઓ માટે વિશેષ ઈનામ રાખવામાં આવ્યું છે. સ્ટોકમાઈન્ડની પાંચ સિઝનમાં એન્જિનીયરિંગ, મેનેજમેન્ટ, કોમર્સ, સાયન્સ વગેરે વિવિધ શાખાઓનાં વિદ્યાર્થીઓની ભાગીદારી જોવા મળે છે.સ્ટોક માઈન્ડ સિઝન ૫માં ૫૭૯ કોલેજો અને ૨.૪ લાખ વિદ્યાર્થીઓની ભાગીદારી જોવા મળી હતી.

મધ્ય પ્રદેશ ટુડે મિડિયા લિ. ૧૯ સપ્ટેમ્બર, ૨૦૧૭ના આઈપીઓખોલશે

MADHYA PRADESH TODAY MEDIA LIMITED
प्रदेश टुडे
MADHYA PRADESH TODAY MEDIA LIMITED
प्रदेश टुडे

અમદાવાદ

મધ્ય પ્રદેશ, છત્તીસગઢ, મહારાષ્ટ્ર, દિલ્હી અને ઉત્તર પ્રદેશમાં લગભગ ૨૦ લાખ નકલોનીખપત અને ૧૩ આવૃત્તિ સાથે અગ્રણી દૈનિક અખબાર બ્રાન્ડ્સમાંથી એક મધ્ય પ્રદેશ ટુડે મિડિયા લિ.એ ૧૯ સપ્ટેમ્બર, ૨૦૧૭નારોજ તેનો ઈનિશિયલ પબ્લિક ઓફરિંગ (આઈપીઓ) ખોલશે. કંપનીનો આઈપીઓ એકત્રિત રૂ. ૧૪૧૬.૬૯ લાખના ઈક્વિટી શેરદીઠ રૂ. ૬૬ની કિંમતે રોકડ માટે ફુલ્લી પેઈડ અપ પ્રત્યેકી રૂ. ૧૦ના ફેસ વેલ્યુના ૨૧,૪૬,૫૦૦ ઈક્વિટી શેરોનો છે. આમેં ઈશ્યુ પશ્ચાતઈક્વિટી શેરમૂડીના ૪૭.૦૧ ટકાનો સમાવેશ રહેશે. શેરો એનએસઈ ઈમર્જ મંચ પર લિસ્ટેડ થશે અને આઈપીઓ ૨૧, સપ્ટેમ્બર૨૦૧૭ના રોજ બંધ થશે. માર્ક કોર્પોરેટ એડવાઈઝર્સ પ્રાઈવેટ લિમિટેડ ઈશ્યુની એકમાત્ર લીડ મેનેજર છે.ઈશ્યુની પ્રાપ્તિઓ મધ્ય પ્રદેશ અને છત્તીસગઢનાં વિવિધ શહેરોમાં તેનાં એકમ કાર્યાલયોને અપગ્રેડ કરીને વેપારનું વિસ્તરણ કરવા,કાર્યશીલ મૂડીની આવશ્યકતાઓ,

સામાન્ય કોર્પોરેટ ખર્ચ અને ઈશ્યુના ખર્ચ માટે ઉપયોગ કરાશે.મધ્ય પ્રદેશ ટુડે મિડિયા લિ. ભોપાલ, ઈન્દોર, ગ્વાલિયર, જબલપુર, રેવા, કટની, સાગર, ઉજ્જૈન, મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ, દિલ્હી,ચિંદવારા અને રાયપુરથી પ્રદેશ ટુડે નામે ૧૩ સવારની દૈનિક અખબારની આવૃત્તિ કાઢે છે, જ્યારે ભોબલ અને જબલપુરમાં બે સાંધ્ય આવૃત્તિ કાઢે છે. કંપની ઓનલાઈન ન્યૂઝ પોર્ટલ www.pradeshtoday.com પણ ચલાવે છે. પ્રદેશ ટુડે સૌપ્રથમ મધ્ય પ્રદેશમાં૨૦૧૦માં શરૂ કરાયું હતું.

એસબીઆઈ લાઈફ ઈન્સ્યોરન્સ કંપની લિમિટેડખુલશે અને ૨૨ સપ્ટે.૧૭ને શુક્રવારે બંધ થશે

અમદાવાદ

એસબીઆઈ લાઈફ ઈન્સ્યોરન્સ કંપની લિમિટેડ એ રૂ. ૧૦ની ફેસ વેલ્યુ ધરાવતાં(‘‘ઈક્વિટી શેર’’) ૧૨૦,૦૦૦,૦૦૦ ઈક્વિટી શેર સુધીનો આઈપીઓ ૨૦ સપ્ટેમ્બર, ૨૦૧૭ને બુધવારે લાવવાની દરખાસ્ત રજૂ કરી છે, જેમાં સ્ટેટબેંક ઓફ ઈન્ડિયા (‘‘સ્ટેટ બેંક’’ અથવા ‘‘પ્રમોટર વિક્રેતા શેરધારક’’) દ્વારા ૮૦,૦૦૦,૦૦૦ ઈક્વિટી શેરનાં વેચાણની ઓફર અને બીએનપી પારિબાકાર્ડિફ એસ. એ. (‘‘રોકાણકાર વિક્રેતા શેરધારક’’ અને પ્રમોટર વિક્રેતા શેરધારક સાથે સંયુક્તપણે ‘‘વિક્રેતા શેરધારકો’’) દ્વારા ૪૦,૦૦૦,૦૦૦ ઈક્વિટીશેર સામેલ છે (‘‘ઓફર’’), જેમાં ઈક્વિટી શેરદીઠ ડિસ્કાઉન્ટેડ રૂ. ૬૮ની કિંમતે લાયક કર્મચારીઓ (મુંબઈમાં ૧૨ સપ્ટેમ્બર, ૨૦૧૭નાં રોજ રજિસ્ટ્રાર ઓફ કંપનીઝ સમક્ષ કંપની દ્વારા ૧૧ સપ્ટેમ્બર, ૨૦૧૭નાં રોજ રજિસ્ટર્ડ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટ્સનાં પાનાં નંબર ૫ પર આપેલી ‘‘પરિભાષાઓ અને શબ્દાવલી’’ મુજબ) દ્વારા ખરીદી માટે ૨,૦૦૦,૦૦૦ ઈક્વિટી શેર સુધીનું રિઝર્વેશન સામેલ છે તેમજ સ્ટેટ બેંકનાં શેરધારકો(આરએચપીનાં પાનાં નંબર ૭ પર આપેલી ‘‘પરિભાષાઓ અને શબ્દાવલી’’ મુજબ) દ્વારા ખરીદી માટે ૧૨,૦૦૦,૦૦૦ ઈક્વિટી શેર સુધીનુંરિઝર્વેશન સામેલ છે. ઓફર પોસ્ટ-ઓફ પેઈડ-અપ ઈક્વિટી શેર મૂડીનો ૧૨ ટકા હિસ્સો અને ચોખ્ખી ઓફર પોસ્ટ-ઓફર પેઈડ-અપ ઈક્વિટી શેર મૂડીનો ૧૦.૬૦ ટકા હિસ્સો ધરાવશે.ઓફરની પ્રાઈઝ બેન્ડ ઈક્વિટી શેરદીઠ રૂ. ૬૮૫થી રૂ. ૭૦૦ નક્કી કરવામાં આવી છે, જેમાં લાયક કર્મચારીઓને ઓફર પ્રાઈઝ પર ઈક્વિટી શેરદીઠ રૂ. ૬૮નું ડિસ્કાઉન્ટ મળશે. બિડ્સ લઘુતમ ૨૧ ઈક્વિટી શેર માટે અને પછી ૨૧ ઈક્વિટી શેરનાં ગુણાંકમાં થઈ શકશે. ઓફર ૨૨ સપ્ટેમ્બર,૨૦૧૭ને શુક્રવારે બંધ થશે.કંપની અને પ્રમોટર વિક્રેતા શેરધારકો ઓફરનાં બુક રનિંગ લીડ મેનેજર્સ (‘‘લીડ મેનેજર્સ’’) સાથે ચર્ચા કરીને એન્કર રોકાણકારોની ભાગીદારીનોવિચાર કરી શકે છે. આ પ્રકારનાં એન્કર રોકાણકારો એન્કર રોકાણકાર બિડ/ઓફરનાં ગાળાં દરમિયાન બિડ કરશે એટલે કે બિડ/ઓફર ખુલવાનીતારીખનાં એક ચાલુ દિવસ અગાઉ, જે દિવસ એન્કર રોકાણકારો બિડ સબમિટ કરશે અને એન્કર રોકાણકારોને ફાળવણીની પ્રક્રિયા પૂર્ણ થશે.

ફિટજીએ ડિસ્ટેન્સ લર્નિંગ પ્રોગ્રામ્સ માટે પ્રવેશ શરૂ કરવાની ઘોષણા કરી

જેઈઈના ઉમેદવારોની જબરદસ્ત માંગ અને વધુને વધુ વિદ્યાર્થીઓને લાભ પહોંચાડવામાં મદદને ધ્યાનમાં રાખતા અગ્રણી શિક્ષણ સંસ્થા ફિટજીએ પોતાના લોકપ્રિય ડિસ્ટેન્સ લર્નિંગ પ્રોગ્રામ્સ – જેઈઈ (મેઈન અને એડવાન્સ્ડ) ૨૦૧૮ માટે રેંકર્સ સ્ટડી મટિરીયલ (એક વર્ષીય) અને જેઈઈ (મેઈન અને એડવાન્સ્ડ) ૨૦૧૯ માટે રેંકર્સ સ્ટડી મટિરિયલ (બે વર્ષીય)માં પ્રવેશની ઘોષણા કરી છે. આ પ્રોગ્રામ જેઈઈના પેટર્ન અનુસાર લાઈવ ટેસ્ટ વિશ્લેષણ સેશન અને પ્રશ્નપત્રોનું પેકેજ આપે છે જેમાં ઑબ્જેક્ટિવ તથા સબ્જેક્ટિવ બંને રીતના પ્રશ્ન હોય છે, જેથી કોઈપણ રીતની પરીક્ષા પદ્ધતિમાં જેઈઈના પ્રશ્નો સરળતાથી હળ કરી શકે. છેલ્લા બે દાયકાથી પણ વધુ સમયથી હજારો વિદ્યાર્થીઓએ ફિટજીના ડિસ્ટેન્સ લર્નિંગ પ્રોગ્રામ્સનો લાભ ઉઠાવ્યો છે. રૈંકર્સ સ્ટડી મટેરિયલ વિભિન્ન ચરણોમાં વિભાજીત સંપૂર્ણ સ્ટડી મટિરિયલથી સજ્જ છે. આ ઉપરાંત વિદ્યાર્થીઓને સ્પેશ્યલ ઓફર રૂપે ફિટજી ડિસ્ટેન્સ લર્નિંગના લગભગ દરેક વિદ્યાર્થીઓ માટે ઑનલાઈન પ્લેટફોર્મ માઈપૈટ પણ પૂરા પાડે છે. માઈપૈટ વિદ્યાર્થીઓને ઊંડા વિશ્લેષણની સાથે પોતાની પ્રગતિનો અંદાજ લગાવવામાં સક્ષમ બનાવે છે. આ પ્રોગ્રામ્સનો વધુ એક પહેલુ છે ફિટજીની આઈકોનિક ઑલઈન્ડિયા ટેસ્ટ શ્રેણી જે ઑલ ઈન્ડિયા લેવલ પર વિદ્યાર્થીઓની ઉપસ્થિત સ્થિતિનો અંદાજ લગાવે છે અને તેમણે વગર કોઈ મોડું કરી પોતાનું પ્રદર્શન સુધારવામાં મદદ કરે છે. આમાં જેઈઈનું સંપૂર્ણ સિલેબસ, જેઈઈ મેઈન તથા એડવાન્સ્ડની નવી તથા મૂળભૂત સમસ્યાઓ પણ હોય છે.ફિટજીના રેંકર્સ સ્ટડી મટેરિયલની વિશ્વસનીયતા છેલ્લા અમુક વર્ષો દરમ્યાન આવેલા જેઈઈના પરિણામોથી આ સ્પષ્ટ થઈ જાય છે. અને આમાં કોઈ આશ્ચર્ય નથી કે આમાં પ્રવેશ મેળવનારા વિદ્યાર્થી ન માત્ર જેઈઈમાં સફળતા હાંસલ કરી લે પરંતુ ટૉપ ૧૦૦ માં પણ પોતાનું મુકામ સુનિશ્ચિત કરી લે.

આ નવરાત્રીમાં વેલા પ્રોફેશનલ અને અભિનેત્રી અલિશા પ્રજાપતિ સાથે કહો ‘હેલો હેપ્પી હેર, ગૂડબાય ડેમેજ’

અમદાવાદ

વેલા પ્રોફેશનલ્સે અભિનેત્રી અલિશા પ્રજાપતિ સાથે નવરાત્રીની તૈયારીઓ શરૂ કરી દીધી છે.પ્રતિભાશાળી અભિનેત્રીએ તેની સખીઓ સાથે અગ્રણી વેલા સલૂનમાં વેલા કલરની મદદથી તેના દેખાવને એકદમ બદલીને આકર્ષકબનાવી આ વર્ષે વહેલાં જ નવરાત્રીની તૈયારીઓ શરૂ કરી દીધી છે.ગુણવત્તા, પરફોર્મન્સ અને ફેશનના સંયોજન સાથે વેલાનું હેર કલર સોલ્યુશન ભારતમાં પ્રત્યેક મહિલાને ‘હેલો હેપ્પી હેર, ગૂડબાયડેમેજ’ કહેતાં કરવાની ખાતરી આપે છે.બે દાયકાથી વધુ સમયથી હેર કલરના ક્ષેત્રમાં અગ્રેસર વેલા એક એવોર્ડ વિજેતા કંપની છે, જે ખરા અર્થમાં સમજે છે કે મહિલાઓનેતેમના પરફેક્ટ હેર કલર સલૂનમાં કયો દેખાવ જોઈએ છે. વેલા પ્રોફેશનલ્સ છેલ્લા ૧૩૫ વર્ષથી વધુ સમયથી હેર કલરના ક્ષેત્રમાંઆંતરરાષ્ટ્રીય સ્તરે અગ્રેસર છે. હેર પેશનના બ્રાન્ડના એક સદી જૂના ઈતિહાસનું સન્માન કરતાં વેલા પ્રોફેશનલ્સ અભૂતપૂર્વ હેર કેર અનેહેર સ્ટાઈલિંગ ઉત્પાદનો બનાવવા માટે ખૂબ જ ધગશથી કામ કરે છે.વેલા ભારતમાં ‘ઓઈલ ઈન્ફ્યુસો કલર સર્વિસ’ લઈ આવી છે. તે તેલ સાથે પ્રીમિયમ કલરના મિશ્રણ તરીકે અસરકારક રીતે ભારતીય મહિલાઓને સુંદર અને સ્વસ્થ દેખાવ ધરાવતા વાળ માટે એકદમ યોગ્ય કારણ આપે છે. લાંબા સમય સુધી કલરને જાળવી રાખતા વેલાકલર્સ સાથે ખૂબ જ વિચારપૂર્વક તૈયાર કરાયેલી આ સર્વિસ અનેક મહિલાઓને હેર ડેમેજને ગૂડબાય કહેવામાં મદદરૂપ થાય છે.વિટામીન ઈથી સમૃદ્ધ વેલા પ્રોફેશનલ્સ ઓઈલ રિફ્લેક્શન્સની વિશેષ ફોર્મ્યુલા વાળની આજુબાજુ રક્ષણાત્મક દિવાલ ઊભી કરે છેઅને મૂળમાંથી વાળનું પોષણ કરે છે. પરીણામે વાળ એકદમ મુલાયમ અને ચમકદાર દેખાય છે, જે લો કન્ડિશનિંગ શેમ્પૂ સામે વાળને૮૬ ટકા વધુ વાઈબ્રન્ટ બનાવે છે. તો, આ નવરાત્રીમાં વેલા પ્રોફેશનલ્સના રંગો સાથે વાળના નુકસાનને દૂર કરો અને તમારા વાળને નવું જીવન આપો. તહેવારની

કિલ્લોલકુંજ
બાળકોને આનંદ કિલ્લોલ કરાવે...
ગમ્મત સાથે જ્ઞાન પીરસે...
અને કવિતાઓ માટે 'કલમપ્રસાદી' વિભાગ પણ ખરો...

એક કોલેજીયન : હું નાળિયેરના ઝાડ પર ચઢી જાઉં તો એન્જિનયરીંગ કોલેજની છોકરીઓને જોઈ શકીશ

બીજો કોલેજીયન : હા, પણ ઉપર જઈને હાથ છોડી દઈશ તો મેડીકલ કોલેજની છોકરીઓને પણ જોઈ શકીશ !!

oooooooo

એક માણસે પોતાના ખંડમાં ચારે તરફ પ્રાર્થનાઓ ચોંટાડી હતી, એ જોઈ એના મિત્રએ પુછયું : તું દરરોજ આટલી બધી પ્રાર્થના કરે છે?

ના, ના ભગવાનને પ્રાર્થના કરું છુ કે આ બધી વાંચી લે. મને પ્રાર્થના કરવાનો બહું કંટાળો આવે છે.

oooooo

શિકારી પોતાના દિકરા સાથે શીકાર પર ગયો. જંગલમાં એક ઉડતો બગલો આકાશમાં દેખાયો. શિકારીએ નિશાન તાકીને ફાયર કર્યુ.. પણ છતાંય બગલો ઉડતો રહ્યો.. આથી શિકારી બોલ્યો, 'જીંદગીમાં પહેલી વાર એક ચમત્કાર જોઈ રહ્યો છું, બેટા એક મરેલો બગલો આકાશમાં ઉડી રહ્યો છે..

ooooo

પપલુ: પપ્પા જમીનથી સુરજ કેટલે દુર છે ?

પપ્પા : મને ખબર નથી..

પપલુ : પપ્પા તમારા આ અજ્ઞાનને કારણે મને જો માર્ક ઓછા મળે તો પછી કહેતા નહીં..

oooo

મધુવન

'ઘડિયાળ છે જીવંત, સમય તાલબદ્ધ છે
ભીંતોનો દોષ છે જે ટકોરા ન સાંભળે'

શીર્ષક શે'ર માં ભગવતીકુમાર શર્મા સમયની સાથે ચાલવાની વાત કરે છે. આપણે સાંભળ્યું છે કે, દિવાલોને પણ કાન હોય છે. જગતના ઘણાં રહસ્યો આપોઆપ છુપાવવા છતાંય છાના રહેતા નથી. શાયર અહીં ઘડિયાળના ઉદાહરણ દ્વારા સતત તાલબદ્ધ વ્યવસ્થિત સાથે ચાલવાની વાત કરે છે જે માણસ સમયની સાથે ચાલતો નથી એને ઘસડાવું પડે છે. કારણ કે માણસ ચાલે કે ન ચાલે સમય સતત ચાલ્યા કરે છે અને વચ્ચે વચ્ચે ટકોર પણ કરતો રહે છે. દર કલાકે ઘડિયાળમાં પડતાં ટકોરા આપણને સતત દિશા સુચન અને સમયનું મહત્વ સમજાવતા રહે છે. ઘડિયાળનું આથી જ આપણા જીવનમાં ખુબ મહત્વ છે.

'બસ રાતને દિવસ અહીં દોડયા કરે સમય,
ઘડિયાળના કાંટા પર હાંફયા કરે સમય'

ગઝલકાર મનોજ ખંડેરીયાએ પોતાના આ શે'ર માં અવિરત ચાલતા સમયચક્રની વાત કરી છે. હરપળે શ્વાસ, સમય ચાલ્યા કરે છે. રાત દિવસ સતત આપણા હાથમાંથી કોઈ કિંમતી વસ્તુ છુટી જતી હોય તો એ સમય છે. સમય સૌના કરતાં પણ કિંમતી છે એ જાણવા છતાંયે આપણે સમયનો ખુબ બગાડ કરીએ છીએ.

'બરાબર બધા કાંટા ચાલે છે પણ
સમય કેવો પથ્થર છે ખસતો નથી !'

કૈલાસ પંડિતના આ શે'ર માં સમય ખસતો ન હોવથી વેદના છે. જીવનમાં જ્યારે કટોકટીની પળો આવે છે ત્યારે સમયચક્ર જાણે થંભી જતું હોય એવું લાગે છે. વર્ષો, મહિનાઓ, દિવસો અને કલાકો વીતી જાય છે. પણ કયારેક એક મીનીટ એક યુગ જેવી લાગે છે. આવી ક્ષણોનો ભાર માણસ સહન કરી શકતો નથી. આથી જ કદાચ શાયર સમયને પથ્થર સાથે સરખાવે છે.

'અટકી જઈશું આપણે એ કેમ ચાલશે ?
ઘડિયાળ આપણે અને જોનાર છે સમય'

ઠાકોરભાઈ દેસાઈ 'પરિમલ' ના આ શે'ર માં માનવ જીવનને ઘડિયાળ સાથે સરખાવી સતત ચાલવાની આગળ વધવાની વાતને વાચા અપાઈ છે. આપણે અટકી જઈએ તો કેમ ચાલે ? જીવનના માર્ગમાં ગમે તેવાં કપરા ચઢાણો આવે એને પાર કરી અને આપણે અવિરત આગળ વધવું જ રહ્યું.

'ઈશ્વર કરે મિલનની ક્ષણો વિસ્તર્યા કરે,
ઘડિયાળ બંધ થાય ને કાંટા ફર્યા કરે'

ગઝલસમ્રાટ સ્વ.આદિલ મન્સુરીના આ શે'ર માં મિલનની ક્ષણો વિસ્તારવાની વાત છે. મિલનનો સમય, મિલનના કલાકો, દિવસો જાણે પળવારમાં ગુજરી જાય છે. જ્યારે વિરહમાં સમય ખસતો નથી આથી જ શાયર ઈચ્છે છે કે મિલનની મીઠી ક્ષણો વિસ્તર્યા કરે.

'હાથ લંબાવ્યો હતો ઘડિયાળ સામે મેં રમેશ
પણ સમયનેકોઈ સાથે દોસ્તી હોતી નથી'

કવિ રમેશ પારેખના આ શે'ર માં સમય કોઈની સાથે મિત્રતા બાંધતોનથી. કોઈની રાહ જોતો નથી એવી વાત વ્યકત થઈ છે. એ કયારેય કોઈ માટે રોકાયો નથી કે રોકાશે પણ નહીં. અંતે જોઈએ મુકુલ ચોક્સીના આ શબ્દો :

'શું શું કર્યું ન તારી પ્રતિક્ષાને કાજ મેં
ઘડિયાળ જોઈ રાખી હતી એની લાજ મેં,
વર્ષો વીત્યાં પછી મેં ખરીદ્યા તાં કેલેન્ડર
સો વર્ષનું પંચાંગ ખરીદ્યું છે આજ મેં'

ધેંગાભાઈ એન'સરહદી' મુ.પો.ટડાવ, તા. (વાવ)
મો. ૯૪૨૭૬૪૪૬૧૧

ગઝલ

ડાયરીના પન્ના પર લખી રાખ્યા પ્રવાસ છે
મારી ચુંદડી જ તારો એ લિબાસ છે
નાચ્યા તો ઘણાય સાથે હોઈશું પ્રીય,
તમે સાથે નાચો ત્યારે જ એ મારી રાસ છે
વસંતની મૌસમ આવી ત્યારે ખીલ્યા સાથે સાથે
તમે અમારા પાનખરમાં ખર્યા એ ખાસ છે
આમ તો જીંદગીમાં ઘણાય આગળ વધીએ છીએ
તારી જો હા હોય તો એ જ મારો વિકાસ છે
અમે તો જીવતા હતા કયારના ય તમારી યાદમાં
તમે મળ્યા એ જ મારા જીવનનો શ્વાસ છે
ઘણીવાર લાગે આપણે ઘણા દુર છીએ
અચાનક તારી યાદથી લાગે તું આસપાસ છે
મારી જીંદગીનું ગુલાબ તું છે માયા
એટલે જ તો લોકો માટે હું ખાસ છું
દર્પણમાં જોયા કરૂં છું ખુદનો ચહેરો
મારી આંખોમાં તારો ચહેરો બીજાને બતાવું છું

ધર્માણી માયા (ડીસા)

પ્રીત મારી

વન વન શોધું નંદનવનને
ઘર ઘર શોધું હું પ્રીત મારી
પલ પલ વસંત થઈ ખીલીઉઠું
પાને પાને શોધું હું પ્રીત મારી
ફુલેફુલે ફરૂં વગડાની વાટમાં
કાંટે કાંટે શોધું હું પ્રીત મારી
કલ કલ વહેતાં ઝરણાંના ગીતમાં
જલ જલ શોધું હું પ્રીત મારી
લીલો લીલો રંગ મને લાગે વરણાગીયો
મલી મલી મને ત્યાં પ્રીત મારી

નટવર હેડાઉ

દાનનો મહીમા

એક ગામમાં બે ડોશીઓ રહેતી હતી બંનેના ઘર આપસમાં જ હતા.

એક દિવસ ગાજવીજ સાથે મુશળધાર વરસાદ તુટી પડયો. વરસાદ સાથે પવનનું જોરદાર તોફાન હતું. ગામમાં કેટલાય ગરીબ લોકોના ઝુંપડાં તુટી પડયા. આખો દિવસ વરસાદના તોફાનમાં ગામના લોકોએ ગભરાટમાં દિવસ વિતાવ્યો પરંતુ વરસાદ રોકાવાનું નામ લેતો નહોતો. બંને ડોશીઓ પણ પોત પોતાના ઘરમાં વરસતા વરસાદ અંગે વિચાર કરતી પોતાનું ગૃહકાર્ય કર્યે જતી હતી.

સાંજના સમયે એક ડોશી છેવટે વાળું કરવાને માટે બેઠી. એવામાં બારણે ટકોરા પડયા.

ટકોરા સાંભળીને ડોશી ચમકયા. આવા તોફાનમાં વળી કોણ આવી ચડયુ ંહશે ? આવનાર પાછો મારા જમવામાં ભાગ પડાવશે એ બીકે એણે તો ઝટપટ જેટલું ખવાય તેટલું ખાઈ લીધું પછી વધેલું એક ખુણામાં મુકીને ઢાંકી દીધું. ડોશીએ હાથ પગ મોં ધોઈને બારણું ઉઘાડવા ગઈ. ડોશીએ બારણું ઉઘાડયું ત્યારે બહાર આશ્રમનો એક સાધુ ઉભો હતો.

સાધુ શાંત સ્વરે બોલ્યો, મૈયા આવા ભયંકર તોફાનમાં બિચારા ગરીબ માણસો ઘરબાર વિનાના થઈ ગયા છે એ લોકો વરસાદમાં ટાઢે ધ્રુજતા આશ્રમમાં આશ્રય લેવા આવ્યા છે. આજની રાત એ લોકોને આશરો આપવો રહ્યો પરંતુ અમારા આશ્રમમાં એ લોકોને પહેરવા ઓઢવાનું આપી શકાય એટલું તો કયાંથી હોય ? માટે તમે થોડું ઘણું આપશો તોય ભગવાન તમારૂં ભલું કરશે.

સાધુની વાત સાંભળીને ડોશીનો જીવ ઉંચો નીચો થઈ ગયો. તે બોલી, મહારાજ ! હું તો ગરીબ માણસ છું. મારી પાસે આપવા જેવું કંઈ જ નથી. તમે કોઈ ગામના પૈસાવાળાને ત્યાં જાવ તો તમને ઘણું મળી રહેશે.

સાધુ કહે, માઈ એક રાત ખાતર એકાદ ધાબળો પણ ન આપી શકો ? કાલે સવારે એ લોકો માટે બીજી કોઈ વ્યવસ્થા થઈ જશે એટલે તમારો ધાબળો તમને પાછો આપી જઈશું.

સાધુની વાત સાંભળીને ડોશી તો અકળાઈ ઉઠી પણ આશ્રમના સાધુને એક વાર ના પાડી તોય તે બારણે જ ઉભો રહ્યો એટલે ડોશી ઘરમાં ગઈ અને થોડાક દિવસો પહેલાં એક નવો ધાબળો પૈસાથી ખરીદેલો. એટલે તે તો ન જ અપાય ! પરંતુ આશ્રમના સાધુને કાંઈક તો આપવુ ંપડે એટલે ડોશી ઘરમાં જુના કપડાના લબાચામાં કાંઈક શોધવા લાગી.

અચાનક એક જુનો ધાબળો હાથમાં આવ્યો પણ એને જોતાં જ ડોશીને વિચાર આવ્યો કે, આ તો મને બહુ જ માફક આવી ગયો છે. મેં એને છેલ્લા સાત વર્ષથી વાપર્યો છે અને હજી તે મારા કાર્યમાં આવે છે. મારો આવો સરસ ધાબળો જો કોઈ એને રાત્રે ઓઢવામાં ફાડી નાખે તો ? એ બધો ખ્યાલ કયાંથી આવવાનો છે ? પરંતુ આંગણે આવેલા સાધુને કાંઈક તો આપવુ ંજ પડશે. એટલે ફરીથી શોધતા એના હાથમાં એક ચીંથરેહાલ ચાદર આવી ગઈ એણે વિચાર્યુ ભલે આ ચાદર જ આપું.

ડોશીએ પેલી ચીંથરેહાલ ચાદર સાધુને આપી. સાધુ બોલ્યો, મૈયા આ ચાદર તો સાવ જર્જરીત છે આ સિવાય બીજું તમારી પાસે કંઈ જ નથી. એ બિચારા ટાઢે થથરતા માણસો માટે ગરમ ધાબળા જેવું કશું નથી ?

પણ ડોશીએ તો પોતાની લાચારી બતાવી ત્યારબાદ સાધુ બીજી ડોશીના ઘેર ગયો. એ ભલી ડોશીએ તો પોતાનો નવો ગરમ ધાબળો તેમજ બીજા વધારાના ઓઢવાના કપડાં પણ પેલા સાધુના ચરણમાં મુકી દીધા. તેને મનમાં થયું 'હું તો ઘરડું પાન છું કાલે ટપ દઈને મરી જઈશ. ભલેને આટલું પુણ્ય થાય.'

પેલો સાધુ તો અત્યંત પ્રસન્ન થયો અને ડોશીએ આપેલ ઓઢવાની અને પહેરવાની વસ્તુઓ લઈને ત્યાંથી આગળ ગયો. હવે બન્યું એવું કે થોડીવાર પછી પવનનું તોફાન જોરથી શરૂ થયું. બંને ડોશીઓના ઘર ધ્રુજવા લાગ્યા. બંને ડોશીઓ તરત જ પોતાના ઘરમાંથી બહાર આવી ગઈ અને એક વીજનો જોરદાર કડાકો થયો અને બંનેના ઘર નાશ પામ્યા.

બંને ડોશીઓ નિરાધાર થઈ ગઈ. ત્યાં તે પેલા સાધુનો અવાજ સંભળાયો. 'મૈયા ચાલો તમે બંને જણાં મારા આશ્રમ પર ત્યાં તમને આશરો મળશે.'

બંને ડોશીઓ ટાઢે થથરતી આશ્રમમાં ગઈ. ત્યાં ઘણી બધી વસ્તુઓ આશ્રમના ઓરડામાં પડેલી હતી. સાધુ બોલ્યો, મૈયા અહીં તમારૂં જે કાંઈ પણ હોય તે પાછું લઈ લો. તમે જેનું દાન કર્યું છે તે હવે તમને પાછું મળે છે.

પેલી પહેલી ડોશીના નસીબમાં એની ચીંથરેહાલ ચાદર જ પાછી મળી જ્યારે પેલી બીજી ડોશી જે ખુબ જ ભલી હતી એને તો અન્યને વાપરવા અપાય એટલી વસ્તુઓ પરત મળી હતી. માટે દાન કરવામાં કયારેય કંજુસાઈ ના કરો.

-કમલેશ કંસારા

સમય ચાલ્યો જાય છે

દિન વિત્યા વરસો વીત્યા તેમાં જીંદગી વીતી જાય છે
રાહ જોઈની જોતો નથી ને સમયનો સમય ચાલ્યો જાય છે
આજ કરૂં કાલ કરૂં તેમાં જિંદગીનો સમય ચાલ્યો જાય છે
કોઈનો સારો તો કોઈનો ખરાબ સમય ચાલ્યો જાય છે
રોકયો રોકાતો નથી કોઈની રાહ જોતો નથી સમય જાય છે
અરમાનો પુરા થતાં નથી ત્યાં સમય ચાલ્યો જાય છે
આ દુનિયામાં જીવવું કોના માટે તે મોટો પ્રશ્ન ઉભો થાય છે
આ મારૂં આ તારૂં સ્વાર્થમાંને સ્વાર્થમાં સમય ચાલ્યો જાય છે
બુધ્ધિ હોય તો સમજો સારાં કામ કરવાં હોય તો ઘણાં થાય છે
જીંદગી મળી છે ઘણી સારી તો જીવી લેજો સમય ચાલ્યો જાય છે
વારસદારો માટે જ મથામણ રાત દિવસ ઘણી થાય છે
આપણે કયાં છીએ સમજો પેઢીઓનો સમય ચાલ્યો જાય છે
વારસદારો કાયમ રહેતા નથી અંતે વિખુટા તો થાય છે
વીરા સમયને સાચવતા રહેજો સમય ચાલ્યો જાય છે

વીરાભાઈ સી.ચાવડા (કાણોદર)

રોહીત અને રાયણદાદા

એક ગામમાં એક છોકરો રહેતો હતો. તેનું નામ રોહીત હતું. એકવાર તેના માતા પિતા લગ્નપ્રસંગમાં બીજે ગામ જતા હતા. તેમણે રોહિતને પણ લગ્નમાં સાથે આવવા કહ્યું. પણ તેણે ના પાડી દીધી. આજ રોહિતનું મન માં અને બાપુને વિદાય આપતાં બહુ ઉદાસ થઈ ગયું હતું. એવું નહોતુંકે તે પહેલી વાર એકલો ઘેર રહ્યો હતો. તેના શાળાના અભ્યાસ અને ટયુશનને કારણે ઘણી વખત તે ઘેર રહેતો. તેને ઘર મુકીને કયાંય જવું ગમતું નહીં. નિરાશાને ખંખેરી નાખતાં તેણે વિચાર્યું કે હવ ેતો એ જ ઘરનો રાજા છે. .જેમ મન ફાવે તેમ કરશે.. ભાવશે એવું ખાશે ને ઈચ્છા થશે ત્યારે રમવા જતો રહેશે.

રોહીત સાંજે પોતાના ભાઈબંધો સાથે રમવા જતો રહ્યો.. થોડીવારમાં એક છોકરો દોડતો દોડતો આવ્યો..રોહિત.. રોહિત.. જલદી ચાલ.. તારે ઘેર કોઈ માણસો આવ્યા છે.. તને બોલાવે છે.. તે એ છોકરાની સાથે ચાલી નીકળ્યો.

તેણે જોયું કે તેના ઘેર લોકોનું ટોળું જામ્યું છે તેને સમજ ન પડી કે આટલા બધા લોકો અહીં કેમ આવ્યા છે? તે જેવો ઘેર પહોંચ્યો ત્યાં પડોશમાં રહેતા કાકાએ તેને બાથમાં લીધો અને જોરજોરથી રડવા લાગ્યા, 'રોહિત બેટા તારાં મા અને બાપુ હવે આ દુનિયામાં રહ્યાં નથી. તેઓ જે બસમાં જતા હતાં તેનો એકસીડેન્ટ થઈ ગયો અને તેમાં બેઠેલા બધાં પ્રવાસીઓના મોત થઈ ગયાં.

રોહીતને આ સાંભળી આઘાત લાગ્યો તેને સમજ પડતી નહોતી કે શું કરવું ? કુટુંબમાં તે અને તેનાં ઘરડાં બિમાર દાદી જ રહ્યા હતા. તે આખો દિવસ રડતો રહ્યો અને માં બાપુ પાસે જવાની જીદ કરતો રહ્યો. પાડોશના કાકા કાકીએ તેને સમજાવ્યો અને તેને ઘેર લઈ ગયા.

આ બનાવ પછી એ ઉદાસ રહેવા લાગ્યો.કોઈ સાથે વાત પણ કરતો નહીં. સ્કૂલમાં જવામાં અને ભણવામાં પણ તેનું મન લાગતુ ંન હતું.

એક દિવસ તેને પોતાના માતા પિતાની ખુબ જ યાદ આવી રહી હતી. પણ આ દુ:ખ કોને કહેવું ? દાદામાંને કહે તો એ વધુ દુ:ખી થાય. તેને પોતાનો એક ખાસ મિત્ર યાદ આવ્યો. તે તરત ખેતરની તરફ ચાલી નીકળ્યો. ત્યાં જઈને રાયણના ઝાડના થડને બથ ભરીને ખુબ રોયો. આ ઝાડ જ તેનું ખાસ મિત્ર હતું. જ્યારે તે તેના બાપુની સાથે ખેતરે આવતો ત્યારે તેની છાયામાં બેસી બધા ખાવાનું ખાતા. પછી બાપુ તો ખેતરના કામમાં લાગી જતા પણ રોહીત ખાટલો ઢાળીને ત્યાં જ સુઈ જતો. ધીરે ધીરે તેની દોસ્તી રાયણના ઝાડ સાથે થઈ ગઈ હતી. જ્યારે રોહીત તેના બાપુ સાથે છાયામાં આવીને બેસતો ત્યારે રાયણા દાદા જાણી જોઈને થોડી રાયણો તેને ખાવા માટે નીચે પાડતા. તે ખુબ હોંશથી રાયણ ખાતો અને પછી ખુબ પ્રેમપુર્વક ઝાડને ભેટી પડતો.

આજ રોહીતને રડતો જોઈ રાયણનું ઝાડ પણ ખુબ ઉદાસ થઈ ગયું. તેને રોહીતના બનેલ બનાવની જાણ મજુરો દ્વારા થતી અરસપરસની વાતચીતમાંથી થઈ હતી. તે કેટલો હતાશ અને દુ:ખી છે રાયણા દાદાને લાગ્યું કે રોહીતને આશ્વાસનની બહુ જરૂર છે. તેની સાથે વાત કરવી જરૂરી છે.

'રોહીત બેટા !'કોણ ? રોહીતે આમતેમ જોયું. પણ દૂર સુધી કોઈ દેખાયું નહીં.. તે ગભરાઈ ગયો.. તમે કોણ છો ? સામે કેમ આવતા નથી ?'

રોહીત બેટા હું તારો દોસ્ત રાયણો દાદો છું..

શું રાયણા દાદા તમે બોલ્યા, તમે તો ઝાડ છો..?

હાં બેટા મારે આજ બોલવું પડયું. કેમ કે આજ પહેલાં તારી સાથે વાત કરવાની જરૂર પડી નહોતી પણ આજ તને ઉદાસ જોઈને મને થયું કે તારી સાથે વાત કરવી જોઈએ.

રોહીત જઈને ઝાડદાદાને વળગી પડયો. તેની ડાળો અને ડાળખીઓ પ્રેમથી તેના પર ઝુમવા લાગી. આ ઝાડ રાયણનું હોવાથી રોહીત હંમેશા તેને રાયણાદાદા જ કહેતો. તેણે આજે કહ્યું, 'રાયણા દાદા હું એકલો થઈ ગયો છું. દાદા તમને ખબર નથી કે મારા જીવનમાં કેવું થઈ ગયું છે ?

'બેટા મને બધી ખબર છે પણ તું એકલો નથી. હું તારી સાથે છું અને હંમેશા રહીશ. તને જ્યારે મન થાય ત્યારે મારી પાસે આવતો રહેજે.. આપણે બંને મળીને ખુબ જ વાતો કરીશું.

'દાદા કંઈ કરવાનું મન થતું નથી.' સ્કૂલ જવાનું પણ મન થતું નથી..

બેટા યાદ છે એક દિવસ જ્યારે તારા બાપુની સાથે તું મારી છાયામાં બેઠેલો ત્યારે તેમણે કહ્યું કે તે પોતે વધારે જાણી શકયા નથી પણ તેમનું સપનું છે કે તું ખુબ ભણે અને તારી નામના થાય. રોહીત શિક્ષણ તો જીવનનો સાર છે. આ મુશ્કેલીના સમયમાં તારી જાતને સંભાળ અને તારા પિતાજીના સપનાને પુરૂં કર. ખુબ જ મન લગાવીને ભણ.

રાયણા દાદા તમારી સાથે વાત કરીને મન ખુબ હળવું થઈ ગયું. હું હવે રોજ તમારી સાથે વાતો કરવા આવીશ.

જરૂર આવજે પણ મારી બે શરતો છે.

તેં કઈ દાદા ?

પહેલી શરત એ કે તું મન લગાવીને ભણ.

દાદા હું તમને વચન આપું છું કે રોજ નિશાળે જઈશ અને ખુબ મન લગાવીને ભણીશ. બાપુનું સપનું પુરૂં કરીશ.

બીજી શરત છે હું તને ઝાઝાં બધાં ફળો આપીશ. જેમાંથી અડધાં તું બજારમાં વેચી દેજે અને અડધાં જે તું ખાય તેનાં બીજ ખેતરમાં વાવી દેજે.

ભલે દાદા એમ જ કરીશ.. પણ એવું શું કામ ?

તેનુંકારણહું તને થોડાં વર્ષો પછી કહીશ.

તે દિવસ પછી રોહીત રોજ રાયણાદાદાની પાસે આવવા લાગ્યો. બંને મળી ખુબ વાતો કરતા. રોહીત તેમને સ્કૂલ અને ભણતરની વાતો કરતો. કયારેક કોઈ મુશ્કેલી લાગે તો સલાહ માંગતો. વાત પુરી થતાં રાયણા દાદા તેમની ડાળખીઓ હલાવતા. ઘણી બધી રાયણોનીચે પાડતા. રોહીત ટોપલામાં ભરી ઘેર લઈ આવતો અને શરત મુજબ અડધાં રાયણાં વેચતો તેમજ જે ફળો તે ખાય તેના ઠળીયા ખેતરમાં વાવી દેતો. તેને પાણી સીંચતો અને ઉછેરતો.

આ રીતે રોહીત અને રાયણાદાદા વચ્ચે ઘણાં વર્ષો સુધી સંવાદ ચાલુ રહ્યો. હવે રાયણા દાદા ઘરડા થયા હતા. તેમની પર ફળ આવતાં બંધ થયા હતા. રોહીત પણ હવે બાળકમાંથી યુવાન બની ગયો હતો.

તે દિવસે જ્યારે તે રાયણા દાદાની પાસે આવ્યો. ત્યારે એ બોલ્યા, બેટા હવે તું મોટો થઈ ગયો છે ને હું ઘરડો થતો જાઉં છું. હવે તારે મારી જરૂર નથી. મારા પર હવે ફળો પણ આવતાં નથી. આજે મારી ફરજ પુરી થઈ. હવે તારે અહીં આવવાની જરૂર નથી. હું હવે તને કંઈ આપી નહીં શકું. તેમણે ખુબ ઉદાસ વદને કહ્યું, આજે સ્થિતિ બિલકુલ ઉંધી થઈ ગઈ હતી.

દાદા હું પણ એ જ કહેવા આવેલો.

આ સાંભળી રાયણા દાદાને ખુબ દુખ થયું. તે મનમાં વિચારવા લાગ્યા, જુઓને આ કેવો સ્વાર્થી થઈ ગયો છે. જ્યાં સુધી હું ફળો આપતો હતો ત્યાં સુધી મારી પાસે આવતો રહ્યો અને આજ કહે છે કે હવે નહીં આવું. હવે જ્યારે હું ઘરડો થઈ ગયો છું અને મારે તેની જરૂર છે ત્યારે એ મારો સાથ છોડી રહ્યો છે. માણસ ખુબ સ્વાર્થી હોય છે એમ વિચારી એ દુ:ખી થયા.

દાદા હું તમને એમ કહેવા આવ્યો છું કે ભલે તમે મને ફળો ન આપો છતાં હું તમારી સાથે વાતો કરવા તો આવતો રહીશ આજે મને સમજ પડી કે તમે અડધાં રાયણનાં બીજ વાવવા માટેની શરત શું કામ રાખી હતી ? જુઓ દાદા આજે મારૂં આ ખેતર રાયણોના ઝાડથી લુંબે લુંબે છે. તમારી બુદ્ધિમતાને કારણે હું રાયણનો મોટો વેપારી બની ગયો છું. અત્યાર સુધી તમે તમારી ફરજ નિભાવી છે હવે મારો વારો છે. અત્યાર સુધી તમે મારી સંભાળ રાખતા હતા પણ હવેથી હું તમારી દેખરેખ રાખીશ. તમારી વાતો અને અનુભવો સાંભળવા આવતો રહીશ. રાયણા દાદા આપણો સાથ કયારેય નહીં છુટે તમે મારો અને હું તમારો સહારો બની રહીશ.

આ સાંભળી રાયણા દાદા ખુશ થઈ ગયા અને પ્રેમથી પોતાની બચેલી ડાળોથી રોહીતને ભેટી પડયા.

-નટવર હેડાઉ

પુનમની રાત અને..

પુનમની રાત હતી અને થાળી જેવડો ગોળ ચાંદો કયારનોય ઉગી ગયો હતો. તરતો તરતો આકાશ મધ્યે આવવાની તૈયારીમાં હતો. કદાચ બાર સાડા બાર થઈ ગયા હશે. કરૂણાવતી નામની નગરીમાં સંપૂર્ણ શાંતિ હતી. રાત્રીની નીરવતા જાણે એક એક ડગ આગળ માંડી રહી હતી. હા છુટાછવાયા કુતરા ભસી રહ્યા હતા તો કયાંક દુરથી ચીબરીઓની ઘુવડની ભયજનક ખિખીયારી આવતી હતી. જો એ ભુલેચુકે કાને પડી જાય તો થથરાવી મુકે એવી હતી પણ નગરીના લોકો એવી બધી બાબતોથી ટેવાઈ ગયા હતા.

ત્યારે મહેલના ધાબા પર પોતાના ક્રમમુજબ સુઈ ગયેલા. રાજા મેતુસિંહની આંખો અચાનક ખુલી ગઈ. સીધી નજર આકાશ પર પડી. શું મજાનો નજારો હતો ? ચાંદ કોઈપણ જાતના આધાર વિના તરતો હતો. એકાદ બે છુટાછવાયા વાદળ પણ તરતા હતા. જો કે એ થોડાક દુર હતા. એટલું જોયા બાદ રાજા મેતુસિંહને પોતાનું પડખું ફેરવ્યું. બાજુમાં રાણી સીતારાદેવીનો પલંગ ખાલી હતો. રાજાની આંખો ખેંચાણી.. અડધી રાત્રે સીતારા દેવીનો પલંગ ખાલી.. કયાં ગયા હશે ? રાજા મેતુસિંહને પ્રશ્ન થયો. પછી વિચાર્યું કદાચ પાણી પીવા.. પણ પાણીનું ઢોચકું તો પલંગ નીચે પડયું હતું. તો પછી કદાચ નીચે ગયા હોય. રાજાએ મન સાથે સમાધાન કર્યું.

પણ સામે છેડે રાજાને ઉંઘ આવી ગઈ.. અને જોત જોતામાં સવાર થઈ ગઈ. રાજાને નગરીના ઘણા કામ હોવાથી રાતવાળી, ઘટના જાણે માનસ પરથી નીકળી ગઈ. એને એમ પણ લાગ્યું કે મારે આવું ના પુછવું જોઈએ. અપમાનજનક લાગે.. કયાંક રાજાએ એ વાત દબાવી.. ટાળી દીધી.. જોકે એ વાત રાજા ભુલ્યો તો નહોતો..

આજકાલ કરતાં એક માસ વીત્યો.. ઉનાળો ઉતરતો જતો હતો. કયાંક આકાશમાં છુટાછવાયા વાદળ ડોકાઈ જતા પણ વરસાદના કોઈ કશા એંધાણ ન હતા. એમાં પુનમ આવી.. રાજાનો પલંગ ધાબા પર પથરાયો.. ચાંદ નીકળ્યો પણ ગયા માસ જેવો ચોખ્ખો કે પુર્ણ દેખાતો ન હતો.. વચ્ચે વચ્ચે ખસતા વાદળ આવતા હોવાથી એક વાર આખો દેખાઈ જતો. કયાંક ડુબી જતો.. રાત્રી ખસતી હતી.. લોકો જંપી ગયા હતા.. કુતરા એમનો બેસુરો આલાપ છેડી રહ્યા હતા.. તો ઘુવડ ચીબરીની કીકીયારી છુટીછવાઈ આવી હતી.

રાત્રીના બાર સાડા બાર થયા હશે અને ચાંદ મધ્યમાંથી આગળ વધવાની તૈયારીમાં હતો. ત્યાં જ રાજા મેતુસિંહની આંખ ખુલી ગઈ. સીધી મધ્યમાં આકાશમાં ગઈ.. આકાશમાં આમ તો વાદળ ખસતાં હતા પણ જાણે ચંદ્ર ખસતો હોય અને પાછી સ્થિર હોવાનું લાગતું હતું. ત્યાં તો રાજાએ પડખું ફેરવ્યું.. પલંગ ખાલી હતો..

રાજાને ગઈ પુનમનું દ્રશ્ય યાદ આવી ગયું. ગઈ પુનમ વખતે આમ જ આંખ ખુલી હતી અને. .બાજુનો પલંગ ખાલી હતો. હમણાં આવશે એટલે પુછીશ એવી એક ગણતરી સાથે રાજા આંખો ખોલીને પડી રહ્યો પણ ઉંઘ આવી ગઈ અને સવાર પડી ગઈ.. રાજાનું રાણી સિતારા દેવીને રાત્રે જ પુછવાનું સ્વપ્ન ઈરાદો ચકનાચુર થઈ ગયો..

છતાંય સવારના પહોરમાં ક્રમ મુજબ ચા પાણી નાસ્તાના ટેબલ પર રાણી સીતારાદેવી અગાઉથી આવીને બેઠા હતા કે રાજા મેતુસિંહ આવતાંની સાથે જ રાત્રીની વાત કહી..

રાજાના પ્રશ્નથી રાણીની આંખો વિસ્ફારીત થઈ ગઈ પણ જવાબ ન આપતાં રાજાએ ફરીથી એનો એ સવાલ પુછયો.. આખરે રાણીથી ના રહેવાયું.. કહી દીધું એ બાબતે ન પુછો તો જ ઘણું સારૂં..

કેમ ? રાજાએ સવાલ કર્યો..

જાણવાનો પ્રયાસ કરશો તો.. રાણી સીતારાદેવી આગળ ન બોલ્યા.. પણ રાજા હઠે ભરાયો હતો. છતાં ત્રીજી પુનમની પ્રતિક્ષા કરવાની એક તૈયારી કરી દીધી. નમતું જોખ્યું..

આજકાલ કરતાં પાછો મહીનો પુરો થયો.. પલંગો ધાબા પર પથરાયા.. મધ્ય રાત્રી સુધી રાજાએ ઉંઘી જવાનો ડોળ કર્યો.. વાસ્તવમાં તે જાગતો હતો. રાણી સિતારાદેવી જાય એ પછી પાછળ પાછળ જવાનો પાકો ઈરાદો કરી દીધો..

મધ્યરાત્રીએ રાણી ઉભા થઈને જવા માટે જેવાં જેવાં સીડીએ આવ્યા કે રાજા ધીમેથી પાછળ પાછળ ગયો.. મહેલના પાછલે કોઈ બંદોબસ્ત ન હતો. સીતારાદેવી સ્મશાને પહોંચ્યા. રાજા પાછળ હતો.. લપાતો છુપાતો આગળ વધતો હતો. ત્યાં સ્મશાન પાસે ખંડેરમા એક કુંડમાં અગ્નિ ભડભડ બળબળતો હતો.. આવી સીતારા.. અવાજ રાજાના કાન સુધી આવ્યો.

હા.. મા આવી ગઈ છું પણ મારા પતિને મારી ઉપર શંકા ગઈ છે.. વાસ્તવમાં દર પુનમે નગરીના ભલા માટે અગ્નિકુંડમાં પડતું મુકું છું.રાજાએ સાંભળ્યું.. એણે દોડીને રાણીને પકડી લેવા પ્રયાસ કર્યો.. પણ.. એ પહેલાં સીતારાદેવી અગ્નિકુંડમાં પડી ચુકયા હતા.. એ પછી કયારેય સીતારાદેવી મેતુસિંહને મળ્યા નથી..

કરૂણાવતી નગરીના લોકો વિચારતા રહ્યા.. આખરે રાણી સાહેબા ગયા કયાં ? માત્ર રાજા જ જાણતા હતા...

-રેણુ વિષ્ણુકુમાર બારોટ
(અમદાવાદ)

થરામાં માર્કેટયાર્ડ...

પાના નં.૧ ચાલુ

મુખ્યમંત્રીએ જાહેરાત કરી છે. સતત લોકોની વચ્ચે રહી લોકોની સેવા કરવા વાળી ભાજપ સરકારે સાચેજ લોકોના દિલ જીતી લીધા છે.

મંત્રી કેશાજી ચૌહાણે પણ આ પ્રસંગે સરકારે પૂર વખતે કરેલ ભરપૂર મદદથી વ્યાપક જાનહાનિ ટળી હોવાનું જણાવ્યું હતું. ભારતસિંહ ભટેસરીયાએ જણાવેલ કે પૂરના સમયે મંત્રી શંકરભાઈ રાત દિવસ લોકો વચ્ચે રહીને લોકોને મુશ્કેલીમાં ખડે પગે મદદ કરી હતી. તેમની જાગૃતિથી વધુ જાનહાનિ ટળવા સાથે પુનઃ વસન ઝડપી થયું હતું. કિર્તીસિંહ વાઘેલાએ નર્મદા યોજના થકી થયેલ કામો અને તેમાં કોંગ્રેસના અવરોધો વિશે લોકોને જાણકારી આપી હતી. યુવાનો દ્વારા જલારામ મંદિરથી ભવ્ય બાઈક યાત્રા નિકળી હતી. ફિલ્મી કલાકાર ચંદુ રાવળે ગીતોની રમઝટ બોલાવી હતી. આ પ્રસંગે મહેશભાઈ દવે, રાજેન્દ્ર સ્વામી ડાયાભાઈ પીલીયાતર કિશોર પ્રજાપતિ ઈસુભા વાઘેલા મૂળરાજસિંહ વાઘેલા સુખદેવસિંહ સોઢા, મફાજી સોલંકી અમરતભાઈ આલ, હંસપૂરી ગોસ્વામી, અચરત લાલ ઠક્કર, નિરંજનભાઈ ઠક્કર, પૃથ્વીરાજસિંહ વાઘેલા તેજાજી ઠાકોર રાયમલભાઈ પટેલ, ધર્મેન્દ્રસિંહ વાઘેલા, ઝેણુભા વાઘેલા રમેશભાઈ દવે, રમેશભાઈ વાયડા, અશ્વિનભાઈ શાહ, ગુમાનસિંહ ચૌહાણ સંજયભાઈ દેસાઈ લેબજીભાઈ ઠાકોર ઈશ્વરભાઈ સહિત મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા.

પાલનપુર શહેર...

પાના નં.૧ ચાલુ

સામે વિરોધ વ્યક્ત કરતા શહેર પ્રમુખ સહિત ૨૬ હોદ્દેદારોએ પોતાના હોદ્દા પરથી રાજીનામું ધરી દીધું હતું. જે રાજીનામાંનો પત્ર સોશિયલ મીડિયામાં વાયરલ થતા ચકચાર મચી જવા પામી હતી. આમ, વિધાનસભાની ચૂંટણી ટાંણે જ શહેર કૉંગ્રેસ પ્રમુખ સહિતના હોદ્દેદારોના રાજીનામાંને પગલે કૉંગ્રેસમાં રાજકીય ભૂકંપ સર્જાયો છે. જોકે, વડગામ બાદ પાલનપુરમાં પણ કૉંગ્રેસમાં રાજકીય કમઠાણ સર્જાતા કૉંગ્રેસ માટે વિધાનસભાની ચૂંટણી કપરા ચઢાણ સમી પુરવાર થાય તેવી શક્યતાઓ વર્તાઈ રહી છે.

અમીરગઢ પોલીસે...

પાના નં.૧ ચાલુ

આઈ. એમ.બી. બારડ અને સ્ટાફના હસમુખભાઈ, બળવંતસિંહ, રોહિતકુમાર, અમરતભાઈ, રમેશભાઈ, ઈન્દ્રદાન નારણની ટીમોએ અંતરિયાળ પર્વત વિસ્તારોમાં સઘન શોધખોળ હાથ ધરી હતી અને લૂંટમાં સંડોવાયેલ ગરાસીયા ગેંગના ગોવારામ ભુનાજી ગરાસીયા(રહે.શિયાવા તા. આબુરોડ જિ.શિરોહી), દુદારામ સોમાજી ગરાસીયા(રહે.શિયાવા તા.આબુરોડ, જિ.શિરોહી) અને સોમારામ નારસારામ ગરાસીયા(રહે.માળીયાવાસ, શિયાવા તા.આબુરોડ, જિ.શિરોહી) ને લૂંટાના અસલ મુદ્દામાલ(કિંમત રૂ.૩૬,૫૫૦) સાથે ઝડપી પાડ્યા હતા. જે પૈકી બે રીઢા ગુનેગાર છે. જેઓ રાજસ્થાનના ૨૦ થી ૨૫ ગુનાઓમાં સંડોવાયેલા છે. જેમણે અમીરગઢ અને ઈકબાલગઢ વિસ્તારમાં અગાઉ પણ ચોરી કરેલ હોવાની કબુલાત કરી હતી. તેથી પોલીસે તેમના રીમાન્ડ લેવાની તજવીજ હાથ ધરી છે જેના કારણે અન્ય ઘણા ગુનાઓનો ભેદ ઉકેલાવાની શક્યતા છે.

ધાનેરાના ...

પાના નં.૧ ચાલુ

માંગણી કરી હતી. જેથી ખેડુતોએ ૩૫૦૦૦ તથા ૨૦૦૦૦ એમ ૫૫ હજાર રુપિયા તો આપી દિધેલા અને શુક્રવારે બીજા ૨૦૦૦૦ આપવાનો વાયદો હતો જેથી ખેડુતોએ જાગૃત બની એ.સી.બી. ને ફરીયાદ કરતા એ.સી.બી. ના પી.આઈ કે.જે. પટેલ તથા તેમની ટીમના માણસોએ ગંજબજારની શ્રીઈશ્વર ટ્રેડીંગ આગળ વોચ ગોઠવી હતી. જેમાં ગ્રામ સેવક અને તેમનો કોમ્પ્યુટર ઓપરેટર રમેશભાઈ મોહનભાઈ ચૌધરીને ૨૦ હજાર રુપિયા સ્વીકારતા ઝડપી લેવાયા હતા. એ.સી.બી. ની રેઈડની જાણ થતા બન્ને લોકોની હાલત દયનિય બની જવા પામી હતી. એ.સી.બી.એ બંને વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. બનાવના પગલે સરકારી કર્મચારીઓમાં સોંપો પડી ગયો હતો.

અતિવૃષ્ટિના પુર...

અનુસંધાન ૩ નુ ચાલુ..

જેથી આગામી ૨૦ ઓગષ્ટે ડિયાના હવાઈ પિલ્લરથી વિશાળ રેલી યોજી કલેક્ટરને આવેદન પત્ર અપાશે.જે માટે કોઈ ગામના અસરગ્રસ્ત રહી ન જાય તે માટે સરપંચો ડેલીગેટો ની બેઠક યોજી દરેક ગામના લોકોનો જોડાવા આહવાન કરાયું છે.

આસોદર ગામે...

અનુસંધાન ૩ નુ ચાલુ..

તેમજ આસોદર ગામના વડીલો અને ભાઈ બહેનોએ રથનો સત્કાર કરી આરતી પૂજન કર્યું. તેમજ આસોદર આદર્શ વિદ્યાલય ના બાળકો દ્વારા" નર્મદે સર્વદે" નાટીકા દ્વારા નર્મદાના નીરથી હરિયાળા ગુજરાત ની સમૃદ્ધિનો ચિતાર રજુ કર્યો હતો. તેમજ પ્રાથમીક શાળાની બાલિકા ઓ દ્વારા ગરબા દ્વારા ગુજરાતની સંસ્કૃતિનો ચિતાર રજુ કર્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી આદર્શ વિદ્યાલય આસોદર તથા પ્રાથમિક શાળાના સમ્રગ શિક્ષક મિત્રોના સહકારથી સંપન્ન થયો હતો.

થરાદમાં નર્મદા...

અનુસંધાન ૩ નુ ચાલુ..

મા નર્મદાના આગમન બાદ સરહદી પંથકમાં હરીયાળી અને લીલોતરી થતાં તેનો તમામ શ્રેય ભાજપની સરકાર અને તત્કાલીન મુખ્યમંત્રી અને અત્યારના દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને આપ્યો હતો.નર્મદામૈયાના આગમનબાદ સરહદી પંથકની સુકી ધરતી નવપલ્લવીત બનીને હરીયાળી થતાં સરહદી પંથકના ખેડુતો પણ બે પાંદડે થવા પામ્યા છે.

દીઓદર વિધાનસભા...

અનુસંધાન ૩ નુ ચાલુ..

તેમણે ભાજપ ઉપર આકરા પ્રહારો કરતાં જણાવેલ કે ભાજપની સરકારથી સૌ કોઈ કંટાળી ગયા છે અને હવે લોકો કોંગ્રેસમાં જોડાઈ રહ્યા છે.આ પ્રસંગે કોંગ્રેસના અગ્રણીઓએ વિવિધ પ્રાસાંગીક ઉદ્‌બોધન કરેલ.આ પ્રસંગે ગાંગોલ ગામે યોજાયેલ સંયુક્ત સંમેલનમાં વિવિધ સમાજના યુવાનો કોંગ્રેસમાં જોડાયેલ તેમને કોંગ્રેસના અગ્રણીઓ દ્વારા ખેસ પહેરાવી આવકારવામાં આવેલ.

આ પ્રસંગે દીઓદર કોંગ્રેસ અગ્રણી અને દીઓદર માર્કેટયાર્ડના ચેરમેન શીવાભાઈ ભુરીયા,દીઓદર તાલુકા સંઘના પૂર્વ ચેરમેન માલજીભાઈ દેસાઈ,ગુજરાત કોંગ્રેસ પંચાયત સેલના ચેરમેન ભરતસિંહજી વાઘેલા,દીઓદર તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ ભારતીબેન ચૌધરી,દીઓદર તાલુકા કોંગ્રેસ પ્રમુખ નરસિંહભાઈ દેસાઈ,કોંગ્રેસ અગ્રણી જગમાલભાઈ ચૌધરી, દીઓદર તાલુકા પંચાયત સદસ્ય રાજાભાઈ પટેલ,સુરેશભાઈ દેસાઈ,દેવસીભાઈ પટેલ,દી.તા.યુથ કોંગ્રેસ ઉપપ્રમુખ ભરતભાઈ ચૌધરી સહીત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહેલ.

અમીરગઢ ચેકપોસ્ટ...

અનુસંધાન ૩ નુ ચાલુ..

કન્ટેનર કિ. રૂા.૧૦ લાખ પાવડરના કટ્ટા ૨૦૦, કિં.૬૨,૫૦૦ મળીને કુલ રૂા.૨૫,૨૭,૫૦૦ (૨૫.૨૭ લાખ) નો મુદ્દામાલ મળી આવતાં પોલીસે કન્ટેનરના ચાલક પપ્પુસિંહ બાબુસિંહ રાવત (રાજપુત) અને ખલાસી જવાનસિંહ મોહનસિંહ રાવતની ધરપકડ કરી હતી. તેમજ બંને ઈસમો વિરૂધ્ધ અમીરગઢ પો.સ્ટે. પ્રોહી.ગુ.ર.નં. ૩૦૨/૧૭ પ્રોહી.એક્ટ કલમ ૬૫ એઈ૮૧,૮૩, ૯૮(૨) મુજબ ગુનો નોંધી તપાસ અમીરગઢ પો.સબ.ઈન્સપેક્ટર એમ.બી.બારડ ચલાવી રહ્યા છે.

૨૦૧૨ ની વિધાનસભા...

પાના નં.૮ ચાલુ

ધારાસભ્ય બન્યાં. પરંતુ ૨૦૧૪ માં ભાજપે લીલાધર વાઘેલાને પાટણ લોકસભાની ટિકિટ આપી, ઠાકોર મતો પર પ્રભુત્વ ધરાવતા લીલાધર વાઘેલાની લીલા મતદારો પર છવાઈ ગઈ. અને તેઓ પાટણના સાંસદ બનવામાં સફળ રહ્યા. જેના પરીણામે ડીસા વિધાનસભા સીટ ખાલી થઈ. અને ૨૦૧૪ માં યોજાયેલી પેટા ચૂંટણીમાં કોંગ્રેસે આ વખતે પોતાના મજબુત ઉમેદવાર એવા ગોવાભાઈ રબારીને ટિકિટ આપી તેઓએ જીત માટે 'એડી-ચોટી' નું જોર લગાવ્યું. જેમાં કોંગ્રેસ સફળ રહ્યું. બીજી તરફ ભાજપે સામાન્ય કાર્યકર એવા લેબજી ઠાકોરને ટિકિટ આપતાં આ વખતે ડીસા ભાજપના પ્રથમ હરોળના નેતાઓમાં નારાજગી ઉભી થઈ. જેના ફળસ્વરૂપે ભાજપે ડીસા બેઠક ગુમાવવાનો વારો આવ્યો, આ પેટા ચૂંટણીમાં કોંગ્રેસના ગોવાભાઈ રબારી સરળતાથી જીતી ધારાસભ્ય બન્યાં.

દિયોદર બેઠક પર ૨૦૧૨ માં ભાજપે કેશાજી ચૌહાણને ટિકિટ આપી. જેઓ ૭૬,૨૬૫ મતો મેળવી ધારાસભ્ય બનવામાં સફળ રહ્યા. હાલમાં તેઓ ભાજપ સરકારમાં ઓ.બી.સી. કલ્યાણ વિકાસ વિભાગમાં રાજ્યમંત્રી તરીકે ફરજ બજાવી રહ્યા છે. જ્યારે, કોંગ્રેસના ગોવાભાઈ રબારીને માત્ર ૫૫,૪૫૬ મતોજ પ્રાપ્ત થતાં ૨૦૧૨ માં ગોવાભાઈ દિયોદર સીટ પરથી હારી ચૂકયા હતા. જોકે, ૨૦૧૪માં ડીસા વિધાનસભાની પેટા ચૂંટણીએ તેમને ડીસાના ધારાસભ્ય બનાવી દીધા. આ ચૂંટણીમાં અપક્ષ ઉમેદવાર વાઘેલા હિરાભાઈ એકલા હાથે ૧૨,૮૮૨ મતો મેળવવામાં સફળ રહેતા તેઓએ હાર - જીતના સમીકરણો બદલવામાં મુખ્ય ભૂમિકા નિભાવી હતી. આ ચૂંટણીમાં કેશાજી ચૌહાણે જીત મેળવી ધારાસભ્યથી મંત્રી સુધીની સફર પૂર્ણ કરી. ધાનેરા વિધાનસભા બેઠક પર ૨૦૧૨ માં કોંગ્રેસે જોઈતાભાઈ પટેલને ટિકિટ આપી હતી. જ્યારે ભાજપે ચાલુ ધારાસભ્ય મફતલાલ પુરોહિતને રિપિટ કરવાને બદલે વસંતભાઈ પુરોહિત પર વિશ્વાસ દાખવ્યો. પરંતુ ભાજપનો આ વિશ્વાસ નિષ્ફળ નિવડયો. કોંગ્રેસના જોઈતાભાઈ સામે અપક્ષ ઉમેદવારી કરનાર પક્ષના નથાભાઈ પટેલે પોતાનું ફોર્મ પાછું ખેંચી લેતાં કોંગ્રેસના મતોનું ધ્રુવીકરણ થતું અટકયું. પરીણામે કોંગ્રેસના જોઈતાભાઈ પટેલ ૮૭,૪૬૦ મતો મેળવવામાં સફળ રહ્યાં. તો ભાજપના વસંતભાઈ પુરોહિત માત્ર ૫૭,૧૬૯ મતો જ મેળવી શકતાં કોંગ્રેસના જોઈતાભાઈ પટેલ ૩૦,૨૯૧ મતોથી જીત મેળવવામાં સફળ રહ્યાં.

કાંકરેજ વિધાનસભા બેઠક પર ૨૦૧૨ માં ભારે રોમાંચક જંગ જામ્યો હતો. કોંગ્રેસના ધારશીભાઈ ને ભાજપના કિર્તીસિંહ વાઘેલાએ મજબૂત ટક્કર આપી. કોંગ્રેસના ધારશીભાઈ ખાનપુરાને ૭૩,૯૦૦ મતો મળ્યાં, જ્યારે ભાજપના કિર્તીસિંહ વાઘેલાને ૭૩,૩૦૦ મતો પ્રાપ્ત થયાં. આમ, આ ચૂંટણીમાં ૬૦૦ મતોથી જીત મેળવી ધારશી ખાનપુરા કાંકરેજના ધારાસભ્ય બનવામાં સફળ રહ્યાં.

થરાદ વિધાનસભા બેઠક પર પણ ૨૦૧૨ માં ભારે રસાકસી જામી હતી. ભાજપ - કોંગ્રેસની હાર - જીત નક્કી કરવામાં અપક્ષ ઉમેદવાર શાંતિભાઈ ઝેરડીયાએ મહત્વની ભૂમિકા નિભાવી હતી. તેઓ એકલા હાથે ૧૪,૦૭૪ મતો મેળવવામાં સફળ રહેતાં આ સીટ પર ભાજપ - કોંગ્રેસ માંથી કોણ જીતશે તે કહેવું મુશ્કેલ બન્યું હતું. પરંતુ, થરાદના શહેરી મતદારો પર ભાજપ પકડ ધરાવતું હોવાથી ભાજપના પરબતભાઈ પટેલ ૩,૪૭૩ મતોથી થરાદના ધારાસભ્ય બનવામાં સફળ રહ્યાં. આ ચૂંટણીમાં ભાજપના પરબતભાઈને ૬૮,૫૧૭ મતો મળ્યાં હતા. જ્યારે કોંગ્રેસના માવજીભાઈને ૬૫,૦૪૪ મતો પ્રાપ્ત થયાં હતા.

વાવ વિધાનસભા બેઠક ૨૦૧૨ માં થરાદથી અલગ પડતાં આ બેઠક માટે પ્રથમ વખત ચૂંટણી યોજાઈ. જેમાં ભાજપે શંકરભાઈ લગધીરભાઈ ચૌધરીને ટિકિટ આપી જયારે કોંગ્રેસે મહિલા ઉમેદવાર ગેનીબેન ઠાકોરને ચૂંટણી મેદાનમાં ઉતાર્યા, તો એન.સી.પી. તરફથી ચંદુભાઈ ઠક્કરે ઉમેદવારી નોંધાવતા આ બેઠક પર ત્રીપાંખીયો જંગ જામ્યો હતો. જેમાં મતોનું ધ્રુવીકરણ થતાં ભાજપના શંકરભાઈ ચૌધરી ૧૧,૯૩૭ મતોથી જીત મેળવવામાં સફળ રહ્યાં. આ ચુંટણીમાં ભાજપના શંકરભાઈ ચૌધરીને ૭૧,૯૦૮ મતો મળ્યાં, જ્યારે કોંગ્રેસના ગેનીબેન ઠાકોરને ૫૯,૯૭૪ મતો પ્રાપ્ત થયાં. તો એન.સી.પી.ના ચંદુભાઈ ઠક્કરને ૨૯,૯૫૯ મતો પ્રાપ્ત થયા હતાં.

વડગામ બેઠક અનુસૂચિત જાતિ માટે અનામત હોવાથી કોંગ્રેસે ભાજપના દિગ્ગજ નેતા ફકીરભાઈ વાઘેલાને હરાવવા મણિભાઈ વાઘેલાને ટિકિટ આપી. જેમાં કોંગ્રેસના મણિભાઈ જીત મેળવવામાં સફળ રહ્યાં. આ ચૂંટણીમાં કોંગ્રેસના મણિભાઈ વાઘેલાને ૯૦,૩૭૫ મતો મળ્યાં હતા. જ્યારે ભાજપના ફકીરભાઈ વાઘેલા ને માત્ર ૬૮,૫૩૬ મતો જ પ્રાપ્ત થયાં કોંગ્રેસનો ૨૧,૮૩૯ મતોથી વિજય થયો. આ ચૂંટણીમાં ભાજપના દિગ્ગજ નેતા અને મંત્રી ફકીરભાઈ ને તમામના આશ્ચર્ય વચ્ચે હારનો સામનો કરવો પડ્યો હતો. ૨૦૧૪ માં તેઓનું નિધન થતાં ભાજપે એક કદાવર નેતાને ગુમાવવો પડ્યો.

દાંતા વિધાનસભા બેઠક ૨૦૧૨ થી અનુસુચિત જન જાતિ માટે અનામત થતાં આ વખતે ભાજપ અને કોંગ્રેસ બંને પક્ષે સામાન્ય કાર્યકરોને ચૂંટણી મેદાનમાં ઉતાર્યા, જેમાં કોંગ્રેસના કાન્તિભાઈ ખરાડીને ૭૩,૦૭૬ મતો પ્રાપ્ત થયાં. જ્યારે, ભાજપના ગમાભાઈ ખરાડીને માત્ર ૪૬,૩૮૬ મતોજ પ્રાપ્ત થયાં. આમ, દાંતા બેઠક પર કોંગ્રેસના કાન્તિભાઈ ખરાડીનો ૨૬,૬૯૦ મતોથી વિજય થતાં કોંગ્રેસ દાંતા બેઠક કબ્જે કરવામાં સફળ રહ્યું.

૨૦૧૨ ની બનાસકાંઠા વિધાનસભા ચૂંટણીમાં હાલમાંથી ૯ માંથી ૬ બેઠકો પર કોંગ્રેસનો કબ્જો છે, જ્યારે ૩ સીટ પર ભાજપનો કેસરીયો છવાયેલો છે. ૨૦૧૭ ની ચૂંટણીમાં મતદારો એવા ઉમેદવારને ઈચ્છી રહ્યા છે જે જનતાની વચ્ચે રહી જનતાના પ્રાણપ્રશ્નોને ઉકેલવામાં સહયોગી બને. હવે જોવાનું એ રહે છે કે ભાજપ - કોંગ્રેસ કેવા ઉમેદવારોને ચૂંટણી મેદાનમાં ઉતારે છે ?

ડીસાના વેપારીઓ ...

પાના નં.૮ ચાલુ

હાઈવે વિસ્તારમાં આવેલી વેપારી પેઢીઓ પર છેલ્લા ઘણા સમયથી એક વ્યક્તિ સ્થાનિક વેપારીઓ સાથે છેતરપીડી કરતો હોવાની ઘટનાઓ બની રહી હતી. આ વેપારી પેઢીઓ પર એક શખ્સ ખરીદીના બહાને આવતો અને ત્યારબાદ વેપારીઓને વાતે વળગાડી નજર ચૂકવી અલગ અલગ વસ્તુ બતાવવાનું કહીને નાણા આપી દીધા છે તેમ કહી છેતરપીડી કરતો હતો. અત્યારસુધી ડીસાના હાઈવે વિસ્તારમાં આવેલી લક્ષ્મી ખાતર ડેપો, પૂજા ટાઈલ્સ અને અંબિકા એગ્રોમાં પણ અગાઉ આ શખ્સે આવીને ખરીદી કરવાના બહાને દુકાનદારોને છેતરી દીધા હતા. વારંવાર છેતરપીડીનો ભોગ બનેલા વેપારીઓ હવે ચોકન્ના થઇ ચુક્યા હતા અને આજે એકવાર ફરી એ જ યુવક આનંદ ટાઈલ્સમાં છેતરપીડી કરવાના બદ ઈરાદે આવતા ચોકન્ના બનેલા વેપારીઓએ તેને ઝડપી પાડ્યો હતો અને તેની ઉલટ તપાસ કરતા આ શખ્સે કબુલાત પણ કરી લીધી હતી.વેપારીઓના હાથે ઝડપાઈ ગયેલા આ શખ્સે તેનું નામ ભુપતસિંહ જણાવ્યું હતું અને તે પાલનપુરનો રહેવાશી હોવાનું જણાવી રહ્યો છે. આ ઘટના સ્થાનિક લોકોએ એકત્રિત થઈને તાત્કાલિક પોલીસને જાણ કરતા ડીસા શહેર દક્ષીણ પોલીસે ઘટનાસ્થળે પહોંચીને છેતરપીડી કરવા આવેલા શખ્સની અટકાયત કરી હતી.

મુડેઠાના તળાવમાં ...

પાના નં.૮ ચાલુ

જે તળાવ નજીક રમતો હોઈ અચાનક પગ લપસી જતા તળાવની ચિકણી માટીમાં ડૂબી મર્યો હતો. જે બાબતની પોલીસને જાણ કરતા પોલીસ દોડી આવી હતી ભીલડી સિવિલમાં પોસ્ટમોર્ટમ બાદ લાશ પરિવારજનોને સોપતા તેમના હૈયાફાટ રૂદનથી હૃદયદ્રાવક દ્રશ્યો સર્જાયા હતા. બનાવના પગલે ગામમાં અરેરાટી છવાઈ હતી. શાળા પરિવારે પણ મૃતકના માનમાં મૌન પાળી અંજલિ આપી હતી.

કાંકરેજ તાલુકાના..

પાના નં.૮ ચાલુ

તાલુકાના ભાજપ પ્રમુખ ડાયાભાઈ પીલીયાતર અમૃતભાઈ આલ ખેતી કાર્ય કરતા શિક્ષણ લઈને આજે મામલતદાર સુધી પહોંચ્યા છે. તેમ જણાવી બહુમાન કર્યું હતું. આ પ્રસંગે તાલુકા પંચાયત પ્રમુખ મફાજી સોલંકી, અમરતભાઈ ઠક્કર, મહામંત્રીઓ કિશોર બી. પ્રજાપતિ, ઈશુભા થરા શહેરના પૂર્વ પ્રમુખ, પૃથ્વીરાજસિંહ વાઘેલા, કનુભાઈ ઠક્કર તેમજ ઠાકોર ફકુભાઈ સાંચોરા (લઘુમતી મહામંત્રી), હંસપુરી ગૌસ્વામી, ડો.ભારતીબેન સોની, હીનાબેન મેવાડા, રમેશભાઈ જોષી, નિરંજનભાઈ ઠક્કર, હેમાભાઈ વાઘેલા, રામભા સોલંકી, હર્ષદભાઈ ઠક્કર, જયંતિભાઈ ઠાકોર, સામંતસિંહ વાઘેલા, પ્રવિણભાઈ પરમાર, આચાર્ય તેમજ ગ્રામજનોની હાજરીમાં બાળકોને કીટ વિતરણ કરાયું હતું.

ડીસા તાલુકામાં ..

પાના નં.૮ ચાલુ

અને ખેડુતોમાં ખુશી જોવા મળી હતી. પણ ડીસા પંથકના કેટલાક વિસ્તારોમાં જોરદાર વરસાદ વચ્ચે પણ કોરાધાકોર રહી જવા પામ્યા હતા. જેથી કહેવાય છે કે ભાદરવા માસમાં વાદળો ચડે ત્યાં પડે એટલે એક દિશામાં વરસાદ હોય તો બીજી તરફ ના પણ હોય તેમ ગુરુવારના દિવસે બનતા લોકો પણ કુદરતના મહેરને જોઈ રહ્યા હતા. દરમ્યાન, ગઈકાલે પણ વાદળછાયા વાતાવરણ વચ્ચે પવન સાથે સામાન્ય વરસાદ થયો હતો.

થરાદની નહેરમાં ..

પાના નં.૮ ચાલુ

શિવનગર વિસ્તારમાં રહેતો અને માર્કેટયાર્ડમાં હમાલનું કામ કરતો ઉત્તમભાઈ ગેનાજી સોલંકી નામનો ૪૦ વર્ષીય યુવક બુધવારના સાંજના ચારેક વાગ્યાના સુમારેથી ગુમ થઇ ગયો હતો.જે રાતે મોડા સુધી ઘેર પરત નહી આવતાં તેના પરિવારે પગેરૂ લીધું હતું. બીજી બાજુ ઢીમા નર્મદાના પુલપરથી કપડાં, ચંપલ અને હમાલીનો બોરી ઉંચકવાનો આંકડો મળી આવતાં તે ઉત્તમનો હોવાનો પરિવારે ઓળખી જતાં નગરપાલિકાના તરવૈયા સુલતાનમીરને બોલાવી ગુરૂવારની સવારથી તેની શોધખોળ હાથ ધરી હતી જે શુક્રવારે પણ યથાવત રાખી હતી.પરંતુ નહેરમાંથી તેની કોઇ ભાળ મળી ન હતી.બીજી બાજુ તેનો મોબાઇલ અને ખિસ્સામાં રહેતા પૈસા કપડાં સાથે ન હોઇ અને ફોન ચાલુ હોવા છતાં પણ રીસીવ નહી થતો હોઇ તે જીવીત હોવાની આશંકાઓ વચ્ચે સુઇગામ તરફની એક હોટલ પણ હોવાના સમાચાર મળતાં પરિવાર એ બાજુ પણ દોડ્યો હતો.આ બનાવથી ચકચાર મચવા પામી હતી.

દિયોદરના ગ્રામ..

પાના નં.૮ ચાલુ

કર્મચારીઓ ફરજ બજાવે છે. તેમાંથી રોજમદાર તેમજ દૈનિક પગાર દારી કર્મચારીઓ સિવાય તમામને છુટા કરવાનો નિર્ણય કરાયો છે. ગ્રામ પંચાયતના ૮ સદસ્યો આ નિર્ણયનો ઉગ્ર વિરોધ કરી તાબડ તોબ તલાટીને લેખીતમાં વાંધા અરજી રજુ કરી છે. જે અંગે વાંધા સુચનો ધ્યાને લીધા બાદ ૧/૪/૨૦૧૮ થી અમલમાં આવશે.

આદિવાસી શાળા ઉપલા બંધ નું ગૌરવ

અમીરગઢ

અમીરગઢ તાલુકા માં કિડોતર સી.આર. સી દ્વારા ગણિત વિજ્ઞાન અને પર્યાવરણ નું પ્રદર્શન યોજાયું હતું. જેમા આદિવાસી શાળા ઉપલા બંધ એ સ્વાસ્થ્ય અને સુખાકારી કૃતિ માં ભાગ લીધો હતો.અને આ શાળાનો અમીરગઢ તાલુકામાં પ્રથમ નંબર આવ્યો હતો. જેમાં માર્ગદર્શન ગામી ધૂળાભાઈ એ આપ્યું હતું. ત્યારે આ કૃતિ માં ચમનભાઈ અને હરેશભાઈ એભાગ લઈ શાળાનું ગૌરવ વધાર્યું હતું.

લાઈટ... કેમેરા... એક્શન....

તાલેગઢની પ્રાથમિક શાળામાં લઘુ ફિલ્મનું મુહૂર્ત

ડીસા

ડીસાની તાલેગઢ પ્રાથમિક શાળા ખાતે 'ભારતને સ્વચ્છ બનાવવા મારું યોગદાન' લઘુ 'ફિલ્મનું આયોજન કરાયું છે. જેમાં રાષ્ટ્રીય પારિતોષિક વિજેતા શિક્ષક ચંદુભાઈ (એ.ટી.ડી.) તેમજ તેમની ટીમે પ્રશંસનીય કામગીરી કરી હતી. નોંધનીય છે કે, તાલેગઢ પ્રાથમિક શાળાને ૨૦૦૯ માં દિવ્ય શાળા એવોર્ડ તેમજ ૨૦૧૭ માં સ્વચ્છતા એવોર્ડ પ્રાપ્ત થયેલ છે. હાલમાં સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત સમગ્ર દેશમાં સ્વચ્છતા પર લઘુફિલ્મ, વકતૃત્વ સ્પર્ધા અને ચિત્ર સ્પર્ધાનું આયોજન ચાલી રહ્યું છે.

પિલુચા સી.પી.શાહ પ્રાથમિક શાળામાં સ્વયં શિક્ષક દિન ઉજવાયો

પ્રતિનિધિ પિલુચા

૫. સપ્ટેમ્બરએ દેશભરમાં શ્રેષ્ઠ શિક્ષક અને પૂર્વ રાષ્ટ્રપતિ એવા ડૉ.સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મદિન તરીકે ઉજવવામાં આવે છે. જેના ભાગરૂપે વડગામના પિલુચામાં શ્રી સી.પી.શાહ પ્રાથમિક શાળા ખાતે તા. ૧૨/૯/૨૦૧૭ ને મંગળવારે શિક્ષકદિન ઉજવવામાં આવ્યો હતો. જેમાં ધો.૧ થી ૮ સુધી ભણતા વિદ્યાર્થીઓને એક દિવસ પુરતા શિક્ષકો બનાવાયા હતા.

જ્યારે ધો.૮ માં અભ્યાસ કરતા મૌલિક એ. મકવાણાને આચાર્યની પદવી સોંપવામાં આવી હતી અને એક દિવસ માટે બનેલા શિક્ષકો દ્વારા જુદા- જુદા વર્ગોમાં જઈને બાળકોને ભણાવ્યા હતા. આ કાર્યક્રમના અંતે શાળાના આચાર્ય જીગ્નેશભાઈ મોઢ દ્વારા ડૉ.સર્વપલ્લી રાધાકૃષ્ણનના જીવન પ્રસંગો અને કાર્યોથી વિદ્યાર્થીઓને સમજણ આપી હતી.

વડગામ પ્રા.શાળા ૧માં ગણિત વિજ્ઞાન અને પર્યાવરણ પ્રદર્શન યોજાયું

(તા.પ્રતિનિધિ) વડગામ

તાલુકા મથક વડગામ આવેલ પ્રા.૧ માં તાલુકા કક્ષાનું વિવિધ શાળાઓ દ્વારા ગણિત વિજ્ઞાન અને પર્યાવરણ નું પ્રદર્શન યોજાયું હતું. આ પ્રદર્શન માં સી.આર. સી.કક્ષાએ વિજેતા બનેલ વિદ્યાર્થીઓ ગણિત વિજ્ઞાન અને પર્યાવરણ ૧૮ કૃતિ ઓ રજૂ કરી હતી. અને ૧૮૦ બાળકોએ આ પ્રદર્શનમાં ભાગ લીધો હતો. આ કાર્યક્રમ માં વડગામ સરપંચ ભગવાનસિંહ, તાલુકા શિક્ષણ દેશમુખ, તાલુકા આરોગ્ય ડૉ. ગઢવી સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સ્થાનિક બજાર ભાવ

ચોકસી બજાર(કીલોના)	
ચાંદી ચોરસા	**૪૦૭૦૦-૪૧૦૦૦**
રૂપુ કાચું	૪૦૭૦૦-૪૧૦૦૦
સોનુ તોલો	૩૦૨૦૦-૩૦૫૦૦
તેલ બજાર	
રાધે પામોલીન	**૮૯૦-૯૬૦**
પામોલીન	૮૮૫-૯૭૦
સોયા રીફાઈન	૧૨૬૦
રાયડાતેલ ૧૫કી.	૧૧૧૦-૧૨૭૦
સીંગતેલ૧૫ કી.	૧૪૦૦
સીંગતેલ ૧૫ લી.	૧૨૯૦
સીગતેલ ૫ લી.	૪૪૦
તિરૂપતી કપા.	૧૨૧૦
૫ લીટર	૪૦૦
વનસ્પતિ ઘી	૧૦૦૦-૧૧૦૦
કોપરેલ ૧૫ કિલો	૨૨૦૦-૨૬૦૦
૫ કે. કોપરેલ	૮૬૦
૫લી. અંકુર સીંગતેલ	૪૪૦
૧૫ લીટર સનફલાય	**૧૧૮૦**
ટાયગર રાયડા તેલ ૧૫ કી.	૧૨૨૦
૫ લી.	૩૭૦
૨ લી.	૧૫૭
ચોખા-દાળ બજાર	
(૧૦૦ કીલોના ભાવ)	
ગેટવે પ્રીમીયમ	૬૫૦૦
ગેટ વ. રોયલ	૫૫૦૦
ગેટવે રેગ્યુલર	૫૦૦૦
ગેટવે રીઝાના	૪૫૦૦
ગેટવે એવરેડી	૪૦૦૦
ગેટવે ડેઈલી	૩૫૦૦
ઈ.ગેટ ક્લાસીક ૨૫ કી.	૧૪૦૦૦
ઈ.ગેટ ક્લાસીક ૧૦ કી.	૧૪૨૦૦
ઈ.ગેટ ક્લાસીક ૫ કી.	૧૪૨૦૦
ઈ.ગેટ ક્લાસીક ૧ કી.	૧૪૪૦૦
ઈ.ગેટ સુપર ૨૫+૫ કી.	૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૧૦ કી.	૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૫ કી.	૧૧૬૦૦
ઈ.ગેટ સુપર ૧ કી.	૧૦૭૦૦
ઈ.ગેટતીબાર ૨૫ કી.	૮૦૦૦
ઈ.ગેટ તી બાર ૧૦ કી.	૮૧૦૦
ઈ.ગેટતીબાર ૫ કી.	૮૫૦૦
ઈ.ગેટતીબાર ૧ કી.	૮૫૦૦
ઈ.ગેટ દુબાર ૨૫ કી.	૭૫૦૦
ઈ.ગેટ દુબાર ૧૦ કી.	૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૫ કી.	૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૧ કી.	૮૦૦૦
દુન પ્રીમીયમ	૯૦૦૦
દુન તીબાર ૨૫ કી.	૭૭૦૦
દુન તીબાર ૧૦ કી.	૭૨૦૦
દુન તીબાર ૫ કી.	૮૨૦૦
દુન તીબાર ૧ કી.	૮૨૦૦
નર્મદા મગ પોલીસ	૫૮૦૦
મગદાળ નર્મદા સુપર	૫૮૦૦
નર્મદા મગ મોગર	૬૦૦૦
મગમોગરનર્મદાપ્રીમી	૬૧૦૦
નર્મદા અડદદાળ	૬૯૦૦
દુન દેહરાદુન દુબાર જુના	૭૦૦૦
દુન દહેરાદૂન મીની દુબારજુના	૫૦૦૦
દુન દહેરાદૂન સુ.મો.જુના	૪૫૦૦
દુન દહેરાદૂન મી.મો.જુના	૩૮૦૦
દુન કણકી જુની	૩૦૦૦
ઈન્ડિયા ગેટ મીની જુના	૪૫૦૦
ઈન્ડિયા ગેટ મોગરો	૪૪૦૦
ઈન્ડિયા ગેટ કણકી	૨૮૦૦
ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા	૬૮૦૦
હાથી ૮૧૭ આખા નવા	૭૭૦૦
હાથી૮૧૭ નવા દુબાર પાંણાં	૫૮૦૦
તુવરદાળ કૃષ્ણા	૭૦૦૦
તુવરદાળ રેંટીયો કિ.૫	૯૦૦૦
તુવરદાળ ખીડીયાર	૬૧૦૦
દાવત સીલેક્ટનવા	૮૮૦૦
દાવત સુપર જુના	૧૧૦૦૦
દાવત દીલખુશ નવા	૭૫૦૦
દાવત દીલખુશ જુના	૬૫૦૦
દાવત દુબાર જુના	૭૦૦૦
દાવત રોઝાના જુના	૫૫૦૦
દાવત ૭૦ જુના	૪૩૦૦
દાવત ૬૦ મીની જુના	૩૫૦૦
લાલ કીલ્લો મેજીસ્ટીક	૯૦૦૦
લાલ કીલ્લો પ્રીમીયમ	૮૦૦૦
લાલ કીલ્લો તીબાર	૭૦૦૦
લાલ કિલ્લો દુબાર	૫૫૦૦
લાલ કિલ્લો મોગરો	૪૫૦૦
હેરીટેઝ એક્ષએક્ષએલ	૮૫૦૦
હેરીટેજ તીબાર	૭૨૦૦
હેરીટેજ દુબાર	૫૫૦૦
હેરીટેજ મીની દુબા	૪૫૦૦
કાયનાત પી	૮૫૦૦
કાયનાત સુપર	૮૦૦૦
કાયનાત	૬૮૦૦
રાજા બાસમતી	૪૦૦૦
કુરૂક્ષેત્ર	૫૮૦૦
એપ્પલ પ્રીમીય	૪૮૦૦
ઓરેન્જ	૬૦૦૦
દાવત અપ્સરા	૫૦૦૦
જીરાસર ચંદન	૩૮૦૦
ચણાદાળ ૪૪૪	૭૮૦૦
મગદાળ સમરદીપ	૭૨૦૦
મગમોગર રીયલ	૮૦૦૦
અડદદાળ અક્ષર	૮૩૦૦૦
મગ	૫૭૦૦
અંગુર તુવેરદાળ	૬૦૦૦
અંગુરતુવેરદાળઆયાતી	૬૪૦૦
ગાય છાપ તુવેરદાળ	૬૦૦૦
કિસાન તુવેરદાળ	૬૨૦૦
પરખ ગોલ્ડ પ્રીમીયમ	૬૦૦૦
પરખ સ્પેશીયલ	૫૨૦૦
લાલપરી તીબાર જુના	૪૨૦૦
લાલપરી દુબાર જુના	૩૮૦૦
લાલપરી સ્પેશી.નવા	૪૪૦૦
લાલપરી દુબાર નવા	૩૯૦૦
રોયલ ટેસ્ટ બાસમતી	૪૦૦૦
લાલમંદિર બાસમતી	૩૬૦૦
ખાંડ બજાર	
(બોરીના ભાવ)	
ખાંડ એસ.	**૩૮૫૦-૪૦૨૦**
ખાંડ એમ.	**૪૦૦૦**
ખાંડએલ.	૪૦૫૦-૪૦૦૦
ચા-બજાર	
સુરજ છાપ ચા	૩૦૦
હરણ છાપ ચા	૨૨૦
આખા મરચાં-હળદર	
હળદર આખી રાજાપુરી	૭૦-૧૨૦
હળદર આખી રાજાપુરી ગટ્ટા	૧૦૦-૧૪૦
હળદર આખી સેલમ	૯૦
હળદર તળેલી સાંગલી	૮૦
મરચા વન્ડર હાટ	૨૦૫૦
મરચા વન્ડર મીડીયમ	૧૭૦૦
મરચા તેજા	૧૮૦૦
મરચું ગંતુર મીડીયમ	૧૯૦૦-૨૦૦૦
મરચા ટોમેટો	૨૨૦૦
મરચા ટોમેટો મીડીયમ	૧૯૦૦
કાશ્મીરી	૯૦
કાશ્મીરી મમરી	૯૦
સુપર પટની	૧૦૫
સુપર રજવાડી	૧૯૦
મરચા ડેડીકટ	૧૨૫
મરચાં	૫૮૦૦
ગોળ બજાર	
વડેચા ગોલ્ડ ૧૦ કે	૪૪૦૦
વડેચા રજી ૧૦ કે.	૪૬૦૦
વડેચા ૫ કી.	૪૮૦૦
વડેચા ૧ કી.	૫૦૦૦
વડેચા ૨૫૦ ગ્રામ	૫૦૦૦
સાંગલી ૧૦ કે.	૪૩૦૦
ખોળ બજાર	
દાણ ૭૦ કી.ગ્રા.	૬૫૦
મોરબી ખોળ	૯૫૦-૧૦૦૦
જીરાળુ	૧૭૪૦
ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા.	૯૨૦-૧૫૪૦
મકાઈ ૩૫ કી.ગ્રા.	૫૩૦
જવ ભરડો ૩૫ કી.ગ્રા.	૫૭૦
પરચુરણ	
સોજી	૮૬૦
મેંદો	૮૬૦
શ્રીફળ એમ.	૮૮૦
નિરમા સાબુ	૫૨૫
મેદી	૬૦-૧૦૦
અજમો	૧૫૦-૨૪૦
સાકરીયા	૪૫૦૦
ખાંડ બુરૂ	૪૨૦૦
કોકમ ફુલ	૧૮૦
એલચી	૧૧૦૦-૧૪૦૦
મોરૈયો	૬૫-૯૪
તલ	૯૦-૧૦૦
ખસ-ખસ	૩૫૦-૫૮૦
સીંગદાણા	૬૫-૮૦
શાકભાજી(૨૦ કિલોના ભાવ)	
દુધી	૩૦૦-૪૦૦
સુકી ડુંગળી	૩૦૦-૪૦૦
લસણ	૭૦૦-૮૦૦
ધાણા	૧૦૦૦-૧૨૦૦
મરચાં	૪૦૦-૫૦૦
લીંબુ	૪૦૦-૫૦૦
અડવી પત્તા	૩૦૦-૪૦૦
આદુ	૭૦૦-૮૦૦
રીંગણ	૬૦૦-૮૦૦
ટામેટા	૩૦૦-૪૦૦
ભીંડા	૩૦૦
કોબી	૩૪૦-૪૨૦
વટાણા	૯૦૦-૧૧૦૦
ટીંડસા	૬૦૦-૭૦૦
ગવાર	૬૦૦-૭૦૦
બાદશાહ બટાકા	૨૦૦-૨૨૦
સાંગા બટાકા	૧૨૦-૧૪૦
ચોળી	૭૦૦-૮૦૦
તુરીયા	૩૦૦-૫૦૦

રખેવાળ ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....

હેપ્પી બર્થ ડે વિપુલ

પિતા : અમરાભાઈ ટી.ચૌધરી
(મંત્રી નવા સેવા મંડળી)
માતા : ગીતાબેન અમરાભાઈ ચૌધરી
દાદા : તેજાભાઈ ખેતાભાઈ ચૌધરી
દાદી : વાલીબેન તેજાભાઈ ચૌધરી
ભાઈ : મહેશ (પી.એસ.આઈ),
વિપુલ,ધાર્મિક,આર્યન
ભાભી: ઉન્નતીબેન
બેન : નિધી, હીના, હેતલ, આશા, મોનીકા, નિકીતા, ક્રિષ્ના,જનકી
જન્મ તા.૧૬-૯-૨૦૦૩ (ઉ.વ.૧૨)
સરનામું :- મુ.નવા,તા.દિયોદર જી.બ.કાં.

રાધનપુરના વિદ્યાર્થીઓ જિલ્લામાં પ્રથમસ્થાને

કમલ ચક્રવર્તી

રાધનપુર

જિલ્લા રોજગાર વિનિમય કચેરી પાટણ તેમજ જિલ્લા શિક્ષણાધિકારી કચેરી પાટણના સંયુક્ત ઉપક્રમે કારકિર્દી આયોજન સપ્તાહ ઉજવણી ૨૦૧૭ અંતર્ગત નિબંધ સ્પર્ધા અને વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન પાટણની શેઠ એમ.એન.હાઈસ્કૂલ ખાતે કરવામાં આવ્યું હતું, આ સ્પર્ધામાં જિલ્લાના ૯ તાલુકાની ૨૦ શાળાઓએ ભાગ લીધો હતો,જેમાં નિબંધ સ્પર્ધામાં રાધનપુરની શેઠ કે.બી.વકીલ વિધાલયના વિદ્યાર્થી મહેશકુમાર જીવાભાઈ રાવળે શિક્ષણમાં ટેક્નોલોજીનો ઉપયોગ વિષય ઉપર નિબંધ લખી પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું, જયારે વિદ્યાર્થીની કુમારી શ્રી સોનીએ વક્તૃત્વ સ્પર્ધામાં હું પગભર કેવી રીતે બનીશ વિષય પર માહિતીસભર વક્તવ્ય રજુ કરીને પ્રથમ સ્થાને આવીને શાળાનું ગૌરવ વધાર્યું હતું, વિદ્યાર્થીઓને શાળાના શિક્ષકો એમ.બી.જોશી, મનુભાઈ કે.ડાભી, હર્ષદભાઈ કે.પટેલ તથા કલ્પેશભાઈ ડી.અખાણીએ માર્ગદર્શન આપ્યું હતું,જયારે શાળાના આચાર્ય બી.ડી.ઝાલા, રાધનપુર કેળવણી મંડળના પ્રમુખ સુરેશભાઈ વોરા તેમજ મહામંત્રી જયંતીભાઈ સોનેથાએ વિદ્યાર્થીઓને બિરદાવ્યા હતા..

સાંતલપુર તાલુકાના મઢુત્રાના મોભીનું આદિપુર ખાતે દુ:ખદ અવસાન

પ્રતિનિધિ રાધનપુર

સાંતલપુર તાલુકાના મઢુત્રાના મોભી અને આદિપુર ખાતે સ્થાયી થયેલા હરિલાલ ઝવેરભાઈ ઠક્કરનું ૮૦ વર્ષની ઉંમરે દુ:ખદ અવસાનથયેલ છે, તેમણે મૃત્યુ પર્યન્ત ઘણી સંસ્થાઓમાં સેવા આપી હતી, જેમાં જીવનની શરૂઆતમાં મઢુત્રા ગામના સરપંચ તરીકે સેવાઆપી હતી,ત્યારપછી સાંતલપુરની શ્રી રઘુવંશી લોહાણા વિદ્યાર્થી ભવનના પ્રમુખ, રાધનપુરની શ્રી કચ્છ વાગડ લોહાણા વાડીનાઉપપ્રમુખ , આદિપુર લોહાણા મહાજનના પ્રમુખ તેમજ રાપર લોહાણા બૉર્ડિંગ ,રાપર કન્યા છાત્રાલયમાં પણ મહત્વની સેવાઓઆપી હતી, સમાજના અગ્રણીઓ મઢુત્રાના ગંગારામભાઈ ઠક્કર, રાજકોટના ભીખાભાઈ ઠક્કર સહીત અગ્રણીઓએ તેમને ભાવભરી શ્રદ્ધાંજલિ આપી હતી.

રાધનપુરની વલ્લભનગર શાળાની બાળાઓ ઝળકી

કમલ ચક્રવર્તી

પ્રતિનિધિ રાધનપુર

રાધનપુર ખાતે તાલુકા કક્ષાના ગણિત - વિજ્ઞાન અને પર્યાવરણ પ્રદર્શનમાં વલ્લભનગર પ્રાથમિક શાળાની બાળાઓ ઝળકી હતી, સિમરન દિનેશભાઈ મકવાણા અને સ્નેહલ વસંતભાઈ મકવાણાએ વિભાગ ૧ માં વિજ્ઞાન વિષયના શિક્ષક રાજેશભાઈ પરમારના માર્ગદર્શન હેઠળ સ્વાઈનફલુ રોગના નિવારણ અંગે કૃતિ રજુ કરી હતી,હાલમાં સ્વાઈનફલુ રોગના ફેલાવાના લીધે આ કૃતિ ઉત્કૃષ્ઠલાગતા બાળાઓને પ્રથમ નંબર આપવામાં આવ્યો હતો.શાળાના આચાર્ય જેહાભાઈ ચૌધરી તથા શાળા પરિવારે બંને બાળાઓને બિરદાવી હતી.

વિવિધ બજાર ભાવ

ડીસા		બાજરી	૨૨૧-૨૪૧
એરંડા	૯૦૦-૯૧૫	એરંડા	૯૧૩-૯૧૫
રાયડો	૬૩૫-૬૪૫	ધાનેરા	
બાજરી	૨૪૦-૨૫૩	ઘઉં	૨૯૯-૩૪૦
રાજગરો	૭૫૧-૮૨૨	બાજરી	૨૨૪-૨૭૦
મગફળી	૪૧૫-૬૦૦	મગ	૮૪૮-૯૯૧
મગ	૭૬૧-૮૩૨	ચોળા	૬૦૦-૭૨૧
પાલનપુર		ગવાર	૬૪૦-૬૮૨
એરંડા	૯૦૦-૯૧૮	રાયડો	૬૨૦-૬૫૮
બાજરી	૧૬૯-૨૫૧	એરંડા	૮૮૫-૯૦૩
ઘઉં	૩૦૭-૩૫૪	જીરૂ	૩૪૦૦
રાયડો	૬૪૧-૬૫૦	ઈસ.	૧૭૪૧
મગફળી	૪૨૫-૭૦૦	સુવા	૭૦૧
રાજગરો	૭૭૧-૮૨૮	વરી.	૮૫૦
ભીલડી		મેથી	૫૩૧-૫૮૨
એરંડા	૯૦૩-૯૧૮	રાજગરો	૬૬૧-૭૩૨
રાયડો	૬૨૦	અન્ય	૮૯૬-૯૪૧
બાજરી	૨૦૦-૨૪૧	થરા	
ઘઉં	૩૧૦-૩૩૦	જીરૂ	૩૦૨૦-૩૫૧૦
મગ	૭૫૧-૮૨૧	એરંડા	૯૦૭-૯૧૪
થરાદ		રાયડો	૬૩૦-૬૫૫
એરંડા	૮૮૦-૯૦૪	ગવાર	૬૬૦-૭૦૪
રાયડો	૬૪૦-૬૭૪	ઘઉં	૩૦૭-૩૧૮
બાજરી	૨૫૦-૨૮૦	બાજરી	૨૨૦-૨૪૯
ગવાર	૬૪૦-૬૭૦	પાટણ	
મેથી	૫૧૧-૬૨૬	જીરૂ	૨૮૦૦-૩૧૯૨
મગ	૭૬૦-૧૦૦૦	વરી.	૮૦૦-૧૦૭૫
ચીકુડી	૭૫૦-૯૨૧	મેથી	૩૫૦-૫૧૨
રજકો	૨૫૫૦-૨૭૫૦	સુવા	૮૫૦-૯૨૦
ઈસ.	૧૯૪૧-૨૦૦૧	રાયડો	૫૮૫-૬૫૯
જીરૂ	૨૬૦૦-૩૫૪૧	એરંડા	૯૦૦-૯૨૪
અજમો	૮૦૦-૧૪૦૦	અજમો	૮૦૦-૯૬૨
રાહ		ઘઉં	૩૦૭-૩૪૮
બાજરી	૨૪૦-૨૬૫	અડદ	૫૫૧-૬૬૫
રાયડો	૬૫૦-૬૬૦	બાજરી	૨૦૦-૨૫૭
ચીકુડી	૮૮૦-૯૧૫	ગવાર	૬૬૦-૬૯૦
એરંડા	૯૦૦-૯૧૦	સિદ્ધપુર	
વાવ		રાયડો	૬૦૬-૬૬૬
એરંડા	૮૯૪-૯૦૫	એરંડા	૮૯૫-૯૨૨
મગ	૬૫૨-૭૦૫	મગ	૯૬૦
રાયડો	૬૫૦-૬૫૫	ગવાર	૬૮૦-૬૯૧
જીરૂ	૩૧૨૧-૩૫૫૧	ઘઉં	૨૮૦-૩૪૫
વડગામ		બાજરી	૨૦૦-૨૫૬
ઘઉં	૩૨૭		

રાધનપુરમાં કોંગ્રેસ દ્વારા નવસર્જન યુવા રોજગાર અભિયાનનો શુભારંભ

કમલ ચક્રવર્તી

પ્રતિનિધિ રાધનપુર

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ દ્વારા રોજગાર મારો અધિકાર સાકાર કરશે કોંગ્રેસ સરકારના સૂત્ર સાથે વિધાનસભાની ચૂંટણીમાં ઝળહળતો વિજય હાંસલ કરવા માટે યુવાનોને આકર્ષવા માટે કોંગ્રેસ દ્વારા નવસર્જન યુવા રોજગાર અભિયાનનો શુભારંભ કરવામાં આવ્યો છે જે અંતર્ગત રાધનપુર વિધાનસભા બેઠકમાંમાં પણ કોંગ્રેસ દ્વારા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું, ગુરુવારે વડપસાર તળાવના કાંઠે તાલુકા કોંગ્રેસ પ્રમુખ નવીનભાઈ પટેલ, પૂર્વ ધારાસભ્ય લવિંગજી સોલંકી, શહેર કોંગ્રેસ પ્રમુખ કાનજીભાઈ પરમાર,જિલ્લા પંચાયતના સદસ્ય જગદીશભાઈ રાઠોડ, બળવંતજી ઠાકોર તેમજ કાર્યકરોને પ્રોત્સાહિત કરવા પધારેલા વિધાનસભા બેઠકના પ્રભારી માંગીલાલ પટેલની ખાસ ઉપસ્થિતિમાં યુવાનોને જ્યાં સુધી નોકરી ના મળે ત્યાં સુધી ધો.૧૨ સુધીને રૂ. ૩૦૦૦, ગ્રેજ્યુએટને રૂ.૩૫૦૦ અને પોસ્ટ ગ્રેજ્યુએટને રૂ. ૪૦૦૦ માસિક બેરોજગારી ભથ્થું આપવાના નીર્ધાર સાથે ફોર્મ ભરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.યુવાનોએ ઉત્સાહભેર ભાગ કાઈને ફોર્મ ભર્યા હતા, આ ભરેલા ફોર્મ પ્રદેશ કોંગ્રેસ સમિતિમાં મેકલવામાં આવશે, આ અભિયાન સાત દિવસ સુધી ચાલશે તેમ શહેર પ્રમુખ કાનજીભાઈ પરમારે જણાવ્યું હતું.

નર્મદાના નીર થકી સમૃધ્ધ બનેલા શંખેશ્વર તાલુકામાં મા નર્મદા રથને ભારે આવકાર

પાટણ

ખેતી અને પશુપાલન ઉપર નિર્ભર પાટણ જિલ્લામાં ખેડૂતો નર્મદા રથને ભારે આવકાર સાથે વધાવી રહયા છે ત્યારે નર્મદાના નીર થકી સમૃધ્ધિ તરફ આગળ વધતા ગુજરાતની ઐતિહાસિક રાજધાની શંખેશ્વર તાલુકાના પંચાસર ગામે નર્મદા રથનું ઉમળકાભેર સ્વાગત થયું હતું.

રાજયના શ્રમ અને રોજગાર વિભાગના મંત્રીશ્રી દિલીપકુમાર ઠાકોરને ગામના યુવાનોએ બાઈક રેલી સાથે સન્માન આપી સભા સ્થળે લાવ્યા હતા. જયાં તેમણે વનરાજ ચાવડાની પ્રતિમાને પુષ્પાંજલિ આપી આ વીર ભૂમિને વંદન કર્યા હતા. ગામની કુંવારીકાઓએ નર્મદા રથને માથે શ્રીફળ અને કળશ સાથે સન્માન આપી ઘીના દિવડાથી મા નર્મદા મૈયાની આરતી ઉતારી હતી. સાથે સાથે ગ્રામજનોએ મંત્રીશ્રીનું ફુલહાર, તલવાર અને શાલથી સન્માન કર્યું હતું.

આ પ્રસંગે મંત્રીશ્રી દિલીપકુમાર ઠાકોરે થોડા વર્ષો અગાઉ રૂપેણ નદીના પ્રવાહમાં આ વિસ્તારની માનવ જીંદગીઓ બચાવનાર બાબુભાઈને યાદ કરી તેમને શ્રધ્ધાસુમન અર્પ્યા હતા. ત્યારબાદ નર્મદાના નીર આ વિસ્તાર સુધી પહોંચાડવામાં ગુજરાત સરકાર અને નરેન્દ્રભાઈ મોદીએ કરેલ સંઘર્ષની વાત રજુ કરી હતી.

ખાસ કરીને ભાજપની સરકારે આ વિસ્તારમાં નર્મદાના નીર આપ્યા છે ત્યારે ખેડૂતો પોતાની મહેનત થકી ખેતરોને લીલાછમ બનાવ્યા છે. આ વિસ્તારના ખેડૂતો વૈજ્ઞાનિક પધ્ધતિનો ઉપયોગ કરી પાણીનો કાર્યક્ષમ ખેડૂતો બે પાંદડે થયા હોય તેવી બાબત મુકાઈ હતી. નર્મદાના નીર થકી આ વિસ્તારમાં આમુલ પરિવર્તન આવેલ હોવાનું ખેડૂત સુરેશભાઈએ જણાવ્યું હતું. આ કાર્યક્રમમાં અગ્રણીશ્રી શંકરભાઈ કટારીયા, તાલુકા વિકાસ અધિકારીશ્રી જગદીશ દેસાઈ, નાયબ મામલતદાર અશોક ઠક્કર, મહેરાજી ઠાકોર, જામાજી ઠાકોર, સુરેશભાઈ ગોહીલ, વસંતગીરી બાપુ, શિક્ષકો, બાળકો અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહયા હતા.

સાંતલપુર તાલુકામાં ગાંજીસર ગામે મફત નિદાન કેમ્પ યોજાયો

પ્રતિનિધિ રાધનપુર

સાંતલપુર તાલુકાના ગાંજીસર ગામે ઓમ સેવા ટ્રસ્ટ સંચાલિત શ્રી ચૈતન્ય જનરલ હોસ્પિટલ દ્વારા મફત નિદાન અને સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં રાધનપુરના સેવાભાવી તબીબો ડો.ગોવિંદભાઈ ઠાકોર , ડો.કનુભાઈ ચૌધરી અને ડો.ચંદુભાઈ ઠાકોરે સેવા આપી હતી અને ગાંજીસર, લોટીયા, દહિસર, લોદરા અને ઠીકરીયા ગામના ૨૪૫ દર્દીઓને નિદાન કરી સારવાર આપવામાં આવી હતી, અને સ્વાયનફ્લુ જેવા ભયાનક રોગચાળાને અટકાવવા માટે જરૂરી આરોગ્યલક્ષી માર્ગદર્શન પૂરું પડ્યું હતું.

વડાલી તાલુકામાં કોંગ્રેસ પક્ષ દ્વારા નવા માળખાની રચના

પ્રતિનિધિ વડાલી

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકી તથા પટેલ મણીભાઈના માર્ગદર્શન પ્રમાણે વડાલી કોંગ્રેસ તાલુકા પ્રમુખ ગઢવી ખેમરાજભાઈ તથા પૂર્વનગરપાલિકા પ્રમુખ અજીતસિંહ રાઠોડ દ્વારા વડાલી તાલુકામાં નવા વરાયેલા મહામંત્રી પટેલ રાજુભાઈ ગંગારામ, ઉપપ્રમુખ પટેલ બાબુભાઈ એસ., (૨) પટેલ મનુભાઈ એમ., (૩) મકવાણા રેખાબેન કે., (૪) કુંપાવત યશવંતસિહ, (૫) જેતાવત હિમંતસિંહ આર., (૫) પટેલ ભરતભાઈ સી. (૭) ઠાકોર જયંતિજી કે. (૮) પટેલ સંજયભાઈ ડી. (૯) પટેલ રામાભાઈ એન. (૧૦) મનસુરી ગુલાબભાઈ, (૧૧) વાઘેલા જસવંતસિંહ, (૧૨) મનસુરી ગુલાબભાઈ, (૧૩) ઠાકોર લક્ષ્મણસિંહ કે. તમામની ઉપપ્રમુખો તરીકે નવીન વરણી કરવામાં આવી છે. આજ રીતે (૧૧) મંત્રીઓ પણ બનાવવામાં આવ્યા છે. મંત્રી(૧) રાઠોડ બલવંતસિંહ, (૨) ડાભી રાજુજી, (૩) પટેલ હરેશભાઈ, (૪) બારોટ અંકિતભાઈ , (૫) ચેનવા કચરાભાઈ, (૫) રબારી વિરાભાઈ, (૭) ઠાકરડા ચંદુજી, (૮) વણકર રમણભાઈ, (૯) જોષી પ્રકાશભાઈ (૧૦) દશરથજી, (૧૧) વણઝારા ઈશ્વરભાઈ વગેરે મંત્રીઓ બનાવવામાં આવ્યા છે. વિધાનસભાની ચૂંટણી નજીક આવતા કોંગ્રેસ પક્ષ દ્વારા મોટા ફેરફારો કરી દરેક જ્ઞાતિ, દરેક ગામના એક એક વ્યક્તિઓને હોદ્દાઓ આપવામાં આવ્યા છે. ત્યારે આ સંગઠન દ્વારા પક્ષમાં નવો જુસ્સો ઉમેરવા માટે તથા પક્ષન મજબુત કરવા કમર કસી રહ્યા છે. આવનારી વિધાનસભામાં કોંગ્રેસ પક્ષના ઉમેદવારને જીતાડવાની તડામાર તૈયારીઓ ચાલુ કરી દેવામાં આવી છે. જિલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્રસિંહ કુંપાવત દ્વારા તમામ ટીમ ઉપર નજર રાખવામાં આવી રહી છે.

નર્મદાનીરના આગમન બાદ હારીજ પંથક સમૃધ્ધ બન્યો

વેજાવાડામાં નર્મદા રથનું ઉષ્માભર્યું સ્વાગત

પાટણ

નર્મદા મૈયાની કૃપાથી સમગ્ર ગુજરાતની સાથે સાથે પાટણ જિલ્લાના હારીજ પંથક પણ સમૃધ્ધ બન્યો છે ત્યારે રાજયના શ્રમ અને રોજગાર વિભાગના મંત્રી દિલીપકુમાર ઠાકોર આજે નર્મદા મૈયાના રથ સાથે હારીજ તાલુકાના વેજાવાડા ગામે પહોંચ્યા હતા. મા નર્મદા મૈયાના રથનું ગામની કુંવારિકાઓએ શ્રીફળ-કળશ સાથે સામૈયુંકર્યું હતું. ઉપસ્થિત સૌને કુમકુમ તિલક સાથે ફુલડે વધાવ્યા હતા.મંત્રી દિલીપકુમાર ઠાકોરે શાળા ખાતે એકત્રિત થયેલા ગ્રામજનોને જણાવ્યુંહતુંકે, નર્મદા યાત્રા એટલા માટે કાઢવામાં આવે છે કે, નવલા નોરતામાં પણ આપણે મા આદ્યશક્તિનુંઅનુષ્ઠાન નવ દિવસ કરીએ છીએ. જેના ફળ સ્વરૂપે સમગ્ર ગુજરાત જ નહીં પરંતુ દુનિયાભરમાં વસતા ગુજરાતીઓને પણ આ અનુષ્ઠાનથી આધ્યાત્મિક તાકાત મળે છે. જેના પરિણામે સતત માની કૃપા વરસતી રહે છે. તેવી જ રીતે ગુજરાત માટે મા નર્મદા મૈયા પણ કલ્યાણકારી છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી નર્મદાના નીરને નીર નહીં પણ પારસ ગણે છે. એવા પારસ જેવા નીરથી સમગ્ર ગુજરાતની સાથે સાથે આ હારીજ પંથક પણ હરિયાળો બનતો જાય છે. પહેલાના સમયમાં આ વિસ્તારમાં ઉનાળો આવતાં પશુઓ સાથે હિજરત કરવાના દિવસો હજુપણ વડીલોને યાદ છે. પરંતુ જયારથી ગુજરાત પર ભાજપની સરકારમાં શ્રી નરેન્દ્રભાઈ મોદીનુંશાસન આવ્યું ત્યારથી નર્મદાના નીર ગામડે ગામડે પહોંચે તે માટે સરકાર પ્રયત્નશીલ રહી છે.

નર્મદા મહોત્સવ દરમિયાન સ્થાનિક આગેવાનો દશરથજી ઠાકોર, કાનજીભાઈ વકીલ, મુકેશજી ઠાકોર, ભગવાનભાઈ ચૌધરી, રણછોડભાઈ સહિત શિક્ષકો, બાળકો, સબંધિત અધિકારીઓ-કર્મચારીઓ અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહયા હતા.

રાધનપુર સી.સી.રોડના કામમાં ચાલતી ગેરરીતિ બાબતે જિલ્લા કલેક્ટરને રજુઆત

કમલ ચક્રવર્તી

પ્રતિનિધિ રાધનપુર

રાધનપુર શહેરમાં પાલિકા દ્વારા ગ્રીનપાર્ક વિસ્તારમાં સી. સી.રોડનું કામ ચાલુ છે,જેમાં નિયમ મુજબ કામ ના થતું હોવાની અનેબિલકુલ હલકી કક્ષાનું કામ થતું હોવાની રજુઆત પાલિકાના વિરોધપક્ષના નેતા રમેશભાઈ ગોકલાણીએ જિલ્લા કલેક્ટરને રૂબરૂમળીને કરી હતી, જેમાં મોટા પાયે ભ્રષ્ટ્રાચાર થઇ રહ્યો હોવાથી જિલ્લા કલેક્ટરને ખુદ ચેક કરી ખાતરી કરવા વિનંતી કરવામાં આવીછે,આ કામની જવાબદારી નગરપાલિકાના ભરતભાઈ ચૌધરી સાંભળી રહ્યા છે જે રાધનપુરના સત્તા પક્ષના મોટા ગજાના નેતાનાસગા હોઈ પીઠબળના કારણે અનેક રોડોમાં ગેરરીતિ કરાવેલ છે, અને પદાધિકારીઓ દ્વારા પણ કોન્ટ્રાક્ટરો પાસેથી મોટા પાયે ખાયકી કરવામાં આવે છે આ રસ્તા વારંવાર થવાના ના હોવાથી, જિલ્લા કલેક્ટરને ખુદ ચકાસણી કરવા અથવા તો વિજિલન્સ વિભાગનેજવાબદારી આપવા રજુઆત કરવામાં આવી છે.આ ઉપરાંત ભારે વરસાદ અને પૂરના કારણે તા.૨૩ જુલાઈથી શહેરમાં પીવાના પાણીની સમસ્યા ઉભી થવા પામી હતી, જેના કારણેશહેરના નાગરિકોને ટ્યૂબવેલનું બિલકુલ ખારૂં અને ગંદુ પાણી પીવા મળે છે,આ પાણી પીવાલાયક નથી આરોગ્યની દ્રષ્ટિએ ખુબ જહાનિકારક છે,લોકોને ભયંકર ચામડીના રોગો થઇ રહેલ છે, આરોગ્ય વિભાગ દ્વારા પાણીની ચકાસણી કરવામાં આવે તે જરૂરી છે.રાધનપુરની પ્રજા ભલી-ભોળી છે, સત્તા પક્ષ નગરપાલિકાની ગત ચૂંટણીની કિન્નાખોરીનો ભોગ બનાવી રહી છે.પદાધિકારીઓ તોડ-પાણીવાળા કામમાં જ રસ લે છે, જિલ્લા કલેક્ટરને આ બાબતે હસ્તક્ષેપ કરીને ઉપરથી મીઠા પાણીનો કોટા વધારે માત્રામાં મળેતેવું કરવા વિનંતી કરવામાં આવી છે.રાધનપુર શહેરમાં પીવાના પાણીની સમસ્યા વર્ષોથી છે તેનો કાયમી હલ શોધવો જોઈએ તેમ પણ જણાવવામાં આવ્યું છે.

કચ્છના કોડાય ગામે તપાગચ્છાધિપતિ જૈનાચાર્ય પ્રેમસૂરીશ્વરજી મ.સા.ની પ્રથમ વાર્ષિક પૂન્યતિથિ યોજાઈ

યશપાલસિંહ ટી.વાઘેલા

તાલુકા પ્રતિનિધિ થરા

કચ્છના કાશી નગરે કોડાય ગામે તપાગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. પ્રેમસૂરીશ્વરજી મ.સા.ની પ્રથમ વાર્ષિક પુન્યતિથિ યોજાઈ. આ પુન્યતિથિએ પૂ. મુનિ વિદ્યાચંદ્ર વિજય મ.સા. પ.પૂ. મુનિ પાર્શ્વયશચંદ્રજી મ.સા. પૂ.મુનિ નયશેખર વિ.મ.સા. પ.પૂ. મુનિ શૌર્યશેખર વિ.મ.સા. આદિઠાણા ૪ તથા પૂ.સા. ઋજુપ્રજ્ઞાશ્રીજી મ.સા. આદિઠાણા ૩ ની પાવનકારી નિશ્રામાં સવારે ૯:૦૦ કલાકે પૂજ્યશ્રીના ગુણાનુવાદ પછી સંગીતની સુરાવલી સાથે ભવ્ય સ્નાત્ર મહોત્સવ તેમજ બપોરે ૩ થી ૪ માં જાપ રાખેલ. સ્નાત્ર મહોત્સવ ધામધુમથી ઉજવાયેલ. જેના લાભાર્થી પૂજાઆર્ય અમુલ દેઢિયા તથા અંકિતા જેસલ દેઢિયા લીધો છે. આ સ્નાત્ર મહોત્સવ અંતર્ગત ૫૧ લક્કી ડ્રોનો લાભ પ્રભાવંતીબેન ખીમજી રાંભીયા તેમજ કર્ણાવતીબેન મંગળદાસ ગાંધી પરિવારે લીધેલ.

પૂજયશ્રીના ગુણાનુવાદ કરતા પૂ.મુનિ નયશેખર વિ.મ.સા.એ જણાવેલ કે પૂ.પ્રેમસૂરી મ.સા. ૧૧ વર્ષની નાની વયમાં સંયમ ગ્રહણ કરેલ.

તેમના માતા રતનબેન તથા પિતા પ્રતાપચંદ્રભાઈ હતા. તેમનું સંસારી નામ પન્નાલાલ હતું. પન્નાલાલમાંથી દિક્ષા બાદ મુનિ પ્રેમવિજય બન્યા. તેમના ગુરૂદેવનું નામ પૂ.ભક્તિસૂરિ મ.સા. હતું. તપાગચ્છાધિપતિ પૂ.પ્રેમસૂરિ મ.સા. અનુભૂતિ સંપન્ન હતા.

આત્મજ્ઞાની વિશિષ્ટ વ્યવહાર કુશળ, સમયજ્ઞ, મહાપુરુષ પ્રતિભા સંપન્ન પ્રાજ્ઞ, વિખ્યાત વચનસિદ્ધ, પ્રેમ પ્રતિમા, સ્નેહમૂર્તિ, સંઘ એકતા શિલ્પી પ્રેમાળ, વાતસલ્યમૂર્તિ, શાસન પ્રભાવક, સદાય હસમુખા સ્વભાવવાળા પ્રસન્નતાની પરાકાષ્ઠાએ પહોંચેલા હતા. પૂ.પ્રેમસૂરિ મ.સા.ની આચાર્ય પદવી પાટણમાં થયેલ ગચ્છાધિપદ પણ પાટણમાં પ્રાપ્ત થયેલ. તેઓને તપાગચ્છાધિપતિની પદવી શંખેશ્વરમાં આપવામાં આવેલ. ‘‘ઉત્તમના ગુણ ગાવતા ગુણ આવે નિજ અંગ’’ એ ઉકિત અનુસાર પૂજ્ય તપાગચ્છાધિપતિ ગુરુદેવના ગુણોનું આપણા જ શ્રેય માટે છે. જૈન શાસનનું એક ગૌરવશાળી-પ્રભાવશાળી વ્યક્તિત્વ ધુરાને વહન કરી સદ્ગતિ ગામી બન્યા છે. શાસનનો સફલ કર્ણધાર આજે જ આપણને નિરાશ્રિત બનાવી પરમ લોકની સફરે પ્રયાણ કરી ચુક્યા છે.

પૂજયશ્રી ભાદરવા વદ ૯ તા. ૨૫/૯/૨૦૧૬ ના વાલકેશ્વર મુકામે કાળધર્મ પામેલ. કચ્છના કોડાય ગામે પણ તેમનું ગુરુમંદિર નિર્માણ પામી રહેલ છે. જેનો ટુંક સમયમાં પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાશે. આ પ્રસંગે સંઘના શ્રાવક- શ્રાવિકાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલ.

રાધનપુરમાં હનુમાનજી મંદિરમાં શેડ બનશે

પ્રતિનિધિ રાધનપુર

રાધનપુરમાં ચામુંડા સોસાયટી રોડ ઉપર આવેલા ભીડભંજન હનુમાનજી મંદિર માટે માર્ગ અને મકાન સબ ડીવીજન દ્વારા પેવર બ્લોક, શેડ અને રૂમ બનાવવા માટે રૂ.૫૦૨૧૭૨ મંજૂર કરવામાં આવ્યા છે, જેના કારણે હનુમાનજીના દર્શન કરવા આવતા ભક્તજનોને સુવિધા મળી રહેશે, પાલીકાના સદસ્ય અંકુરભાઈ જોશી દ્વારા આ માટે જહેમત ઉઠાવવામાં આવી હતી અને પાલિકાના માધ્યમથી ગ્રાન્ટ મંજુર કરવામાં આવી હતી.

થરાદ વિધાનસભામાં સેવાભાવી દિલીપભાઈ જૈનને ટિકિટ આપવાની જનમાંગ

સામાજીક અને શૈક્ષણિક સંસ્થાઓમાં સેવાની સરવાણી વહાવતા દિલીપભાઈ જૈન : સ્વ.જે.વી.શાહ જેવી કાર્યશૈલીથી પંથકમાં લોકચાહના

થરાદ

બનાસકાંઠામાં ધીમે ધીમે ચૂંટણીનો માહોલ જામી રહ્યો છે જેના કારણે સ્થાનિક રાજકારણ પણ ગરમાવાનું શરૂ થઈ રહ્યું છે ત્યારે ઉત્તર ગુજરાતની અને બનાસકાંઠાની મહત્વની ગણાતી થરાદ બેઠક પર કોંગ્રેસ અને ભાજપ તરફે ઉમેદવારોનો રાફડો ફાટ્યો છે. થરાદ વિસ્તારમાં અત્યાર સુધી એટલે કે છેલ્લા ચાલીસેક વર્ષના સમયગાળાથી સીમિત વ્યક્તિઓમાં રાજકારણ સમાયેલુ રહ્યું છે. ત્યારે છેલ્લા થોડા સમયથી કેટલાક સમાજના અગ્રણીઓએ થરાદ તાલુકાની જનતાની સેવાઓ માટે પોતાનું યોગદાન આપવાનું શરૂ કર્યુ છે અને તાલુકાના રાજકારણમાં આગવું સ્થાન પ્રસ્થાપિત કરવાના પ્રયત્નો કર્યા છે. જે પૈકી જૈન સમાજમાંથી દિલીપભાઈ જૈન (કુંભારાવાળા)એ પોતાની સેવાની સરવાણી શરૂ કરેલ છે. અગાઉ જિલ્લાના જૈન અગ્રણીઓ જેવા કે જે.વી.શાહ, શાંતિલાલ ભગત તેમજ સુરેશભાઈ મહેતા જેવા લોકનેતાઓની યાદ અપાવી છે. દિલીપભાઈની કાર્યશૈલી જિલ્લાના સહકારી અગ્રણી અને કેન્દ્રના માજી કૃષિમંત્રી જે.વી.શાહ જેવી છે. જેઓ માત્ર વ્યક્તિની જરૂરિયાત તરફ ધ્યાન આપે છે નહિ કે તેની જાતિ તરફ જે.વી.શાહે તેઓના સહકારી અને રાજકીય કાર્યકાળ દરમિયાન હંમેશા નાના અને જરૂરિયાતમંદ વ્યક્તિઓની મદદનો ધ્યેય રાખેલો હતો. તે જ રીતે દિલીપભાઈ જૈન (કુંભારાવાળા) પણ થરાદ વિસ્તારમાં પૂર રાહત કામગીરી હોય, તાલુકાની સ્કુલોમાં કોમ્પ્યુટરની જરૂરિયાત હોય કે પછી સામાજિક શૈક્ષણિક સંસ્થાઓને સેવા કરવા માટેના ભંડોળની જરૂરિયાત હોય હંમેશા તેઓ અગ્રેસર રહે છે.

થરાદ તાલુકામાં અત્યારે દરેક સેવાકીય પ્રવૃત્તિઓમાં આમ પ્રજા દિલીપભાઈને યાદ કરે છે. ૨૦૧૭ ની વિધાનસભાની ચૂંટણીમાં દિલીપભાઈએ ભાજપા તરફી પોતાની પ્રબળ દાવેદારી નોંધાવી છે. ત્યારે મોવડી મંડળે પણ બનાસકાંઠા જિલ્લામાં સેવાની સરવાણી વહાવતા જૈન સમાજને એક ટિકિટ ફાળવીને આવા યુવાન અને ધગશશીલ કાર્યકરને આમ પ્રજાની સેવા કરવાની તક આપવી જોઈએ તેવો જનમત પ્રવર્તે છે.

ડીસામાં ત્રિપલ અકસ્માત

ભરત સુંદેશા

ડીસા

ડીસા શહેરમાં આવેલ ઘણા શોપીંગ સેન્ટરો આગળ પાર્કિંગ ન હોવાના કારણે વાહન ચાલકો ગમે ત્યાં વાહન મુકીને જતા રહે છે. ત્યારે ઘણીવાર ટ્રાફિક જામ થઈ જાય છે અને અકસ્માત સર્જાય છે. ત્યારે ડીસા તાલુકા પંચાયતની બાજુમાં આવેલ શોપીંગ સેન્ટર પાસે પાર્કીંગના અભાવે વાહન ચાલકો વાહન ગમે ત્યાં પાર્ક કરીને જતા રહે છે. ત્યારે ગતરોજ બપોરના સમયે એક ટ્રક ચાલકે રીક્ષા અને બાઈકને અડફેટે લેતા બાઈક અને રીક્ષાને નુકશાન થયું હતું. જો કે, ઘણીવાર આવી રીતે પાર્ક થતા વાહનોને કારણે આજુબાજુની સોસાયટીના રહીશોને ત્યાંથી પસાર થવુ પણ મુશ્કેલ બને છે. તો આ બાબતે તંત્ર દ્વારા યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવી રહીશોની માંગ છે.

ડીસાના વેપારીઓ સાથે છેતરપિંડી કરનાર ઝડપાયો

ત્રણ વેપારીઓને ઠગી ચુક્યો હતો : બીજીવાર આવતા ઝડપાયો

ડીસા

ડીસા શહેર ઉત્તર ગુજરાતનું વેપારી મથક છે અને વેપારી મથક ડીસામાં વેપારીઓ સાથે વારંવાર ઠગાઈ કરવામાં આવતી ઘટનાઓ સામે આવી રહી છે. ત્યારે આજે આવો જ એક શખ્સ ઠગાઈ કરતા ઝડપાઈ જતા તેને પોલીસના હવાલે કરવામાં આવ્યો છે. ડીસા શહેરના

અનુસંધાન પાના નં.૬

ગુજરાતની સ્થાપના પછી

૨૦૧૨ ની વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસના ૫ ઉમેદવારો જ્યારે ભાજપના ૪ ઉમેદવારો ધારાસભ્ય બનવામાં સફળ રહ્યા હતા

બનાસકાંઠાની ૯ માંથી ૬ બેઠકો પર કોંગ્રેસના પંજાનું પ્રભુત્વ

૨૦૧૨ ની ચૂંટણીમાં સમગ્ર ગુજરાતમાં ભાજપનું કમળ ખીલતાં મોદીરાજમાં ભાજપ ગુજરાત જીતવાની હેટ્રીક નોંધાવવામાં સફળ રહ્યું હતું. ગુજરાતના ચારેય ખુણાઓમાં ભાજપે જીત મેળવવામાં સફળતા મેળવી હતી. પરંતુ, બનાસકાંઠાની જનતાએ વિધાનસભાની ૯ બેઠકોમાંથી ૫ સીટ પર કોંગ્રેસના ઉમેદવારોને જીતાડ્યા, તો ૪ બેઠકો પર ભાજપના ઉમેદવારોને ધારાસભ્ય બનાવી સેવાની તક આપી જોકે, ૨૦૧૪ માં ડીસાના ધારાસભ્ય લીલાધર વાઘેલા પાટણ બેઠક પરથી સાંસદ બનતાં આ સીટ પર ફરી ચૂંટણી યોજાઈ હતી. જેમાં કોંગ્રેસના ગોવાભાઈને જીત મળતાં હાલમાં બનાસકાંઠાની ૬ સીટો પર કોંગ્રેસનો કબ્જો છે, જ્યારે ૩ બેઠકો પર ભાજપના ઉમેદવારો ધારાસભ્ય પદે ફરજ બજાવી રહ્યા છે. જોકે, ભાજપના આ ત્રણ ધારાસભ્યોમાંથી શંકરભાઈ ચૌધરી અને કેશાજી ચૌહાણ વર્તમાન ભાજપ સરકારમાં મંત્રી તરીકે પોતાની ફરજો બજાવી રહ્યા છે. હવે, નજર કરીએ ૨૦૧૨ માં યોજાયેલી ચૂંટણીના બનાસકાંઠા વિધાનસભા સીટોના રાજકિય સમીકરણ પર.. પાલનપુર વિધાનસભા બેઠક પર ૨૦૧૨ માં કોંગેસે ગત ચૂંટણીના ઉમેદવાર રાજુભાઈ જોષીને ડીસાની ટીકીટ આપી, અને પાલનપુર સીટથી મહેશભાઈ અમૃલાલ પટેલને ચૂંટણી મેદાનમાં ઉતાર્યા. મહેશભાઈ ૧૯૮૦ અને ૧૯૯૫ માં પાલનપુર પરથી ધારાસભ્ય બનેલા એ.કે.પટેલના પુત્ર હોવાથી તેઓ કોંગ્રેસની ટિકિટ મેળવવામાં સફળ રહ્યા. તેમને ટિકિટ આપવાની કોંગ્રેસની આ ચાલ સફળ નિવડી. બીજી તરફ, ભાજપે પોતાના ચાલુ ધારાસભ્ય ગોવિંદભાઈને ફરીથી ટિકિટ આપતાં ભાજપના કાર્યકરોમાં નિરુઉત્સાહ જોવા મળ્યો. પરીણામે, આ ચૂંટણીમાં ભાજપને હારનો સામનો કરવો પડ્યો. ૨૦૧૨ ની ચૂંટણીમાં કોંગ્રેસના મહેશભાઈ પટેલને ૭૫,૦૯૭ મતો પ્રાપ્ત થયાં. તો ભાજપના ગોવિંદભાઈ પ્રજાપતિ માત્ર ૬૯,૮૧૩ મતો જ મેળવી શકયા. પરીણામે, આ ચૂંટણીમાં કોંગ્રેસના મહેશભાઈ અમૃતલાલ પટેલ ૫,૨૮૪ મતોથી જીત મેળવી પાલનપુરના ધારાસભ્ય બનવામાં સફળ રહ્યાં.

ડીસા વિધાનસભા બેઠક પર ૨૦૧૨ માં ભાજપે પોતાના ચાલુ ધારાસભ્ય લીલાધરભાઈ વાઘેલાને ટિકિટ આપી, ભાજપની આ ચાલ સફળ નિવડી. જ્યારે કોંગ્રેસે રાજેન્દ્રભાઈ જોષીને ટિકિટ આપી, પરંતુ તેઓને લીલાધર વાઘેલા સામે હારનો સામનો કરવો પડ્યો. કોંગ્રેસે ડીસા બેઠક માટે સ્થાનિક નેતાને બદલે આયાતી ઉમેદવારને ટિકિટ આપતાં કોંગ્રેસના કાર્યકરોમાં નિરુઉત્સાહ જોવા મળ્યો. બીજી તરફ અપક્ષ ઉમેદવાર મંગળજી માળી એકલા હાથે ૨૧,૧૪૮ મતો મેળવવામાં સફળ રહેતાં કોંગ્રેસને મોટો ફટકો પડ્યો. પરીણામે, ભાજપના લીલાધર વાઘેલાને ૬૬,૨૯૪ મતો પ્રાપ્ત થયાં. જ્યારે કોંગ્રેસના રાજેન્દ્રભાઈ જોષીને માત્ર ૪૮,૫૮૮ મતો જ મળ્યાં. આમ, ભાજપના લીલાધર વાઘેલા ૧૭,૭૦૬ જેટલા મતોની જંગી લીડથી જીત મેળવી

અનુસંધાન પાના નં.૬

ડીસા વિધાનસભા પેટા ચૂંટણીમાં કોંગ્રેસનો વિજય થયો હતો.

ઉત્તર ગુજરાતના લોકપ્રિય અખબાર રખેવાળ દ્વારા...

કારણ વગરનું રાજકારણ
ચૂંટણી ચક્રવ્યૂહ
૨૦૧૭

ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પડઘમ વાગવાને હવે ગણતરીના દિવસો બાકી છે. ત્યારે ઉત્તર ગુજરાત અને બનાસકાંઠાની તમામ વિધાનસભાની બેઠકનો વિસ્તૃત અહેવાલ, રાજકીય ઈતિહાસ, દરેક બેઠક પર કોણ દાવેદાર છે. કયો પક્ષ મજબુત છે. વગેરે વિગતો રખેવાળ ટીમ દ્વારા વાંચકો સમક્ષ મૂકવામાં આવશે. વાંચકો પણ ચૂંટણી-૨૦૧૭ના આ વિશેષ કવરેજમાં પોતાના સૂચન - અભિપ્રાય મોકલી શકશે. તો હવે રાહ કોની જુઓ છો. તમારી નકલની વ્યવસ્થા આજથી જ કરશો - તેમજ તમારા સૂચનો - અભિપ્રાયો નીચેના નંબરે વ્હોટ્સએપ તેમજ ઈ-મેઈલ પર મોકલવા વિનંતી.

વ્હોટસ એપ -
મો.૯૮૨૪૫૦૨૧૦૨
Email : rakheval@gmail.com

૨૦૧૨ ની બનાસકાંઠા બેઠકોનું વિશ્લેષણ

પાલનપુર
ઉમેદવારનું નામ, પક્ષ, મળેલ મતો, મતોથી જીત
પટેલ મહેશભાઈ અમૃલાલ - કોંગ્રેસ - ૭૫,૦૯૭ - ૫,૨૮૪
પ્રજાપતિ ગોવિંદભાઈ માધવલાલ - ભાજપ - ૬૯,૮૧૩

ડીસા
વાઘેલા લીલાધરભાઈ ખોડાજી - ભાજપ - ૬૬,૨૯૪ - ૧૭,૭૦૬
જોષી રાજેન્દ્રકુમાર ધુડાલાલ - કોંગ્રેસ - ૪૮,૫૮૮
માળી મંગળજી મદરૂપજી- અપક્ષ - ૨૧,૧૪૮

દિયોદર
ચૌહાણ કેશાજી શિવાજી - ભાજપ - ૭૬,૨૬૫ - ૨૦,૮૦૯
રબારી ગોવાભાઈ હમીરાભાઈ - કોંગ્રેસ - ૫૫,૪૫૬

કાંકરેજ
ખાનપુરા ધારશીભાઈ - કોંગ્રેસ - ૭૩,૯૦૦-૬૦૦
વાઘેલા કિર્તીસિંહ પરબતસિંહ - ભાજપ - ૭૩,૩૦૦

થરાદ
પટેલ પરબતભાઈ સવાભાઈ - ભાજપ - ૬૮,૫૧૭ - ૩,૪૭૩
પટેલ માવજીભાઈ ચગાભાઈ - કોંગ્રેસ - ૬૫,૦૪૪
ઝેરડીયા શાંતિભાઈ ભગાભાઈ - અપક્ષ - ૧૪,૦૧૪

વાવ
ચૌધરી શંકરભાઈ લગધીરભાઈ - ભાજપ - ૭૧,૯૦૮
ઠાકોર ગેનીબેન નગાજી - કોંગ્રેસ - ૫૯,૯૭૪
ઠક્કર ચંદુભાઈ તેજારામભાઈ - એન.સી.પી. - ૨૯,૯૫૯

વડગામ
વાઘેલા મણિભાઈ જેઠાભાઈ - કોંગ્રેસ - ૯૦,૩૭૫ - ૨૧,૮૩૯
વાઘેલા ફકીરભાઈ રઘાભાઈ - ભાજપ - ૬૮,૫૩૬

દાંતા
ખરાડી કાન્તિભાઈ કાળુભાઈ - કોંગ્રેસ - ૭૩,૦૭૬ - ૨૬,૬૯૦
ખરાડી ગમાભાઈ ભીખાભાઈ - ભાજપ - ૪૬,૩૮૬
બુંબડીયા મહેન્દ્રભાઈ કેશરાભાઈ - અપક્ષ - ૧૨,૧૭૯

ડીસા - પેટા ચૂંટણી ૨૦૧૪
રબારી ગોવાભાઈ હમીરાભાઈ - કોંગ્રેસ - ૭૩,૯૭૨ - ૧૦,૩૯૪
ઠાકોર લેબજીભાઈ ચમનાભાઈ - ભાજપ - ૬૩,૫૭૮

મુડેઠાના તળાવમાં ડૂબી જવાથી કિશોરનું મોત

સાદુલસિંહ રાઠોડ

પરિવારમાં એક માત્ર સંતાનના મોતથી અરેરાટી

પ્રતિનિધિ મુડેઠા

ડીસા તાલુકાના મુડેઠા ગામે કિશોરનો પગ અચાનક લપસતા તે તળાવમાં ડૂબી ગયો હતો. જેની લાશ બીજા દિવસે મળી આવતા ગામમાં અરેરાટી છવાઈ હતી. શાળા પરિવારે પણ મૌન પાળી મૃતકને અંજલિ અર્પી હતી.

મુડેઠાની ખેતાણી પાર્ટીમાં રહેતા વિરાજી વેલજી રાઠોડ (દરબાર) નો પુત્ર કરણસિંહ (ઉ.વર્ષ ૧૦) ગામની પ્રાથમિક શાળામાં ધો.૫ માં અભ્યાસ કરે છે. જે ગત તા.૧૩/૯/૨૦૧૭ ના રોજ નિત્ય ક્રમ મુજબ શાળાએ ગયો હતો. ત્યારબાદ સાંજે ૫ વાગે શાળામાંથી છૂટી ઘરે આવ્યો હતો અને ઘર આજુબાજુ રમવા ગયો હતો. પરંતુ રાતનું અંધારૂં થવા છતાં ઘરે પરત ફર્યો ન હતો. તેથી ચિંતામાં ગરકાવ પરિવારજનોએ તેની આજુબાજુ અને સગા-સંબંધીઓમાં આખી રાત તપાસ કરી હતી પરંતુ તેની ભાળ મળી ન હતી. દરમ્યાન બીજા દિવસની સવારે તેમના મોટા ભાઈ પ્રભાતસિંહે ગામના વડીયા તળાવમાં છોકરાની લાશ તરે છે તેમ જણાવતા તેઓ પરિવાર સાથે તળાવે ગયા હતા. જે લાશ તેમના પુત્ર કરણસિંહની હોઈ પરિવારજનો ઉપર આભ તૂટી પડ્યું હતું.

અનુસંધાન પાના નં.૬

તળાવ ફરતે સરંક્ષણ દિવાલની માંગ

મુડેઠા પગાર કેન્દ્રની શાળાના પાછળના ભાગે વડીયા તળાવ આવેલ છે. જેમાં હાલમાં પાણી ભરાયેલું છે. જેથી બાળકોના જીવનું જોખમ રહે છે. ત્યારે ગામના વિરાજી રાઠોડના એકના એક પુત્રના અકાળે મોતથી ગામમાં માતમ છવાયો છે. ત્યારે આ તળાવ વધુ કોઈનો ભોગ લે તે પૂર્વે તળાવ ફરતે સરંક્ષણ દિવાલ બનાવવાની ઉગ્ર માંગ ઉઠવા પામી છે.

છાપી હાઈવે પર જીએસટીનો સર્વે હાથ ધરાયો

જીએસટી નંબર ન ધરાવતાં વહેપારીઓને નંબર મેળવી લેવા તાકીદ

પ્રતિનિધિ છાપી

૧ જુલાઈથી સમગ્ર દેશમાં ગુડઝ એન્ડ સર્વિસ ટેક્સનો અમલ કરાયા બાદ બનાસકાંઠા જિલ્લામાં જીએસટી અંતર્ગત વિવિધ શહેરો અને ગામોમાં સર્વે હાથ ધરવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે.

વડગામ તાલુકાના વેપારી મથક છાપી સહિત છાપી હાઈ-વે ઉપર આવેલા વિવિધ ધંધા રોજગાર કરતાં વહેપારીઓના ધંધા સ્થળે શુક્રવારે વેચાણવેરા કચેરીના અધિકારીઓ દ્વારા જીએસટી નંબરની નોંધણીનો સર્વે હાથ ધરવામાં આવ્યો હતો. જેમાં અનેક વેપારીઓ દ્વારા જીએસટી નંબર મેળવ્યો ન હોવાનું સર્વેમાં જણાઈ આવ્યું હતું. જ્યારે ૨૦ લાખ કરતાં ઓછુ 'ટર્ન ઓવર' કરતા વેપારીઓ ખરીદ વેચાણના હિસાબો પણ રાખતા ન હોવાનું બહાર આવ્યું હતું. વેચાણવેરા અધિકારી પાલનપુરના માર્ગદર્શન નીચે એલ.પી. મીના એ.આર. અગ્રવાલ સહિતની પાંચ ઈન્સપેક્ટરોની ટીમો દ્વારા પુરો દિવસ સર્વે હાથ ધરાયો હતો. જે વેપારીઓ જીએસટીના દાયરામાં આવે છે અને નંબર મેળવ્યો નથી તેવા વેપારીઓને નોટીસો ફટકારી કાયદેસર કાર્યવાહી કરવાની પણ તજવીજ હાથ ધરવામાં આવશે તેવું સુત્રો દ્વારા જાણવા મળે છે. છાપી પંથકમાં જીએસટી અંતર્ગત અધિકારીઓ દ્વારા સર્વે હાથ ધરાતા વેપારીઓમાં ખળભળાટ મચી જવા પામ્યો હતો.

દિયોદરના ગ્રામ પંચાયતના તમામ કર્મચારીઓને છુટા કરાતા હડકંપ

૮ સદસ્યોએ લેખીતમાં તલાટીને વાંધો રજુ કર્યો

તાલુકા પ્રતિનિધિ દીયોદર

દિયોદર ગ્રામ પંચાયતની યોજાયેલી સામાન્ય બેઠકમાં નવીન આકારણી મંજુર કરવામાં આવી હતી તેમજ પંચાયતના તમામ કર્મચારી ઓને છુટા કરાયા હતા. આ સમગ્ર બેઠક બાદ દિયોદર સરપંચ ગીરીરાજસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે સરકારના પરિપત્ર મુજબ સભાએ દિયોદર ગ્રામ પંચાયતના તમામ કર્મચારી ઓને છુટા કરવાનો નિર્ણય કર્યો છે જે આજથી અમલી બનશે દિયોદર ગ્રામ પંચાયતમાં અત્યારે ૫૪ જેટલા

અનુસંધાન પાના નં.૬

કર્મચારીઓને છુટા કરવા બાબતે વાંધા અરજી નોંધાવનાર આઠ સદસ્યો

જોરાભાઈ દેસાઈ, પ્રેમીલાબેન બી.પરમાર, ભાવનાબેન એસ.દેસાઈ, હસીનાબેન મલેક, કાંતાબેન ગરાડ, જમનાબેન કેશાભાઈ પરમાર, તારાબેન કટારા, ઠાકોર ભાનુબેન

સરકારી પરિપત્ર મુજબ કર્મચારીઓને છુટા કરાયા છે : તલાટી કમ મંત્રી

રાજ્ય સરકારના તા.૯/૮/૨૦૧૭ ના પરિપત્ર અન્વયે કર્મચારીઓને છુટા કરવામાં આવ્યા છે. અને પંચાયતના ૧૫ સદસ્યો તેમજ સરપંચ સહિત તમામ ૧૬ સદસ્યો હાજર હતા. જેમાંથી ૭ સભ્યોએ વિરોધ દર્શાવ્યો છે. પી.એન.ચૌધરી - તલાટી કમ મંત્રી, દિયોદર ગ્રામ પંચાયત

વાવની બીયોક કેનાલમાંથી અજાણ્યા યુવકની લાશ મળી

વિષ્ણુ પરમાર

તા.પ્રતિ. વાવ

દીન પ્રતિદીન નર્મદા કેનાલો માંથી યુવક - યુવતીના મૃતદેહ મળી આવવાના કિસ્સાએ પ્રકાશમાં આવી રહ્યા છે. ત્યારે ગતરોજ વાવ તાલુકાના બીયોક ગામ પાસે આવેલી નર્મદા કેનાલમાં કોઈ અજાણ્યો યુવક કેનાલના કીનારે પાણી પીવા જતાં પગ લપસી પડતાં તેનું કરૂણ મોત નિપજ્યું છે જોકે આ બાબતની સ્થાનિક લોકોને જાણ થતાં સ્થાનિક તરવૈયા અને પોલીસની મદદથી યુવકના મૃતદેહને બહાર નીકાળી પી.એમ. અર્થે વાવ રેફરલ ખાતે ખસેડાયો હોવાનું જાણવા મળેલ છે. મૃતક અજાણ્યો યુવક અંદાજે ૨૦ થી ૨૨ વર્ષનો હોવાનું અનુમાન પોલીસે વ્યક્ત કર્યું હતું.

થરાદની નહેરમાં ડુબ્યાની આશંકાએ શિવનગરના યુવકની બીજે દિવસે પણ શોધખોળ

નહેરના કિનારેથી કપડાં મળ્યાં : મોબાઇલ અને રૂપીયા ન મળ્યા

(વિષ્ણુ દવે)

(પ્રતિ.) થરાદ

થરાદની નર્મદા નહેરના કિનારેથી કપડાં અને ચંપલ મળી આવતાં શિવનગરનો યુવક નહેરમાં ડુબ્યો હોવાની આશંકાએ શોધખોળ હાથ ધરવામાં આવી હતી. જેની બીજા દિવસે પણ શોધખોળ કરવા છતાં પણ કોઇ ભાળ મળી ન હતી. થરાદ શહેરના

અનુસંધાન પાના નં.૬

મેઘધનુષ્યનો મોહક નજારો...

(ભરત સુંદેશા)

ડીસા સહિત જિલ્લામાં છેલ્લા બે દિવસથી ફરી વરસાદી માહોલ છવાયો છે. જેના કારણે છુટાછવાયા વરસાદી ઝાપટાં પડતા વાતાવરણમાં ઠંડક પ્રસરી ઉઠે છે ત્યારે વરસાદી માહોલ વચ્ચે ખિલિ ઉઠેલા મેઘધનુષ્યનો નજારો કેમેરામાં ક્લિક થઈ ગયો હતો.

ડીસા તાલુકામાં વરસાદી ઝાપટાં પણ બફારો યથાવત

નરસિંહ દેસાઈ

ડીસાથી પાંચ કિલોમીટર સુધી વરસાદનું ઝાપટુ પડયુ પણ અન્ય વિસ્તાર કોરોધાકોર !

ડીસા

ડીસા તાલુકામાં ગુરુવારની સમી સાંજે આકાશમાં વાદળો ચડી આવતા વરસાદનું જોરદાર ઝાપટુ પડ્યુ હતું. ડીસા શહેર અને આજુબાજુ પાંચ કિલોમીટર સુધી ધોધમાર વરસાદ પડ્યો હતો. જેથી વાતારવણમાં થોડીવાર ઠંડક પ્રસરી હતી. લગભગ એક કલાક સુધી અડધો ઈંચ જેટલા વરસાદ થવા પામ્યો હતો. જેથી પ્રજાજનોનો ભારે ઉકળાટ અને બફારાથી છુટકારો મળ્યો હતો. પણ વરસાદ બાદ ફરી ઉકળાટભર્યુ વાતાવરણ થઈ ગયુ હતું. જેથી લોકોને શુક્રવારના સવારથી જ ઉકળાટ અને બફારો વચ્ચે ગરમીનું પ્રમાણ જોવા મળ્યું હતું. ડીસા પંથકમાં લાંબા સમય બાદ વરસાદનું આગમન થતા લોકો

અનુસંધાન પાના નં.૬

પાલનપુરમાં ટ્રેન હેઠળ યુવકનો આપઘાત

પાલનપુર

પાલનપુરમાં માનસરોવર ફાટક નજીક એક ૧૮ વર્ષીય યુવકે ટ્રેન નીચે પડતુ મુકીને આત્મહત્યા કરી લેતા અરેરાટી વ્યાપી જવા પામી હતી.

પાલનપુરના હરીપુરા વિસ્તારમાં રહેતા અને છેલ્લા ઘણા સમયથી માનસિક બીમારી ભોગવતો ૧૮ વર્ષીય યુવક જયંતીભાઈ મનજીભાઈ લુહારે રાત્રીના સમયે માનસરોવર ફાટક નજીક કોઈ અગમ્ય કારણોસર ટ્રેન નીચે પડતુ મુકીને જીવનલીલા સંકેલી લેતા ચકચાર મચી જવા પામી હતી. બનાવના પગલે રેલ્વે પોલીસ ઘટના સ્થળે દોડી આવી લાશને પી.એમ.અર્થે સીવીલ હોસ્પિટલમાં મોકલી આપી બનાવ અંગે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

જૈન સાધર્મીકો જોગ

ચાલુ સાલે ભારે વરસાદ અને પૂરપ્રકોપના લીધે જે જૈન સાધર્મીકોના રહેણાંકના મકાન પડી ગયેલ હોય અથવા નુકશાન આવેલ હોય તેવા જૈન સાધર્મીકોને વિનંતી છે કે નીચેના સરનામે જાણ કરો અથવા સવારે ૧૧-૦૦ થી ૨-૦૦ ક. સુધી મોબાઈલ ફોન ઉપર સંપર્ક કરવા વિનંતી.

હસમુખભાઈ વેદલીયા
૫૯, ખુશ્બુ શોપીંગ સેન્ટર, કોર્ટ રોડ, ડીસા
મોબાઈલ નં. ૯૪૨૭૫ ૪૪૦૯૩

કાંકરેજ તાલુકાના પૂર ગ્રસ્ત બાળકોને ૬૦૦૦ કીટનું વિતરણ

કિશોર પ્રજાપતિ

પ્રતિ. થરા

કાંકરેજ તાલુકામાં આવેલ ભયંકર પૂરમાં કાંકરેજ તાલુકાના નદીકાંઠાના ગામો વધુ પ્રભાવિત થયા હતા તેવા નાના જામપુર, ટોટાણા, રૂણી, ખારીયા, મોટા જામપુર, ઓઢા, ભદ્રેવાડી, સુદ્રોસણા, સોહનપુર પટણી ઓઢા, રાઠોડવારા, આંબધુન જેવા પ્રભાવિત ગામોના બાળકો માટે ગાંધીનગર ખાતે મામલતદાર તરીકે ફરજ બજાવતા ને શિક્ષણ પ્રેમી અમરતભાઈ આલ દ્વારા બાળકો માટે ૬ હજાર કીટો લાવી બાળકોને આપવાનો કાર્યક્રમ નાના જામપુર ગામે યોજાઈ ગયો.

આ પ્રસગે બનાસકાંઠા જિલ્લા ભાજપ મહામંત્રી ભારતસિંહ ભટેસરીયાએ બાળકોને કઠણ પરિસ્થિતિમાં પણ ભણી આગળ વધશો તેવી શીખામણ આપેલ, થરા માર્કેટમાંના ચેરમેન અણદાભાઈ પટેલે બાળકોને શિક્ષણ થકી સારૂ કાર્ય કરવા માટે જણાવેલ. કાંકરેજ

અનુસંધાન પાના નં.૬

તદ્દન મફત... તદ્દન મફત... તદ્દન મફત...
નેત્રયજ્ઞ
(આંખની ચકાસણી તથા ઓપરેશન કેમ્પ)
સેવાધામ માનવ સેવા ટ્રસ્ટ, રૈયા
આપનું હાર્દિક સ્વાગત કરે છે.
-: ચકાસણી કેમ્પ :-
તા.૧૬-૦૯-૨૦૧૭ થી ૧૭-૦૯-૨૦૧૭
સમય : સવારે ૯.૩૦ થી ૧૩.૩૦, બપોરે : ૩.૦૦ થી ૫.૦૦ કલાકે
સ્થળ : પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, રૈયા, તા.દિયોદર, જિ.બ.કાં.
નોંધ : માત્ર આંખના મોતિયાની ચકાસણી તથા ઓપરેશન કરવામાં આવે છે.
પૂછપરછ : સંજય ઓઝા - ૯૪૨૬૪ ૭૭૫૨૧, કનક ઓઝા - ૯૪૨૬૩ ૨૯૩૪૦